ભક્તકવિશ્રી

ગોવિંદસ્વામી

જશવંત મહેતા

પ્રવીણ પુસ્તક ભંડાર
લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

BHAKTA-KAVISHRI GOVINDSWAMI
By : Jashvant Mehta
Published by : Pravin Prakashan Pvt. Ltd., Rajkot - 360 001

પ્રકાશક :
પ્રવીણચંદ્ર એમ. પટેલ
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.,
લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે,
ઢેબર રોડ, રાજકોટ.
ફોન : 232460 / 234602

© લેખકના

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૮

કિંમત : રૂા. ૪૦

મુદ્રક :
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
વેરાવળ (શાપર),
જિલ્લો : રાજકોટ.
ફોન : (028275) 2764 / 2967

ભક્તિનું, સૌંદર્ય
અને
સૌંદર્યની ભક્તિ
જેમાં
સ્થાનસ્થ છે
તેવા
તત્ત્વચિંતક મિત્ર
શ્રી હરિભાઈ કોઠારીને
સપ્રેમ - સાદર

- જશવંત મહેતા

આભારી છું...

શ્રીવલ્લભકૃપાનો - જેની પ્રેરણા - સાંનિધ્ય અને સતત વિચારપ્રવાહનું દાન કરી...સર્જનનું નિર્માણ કરાવ્યું.

શ્રીવલ્લભકુળના વંશજ આચાર્યોનો - જેમના માર્ગદર્શનનો લાભ સર્જનકાર્યમાં મળતો રહ્યો.

'અષ્ટસખા' ભક્તકવિઓના આઠ પુસ્તકોની સંપૂર્ણ હસ્તપ્રતો તેનું પ્રૂફરીડીંગ અત્યંત કાળજીપૂર્વક અને ભાવપૂર્વક ખૂબજ નિષ્ઠાથી પ્રોફેસર શ્રી નટુભાઈ રાજપરાએ આ કાર્ય કરેલ છે તે બદલ હું તેનો અત્યંત આભારી છું.

વિદ્વાન પ્રાધ્યાપકો, ચિંતકો, વૈષ્ણવભક્તો, પૂર્વસૂરિઓ, સંદર્ભગ્રંથોની પ્રાપ્તિ શક્ય બનાવનારા મિત્રો, કુટુંબીજનો અને પ્રોત્સાહિત કરતા વાચકમિત્રો તેમજ ગ્રંથપ્રકાશનનો ભાર વહન કરતા પ્રકાશક નહીં, મિત્ર ગોપાલભાઈ/પ્રવીણભાઈ અને સાથીઓનો.

- અને બાકીના સર્વનો

- જશવંત મહેતા

આઉ મેરે ગોવિંદ - ગોકુલ ચંદા

“અષ્ટછાપ” સાહિત્યનાં પદોની રચનાના અધ્યયન પછી એક વાત ખાસ લક્ષમાં આવે છે, અને તે છે પદોમાં પ્રગટતી ભાવાભિવ્યક્તિ. અષ્ટછાપ કવિઓ કવિ હોવા ઉપરાંત ભારતીય સંગીતપરંપરાના, રાગરાગિણીના, તાલ, લય અને સ્વરના ઊંડા અભ્યાસી હતા - જ્ઞાતા હતા. પરિણામે એમની રચનાઓ સાંગોપાંગ ગીતસંગીતના સાયુજ્ય સાથે જ અવતરતી અને શ્રીનાથજીના મંદિરમાં સમા-સમાનાં દર્શન વખતે કીર્તનસેવાના રૂપે પ્રગટ થતી. આ પદો અને સંગીતની ઉચ્ચતમ કક્ષા એટલી ઊંચાઈ પર હતી કે આજે પાંચસો વર્ષ પછી પણ “હવેલી સંગીત”ના સ્વરૂપે પુષ્ટિસંપ્રદાયની હવેલીઓમાં સમા-સમાનાં થતાં દર્શનમાં આજના પંડિત જસરાજ જેવા સંગીતકારો એ ચિરંતન રચનાઓ ગાઈને એમના ઇષ્ટદેવ શ્રીકૃષ્ણને આનંદમાં રાખે છે. શબ્દની અમરતા જોવી હોય તો “અષ્ટસખા”નાં માતબર પદોનો રસથાળ આજે પણ એની મધુરતા, પૌષ્ટિકતા ગુમાવ્યા વગરનો આપણી સમક્ષ હાજર છે. અલબત્ત, પ્રત્યેક સમર્થ કવિનાં પદોમાં હંમેશાં મૌલિક આત્મીયતા રહેલી છે એવું શક્ય બનતું હોય તેવું નથી. કવિની પ્રત્યેક નવસર્જિત કૃતિ એના સામર્થ્યને કસોટીની એરણે ચડાવીને જ ભાવકસમાજ પાસે આવતી હોય છે અને એનું આયુષ્ય પણ એ કસોટી પર જ નિર્ભર હોય છે.

ભરતપુર પાસેના આંતરી ગામે જન્મેલા ગોવિંદસ્વામી એક મોટા ગજાના ભક્તકવિ અને સંગીતશાસ્ત્રના નિષ્ણાત એવા સમર્થ કલાકાર હતા. જન્મસ્થળ આંતરી અને જન્મ સંવત ૧૫૬૨માં. શૈશવથી જ પદો રચવાની - પ્રાકૃતિક સૌંદર્યથી લચી પડેલાં વનાંચલોમાં ભટકવાની એક ટેવ ગોવિંદસ્વામીને પડી ગયેલી. પદો રચતા, ગાતા ગોવિંદસ્વામીના ભાવકોની સંખ્યાની સાથેસાથે શિષ્યોની સંખ્યા પણ વધવા માંડી...અને આંતરી ગામનો ગોવિંદો ગોવિંદસ્વામી બને છે. વિપ્રયોગનો સાત્ત્વિક “જીવ” સર્જન કરતાં સાધના અને ટોળા કરતાં એકાંતનો માણસ હતો. “સ્વામી”પદના ભાર અને શિષ્યોના ધસારે એક સવારે શ્રી ઠાકોરજીની લીલા સમજવા અને માણવા - એમની સંગીત અને કવિતા પ્રત્યેની ધૂન સાથે...ગામ છોડી વ્રજમાં - મહાવનમાં આવી વસ્યો...એમનાં પદોની સુવાસ શ્રીગુસાંઈજી સુધી પહોંચી અને એક ભક્તકવિ અને એક ભક્તિસભર કલાકાર સંત શ્રીગુસાંઈજીની મુલાકાત થઈ...પ્રથમ મિલને જ “રે મન ભજશ્રી વિઠ્ઠલનાથ” થઈ ગયું. સંવત ૧૫૯૨માં શ્રી વલ્લભનંદને એમને “બ્રહ્મસંબંધ” આપી સંપ્રદાયમાં દીક્ષિત કર્યા...અને સંવત ૧૬૦૨માં શ્રીગુસાંઈજીએ “અષ્ટસખા”ની સ્થાપના કરી ત્યારે એમને એમાં સ્થાન આપ્યું.

ગોવિંદસ્વામીએ લગભગ ૬૦૦ પદો રચ્યાં હતાં એવું સંદર્ભગ્રંથોમાં નોંધાયું છે. આ બધાં જ પદો હસ્તલિખિત સ્વરૂપે અને પછી હવેલીમાં ગવાતાં અષ્ટસખાનાં પદોના ગ્રંથોમાં ગ્રંથસ્થ થયાં છે. ભરપૂર કાવ્યશક્તિ, સાથે સંગીતશાસ્ત્રના આચાર્ય એવા ગોવિંદસ્વામી પાસે તાનસેન જેવા ભારતના મહાન કલાકારે ગાયન-વાદનનું જ્ઞાન લીધેલું. તાનસેન ગોવિંદસ્વામીનાં શિષ્ય હતાં. ગોવિંદસ્વામીના કૌટુંબિક જીવન

વિષે વિશેષ માહિતી પ્રાપ્ત થતી નથી. પુષ્ટિસંપ્રદાયમાં પ્રવેશ પછી ગોવિંદસ્વામી એમની બહેન સાથે શરૂઆતમાં મહાવનમાં અને પછી પૂંછરી ગામ પાસે અપ્સરાકુંડ પાસેની કદમખંડીમાં રહેતા હતા. ગિરિરાજજીની તળેટીમાં આવેલી "ગોવિંદસ્વામી"ની "કદમખંડી" આજ પણ લીલોતરી તેમજ ફૂલઝાડથી સભર છે. ગોવિંદસ્વામીને એક દીકરી પણ હતી, જે એમને મહાવનમાં મળવા આવેલી, ત્યારે લૌકિક સંબંધોથી પર થઈ ગયેલા ગોવિંદસ્વામીએ દીકરીને બોલાવી પણ નહોતી, એવો ઉલ્લેખ મળે છે. ગોવિંદસ્વામી જ્ઞાતિએ સનાઢ્ય બ્રાહ્મણ હતા. દિવસની લીલામાં શ્રીદામા અને રાત્રીલીલાનાં ભામાસખી તરીકે પ્રસ્થાપિત એવા ગોવિંદસ્વામી વિપ્રયોગ સાત્ત્વિક સખ્યભક્તિના જીવ હતા. અને "ગ્વાલ"નાં દર્શન વખતનો કીર્તનભાર એમના પર હતો. "અષ્ટછાપ સખા"માં પ્રવેશ કરતી વખતે એમની ઉંમર ૪૦ વર્ષની હતી અને એમના જીવનકાળ દરમિયાન ૬૦૦ પદો લખ્યાં હતાં. શ્રી વલ્લભકુળના અનન્ય સેવક ગોવિંદસ્વામીએ શ્રીગુસાંઈજીના સાતેય બાળકોની વધાઈનાં પદો રચ્યાં હતાં અને એમનો લીલા - પ્રવેશનો સમય સંવત ૧૬૪૨ની આસપાસનો ગણાય છે. ગોવિંદસ્વામીનાં પદો ગ્રંથરૂપે પ્રાપ્ત નથી થયાં, પરંતુ એમનાં પદોનું સંકલન "ગોવિંદસ્વામીજી કે કીર્તન"ના નામે પ્રગટ થયું હતું, જેની પ્રતો આજે ઉપલબ્ધ નથી.

ગોવિંદસ્વામી ઉચ્ચ પ્રકારના ગાયક હતા, પરંતુ એમનાં પદો - કાવ્યરચના પરામર્શકોના હિસાબે એટલાં ઉત્તમ કોટિનાં નથી બન્યાં. આમ છતાંય કવિની નૈસર્ગિક ભાવાભિવ્યક્તિ જે-જે પદોમાં ખીલી છે, એ પદો ઉત્તમ બન્યાં છે. એમણે સ્ફુટ પદોની રચના વિશેષ કરી છે. એમના "ગોવિંદસ્વામીજી કે કીર્તન" નામક સંકલન-ગ્રંથમાં ૨૫૨ પદોનો સમાવેશ થયો છે, પરંતુ વિદ્વાનોના સતત સંશોધન પછી લગભગ ૬૦૦ પદો પ્રાપ્ત થયાં છે. એમની કાવ્યરચનામાં રાધાકૃષ્ણની શૃંગારાત્મક લીલા, સ્વરૂપાસક્તિ, બાળલીલા, દાણલીલા, માનલીલાનાં પદો વિશેષ મળે છે.

વ્રજભૂમિનું સંગીત ભારતીય સંસ્કૃતિમાં મહત્ત્વનું સ્થાન ભોગવતું રહ્યું છે. "હવેલી સંગીત"ની શ્રીગુસાંઈજીએ શરૂ કરેલી પરંપરા આજ સુધી ભારતીય સંગીતમાં વિશિષ્ટ સ્થાન ધરાવતી ચાલુ રહી છે. ધ્રુવપદ અને ધમાર રાગરાગિણીના ક્ષેત્રમાં "વ્રજ"ની દેન વિશિષ્ટ રહી છે. ભક્તિ અને કાવ્ય હૃદયની રસવૃત્તિનાં દ્યોતક છે. બન્ને હૃદયના અંતરતમ કોમળ ભાવોની રસાત્મક અભિવ્યક્તિ અને આત્મનિષ્ઠાનાં પ્રતીક બની રહ્યાં છે. ભક્તિ જો સર્વસ્વનું આત્મસમર્પણ છે, તો કાવ્ય એ સમર્પણની દિશામાં વહેતી ભાવનાનું એક રસાત્મક સ્વરૂપ છે.

અષ્ટછાપમાં ભક્તિ અને કાવ્યની આ આત્મધર્મતા, એકરૂપતાનાં દર્શન થાય છે. અષ્ટછાપ કવિઓની કવિતામાં ક્યાં કેવલ ભક્તિ છે અને ક્યાં વિશુદ્ધ કાવ્ય છે એ તારવી શકાતું નથી અથવા તો રેખા આંકી શકાતી નથી.

ગોવિંદસ્વામીનાં પદોને આ દૃષ્ટિએ પ્રતીકરૂપ લઈ શકાય તેમ છે. ગોવિંદસ્વામી ભક્તની સાથેસાથે કવિ પણ છે અને કવિની સાથેસાથે ભક્ત પણ છે. આગળપાછળ નથી. એક કદમ પર ચાલનારા બે આત્માઓ - પ્રેમ અને ભક્તિની ઉત્કૃષ્ટ ઝલકનાં "એકસ્વરૂપ વ્યક્તિ" હતા.

ગોવિંદસ્વામીનાં પદોના વર્ણન-વિષયના સંબંધમાં કહેવું હોય તો એમનાં પદોમાં પ્રભુનાં આઠેય સમાની સેવાનાં પદો તેમજ ઋતુઋતુનાં ભાવનાત્મક પદો તેમજ ઉત્સવોનાં પદો તેમણે રચ્યાં છે... આ કવિનાં પદોમાં ગાતી વખતે ભાવવિભોર દશામાં સરી પડવાની તાકાત છે. કાવ્યસાહિત્યની દૃષ્ટિએ જોઈએ તો ગોવિંદસ્વામીનાં પદો એમના મનગમતા વિષયો, એમની ઉપાસના, પ્રતીક અને રસનિરૂપણની દૃષ્ટિએ મધુર તો બને જ છે, પરંતુ વિશેષમાં સૂક્ષ્મ કોમલ અભિવ્યંજના, એમની સમર્થ વ્યાપક લોકભાષા વ્રજભાષામાં સરસ રીતે પ્રગટ થાય છે. લોકભાષાના અનેક શબ્દોના ઉપયોગ દ્વારા એમનાં પદોનું લાલિત્ય તથા શબ્દસૌંદર્ય ઊભરે છે. એમની ભાષામાં ઉર્દૂ, બુંદેલખંડી, પૂર્વી તેમજ અવધી ભાષાની છાંટ નજરે પડે છે, તો ક્યાંક સંસ્કૃત પદાવલીની સમૃદ્ધિની સુગંધ પણ અનુભવાય છે. આ ઉપરાંત ઉત્સવ તેમજ વ્રજ-પરંપરામાં પ્રચલિત એવા વિશિષ્ટ શબ્દપ્રયોગો પણ એમના કાવ્યમાં જોવા મળે છે. તેમાં લોકોક્તિ, કહેવતો ઇત્યાદિથી ભાષાનું લાલિત્ય અને સજીવતાનું પોત નીખરે છે.

ગોવિંદસ્વામીનાં પદોની રચનામાં ભાવનો ઉત્કર્ષ થતો જોવા મળે છે તથા બાહ્ય શૃંગારનો સમર્થ ચમત્કારપૂર્ણ શબ્દ અને એને અનુરૂપ અર્થપૂર્ણ અલંકારો પણ જોવા મળે છે. ઉત્પ્રેક્ષાઓ પણ એમનાં કાવ્યોમાં ઠેરઠેર નજરે પડે છે. ગોવિંદસ્વામીની કાવ્યરચનાનો આધાર ભક્તિ તથા વાત્સલ્યપ્રધાન શૃંગાર, કરુણ તેમજ શાંતરસ હોવાના કારણે એમાં આપોઆપ શબ્દોનું પ્રાસાદિક માધુર્ય સુંદર રીતે વ્યક્ત થતું રહ્યું છે.

રસ કાવ્યનો આત્મા છે, જે હૃદયને ભાવવિભોર કરતો હોય છે. ગોવિંદસ્વામીનાં કાવ્યો મુખ્યત્વે શૃંગારરસનાં છે, જેના અધિષ્ઠાતા રાસરસેશ્વર શ્રીકૃષ્ણ છે. શૃંગારના સંયોગ અને વિયોગ બન્નેનાં સરસ પદો ગોવિંદસ્વામી પાસેથી મળે છે. અને રૂપવર્ણનમાં ઉચ્ચ આધ્યાત્મિક સ્તર પર કવિનું વર્ણન-નિરૂપણ-કાર્ય બની રહ્યું છે.

ગોવિંદસ્વામીનાં પદો રસશાસ્ત્ર, અલંકારશાસ્ત્રની દૃષ્ટિએ પણ કાવ્યશાસ્ત્રના અભ્યાસી વિદ્વાનોએ તપાસવાં જરૂરી છે. ગોવિંદસ્વામી સફળ સંગીતજ્ઞ, કવિ તો હતા, પરંતુ એથી પણ વિશેષ ભક્તિસ્વરૂપ શ્રીગુસાંઈજીના અનન્ય ભક્ત હતા...અને શ્રીગુસાંઈજી દ્વારા ભાવવિભોર એવા શ્રી ગોવર્ધનનાથજીના કૃપાળુ જીવ હતા... કદમખંડીમાં ગોવિંદસ્વામીની પીઠ પર બિરાજી વનવિહાર કરતા શ્રી ગોવર્ધનનાથજીનાં દર્શન કરતાં ઘડીભર તો વિચાર આવે છે - એક કલ્પના આંખો સામે મૂર્ત બને છે કે...ગોવિંદસ્વામીની એ પીઠ પર શબ્દબ્રહ્મ સવાર થઈને વનવિહાર - કલ્પનાવિહાર - કાવ્યવિહાર કરવા નથી આવ્યો ને?

અષ્ટસખાના ગોવિંદસ્વામી માણવા જેવા કવિ છે.

'અષ્ટસખા' ભક્તકવિઓના આઠ પુસ્તકોની સંપૂર્ણ હસ્તપ્રતો તેનું પ્રૂફરીડીંગ અત્યંત કાળજીપૂર્વક અને ભાવપૂર્વક ખૂબજ નિષ્ઠાથી પ્રોફેસર શ્રી નટુભાઈ રાજપરાએ આ કાર્ય કરેલ છે તે બદલ હું તેનો અત્યંત આભારી છું.

- જશવંત મહેતા

નંદાભુવન - ૧લે માળે, બ્લોક નં. ૧૫,
બજાજ રોડ, વિલે પાર્લે (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦ ૫૬

અ-નુ-ક્ર-મ

૧. 'અબ તો કબ તો મિલોગે શ્યામ?' / ૧૧
૨. શ્રીગુસાંઈજીના શરણે / ૧૫
૩. મારા વહાલાને મળવાનું સરનામું મને તો મળી ગયું / ૨૪
૪. 'ગોવિંદસ્વામી' તો પાંચ વર્ષ પહેલાં મરી પરવાર્યા / ૩૦
૫. ગોવિંદસ્વામીના સંગીત પર તાનસેન મુગ્ધ થયા / ૩૪
૬. રાજા આશકરણજી પણ એ જ રાહે / ૪૦
૭. ભૈરવી રાગ છોવાઈ ગયો... / ૪૬
૮. 'પ્રભુ તો ભાવનાના ભૂખ્યા છે' / ૫૩
૯. કદમ ચઢિ કાન્હ બુલાવત ભૈયા / ૬૦
૧૦. 'નૃતન ગોપાલ સંગ રાધિકા બની' / ૬૮
૧૧. રમવામાં બધા સરખા... કોણ મોટા... કોણ નાના... / ૭૫
૧૨. ભક્તને આધીન ભગવાન છે... / ૮૧
૧૩. 'આપણા મુકામ તો પેલે પારના ' / ૮૭

શ્રી ગોવિંદસ્વામી

નામ : ગોવિંદસ્વામી
જ્ઞાતિ : સનાઢ્ય બ્રાહ્મણ
જન્મ-સમય-સ્થાન : સંવત ૧૫૬૨, આંતરી (ભરતપુર)
નિકુંજલીલા સંબંધી સખાનામ : શ્રીદામાસખા
નિકુંજલીલા સંબંધી સખીનામ : ભામાસખી
શરણાગતિ - સમય અને સ્થળ : સંવત ૧૫૯૨, રાજા ઠાકુરનું મંદિર,
શ્રી ગોકુલ.
દીક્ષાગુરુ : શ્રીગુસાંઈજી
ભક્તિ : વિપ્રયોગાત્મક સાત્ત્વિક સખ્યભક્તિ
સ્વરૂપાસક્તિ : શ્રી દ્વારકાધીશજી
શૃંગારાસક્તિ : ટિપારા
પ્રભુના શ્રીઅંગમાં સ્થાન : નેત્ર
શ્રી ગિરિરાજજીમાં અધિકૃત દ્વાર : કદમખંડી (ગિરિરાજજી)
પ્રભુની મુખ્યલીલામાં આસક્તિ : હિંડોળા અને આંખમિચૌલી લીલા
કીર્તનસમય : ગ્વાલ
ભાવનો મનોરથ : જલક્રીડા
લીલામાં કોનાં સહચરી : શ્રી યમુનાજી
લીલામાં રંગ-વર્ણ : કેસરી
લીલામાં કુંજ : કમલકુંજ
લીલા સંબંધી ઋતુ : વસંતઋતુ
અષ્ટછાપની સ્થાપના વખતે ઉંમર : ૪૦ વર્ષ
રચનાઓ : લગભગ ચારસો પદો
કીર્તનમાં છાપ : ગોવિંદ
અભ્યાસ, રુચિ, પ્રવીણતા વગેરે : ભરપૂર કાવ્યશક્તિ, પ્રખ્યાત ગાયક,
ગાનવિદ્યામાં આચાર્ય, તાનસેનને સંગીત
શિખવાડનાર સ્વામી
દેહાવસાન - સમય અને સ્થળ : સં. ૧૬૪૨ ફાગણ વદ-૭,
શ્રી ગિરિરાજજી
ભૂતલ પરની સ્થિતિ : ૮૦ વર્ષ
સ્મૃતિસ્થળ : કદમખંડીમાં સમાધિ.

પુષ્ટીમાર્ગીય અમારા શ્રેષ્ઠ પ્રકાશનો

બસો બાવન વૈષ્ણવોની વાર્તાઓ (ત્રણ જન્મની લીલા ભાવના સાથે)	શાંતિલાલ એમ. મહેતા	૩૦૦-૦૦
ચોર્યાસી વૈષ્ણવની વાર્તાઓ	શાંતિલાલ એમ. મહેતા	૧૨૫-૦૦
બૃહદ્ શિક્ષાપત્ર	શાંતિલાલ એમ. મહેતા	૧૫૦-૦૦
વ્રજ પરિક્રમા	શાંતિલાલ એમ. મહેતા	૧૦૦-૦૦
ચોર્યાસી બેઠકજીનું ચરિત્ર	શાંતિલાલ એમ. મહેતા	છપાય છે
મધુરાષ્ટકમ્	શાંતિલાલ એમ. મહેતા	૧૫-૦૦
સર્વોત્તમ સ્તોત્ર (સટીક)	શાંતિલાલ એમ. મહેતા	૩૩-૦૦
નિત્ય નિયમ પાઠ	શાંતિલાલ એમ. મહેતા	૧૫-૦૦
ષોડષ ગ્રંથો	શાંતિલાલ એમ. મહેતા	૨૦૦-૦૦
ભ્રમરગીત રસબોધિની	શાંતિલાલ એમ. મહેતા	૧૧૦-૦૦
બ્રહ્મસંબંધનો ગદ્યમંત્ર	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રીનાથજીનું પ્રાકટ્ય	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રીકૃષ્ણ: શરણં મમ	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રદ્ધાંજલિ (ધૂન-ભજન-કિર્તન-આરતી સંગ્રહ)	મનમોહન કૃષ્ણ	૨૫-૦૦
પુષ્ટિ સુધા બિંદુ	જયંત જી. ગાંધી	૪૫-૦૦
ભલે પ્રગટ્યા શ્રી વલ્લભદેવ	જશવંત મહેતા	૧૧૦-૦૦
વંદુ શ્રી વિઠ્ઠલવર વૃજરાય	જશવંત મહેતા	૧૧૫-૦૦
ભક્તકવિશ્રી કુંભનદાસ	જશવંત મહેતા	૫૫-૦૦
ભક્તકવિશ્રી સૂરદાસ	જશવંત મહેતા	૫૦-૦૦
ભક્તકવિશ્રી નંદદાસ	જશવંત મહેતા	૩૫-૦૦
ભક્તકવિશ્રી ચતુર્ભુજદાસ	જશવંત મહેતા	૩૦-૦૦
ભક્તકવિશ્રી છીતસ્વામી	જશવંત મહેતા	૩૦-૦૦
ભક્તકવિશ્રી ગોવિંદસ્વામી	જશવંત મહેતા	૪૦-૦૦
ભક્તકવિશ્રી પરમાનંદદાસ	જશવંત મહેતા	
ભક્તકવિશ્રી કૃષ્ણદાસ	જશવંત મહેતા	

પ્રવીણ પુસ્તક ભંડાર

લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.
ફોન : ૨૩૨૪૬૦/૨૩૪૬૦૨

૧. 'અબ તો કબ તો મિલોગે શ્યામ?'

આંતરી ગામના પાદરમાં એક વડલાની નીચેના ચોતરા પર એક યુવાન બેઠો હતો. ચોતરા સામે જ રાધાકૃષ્ણનું સરસ મંદિર હતું. સાંજનો સમય હતો. ગોધૂલિના સમયે નજીકના વનમાંથી ગાયો એના ગોવાળો સાથે ઠમકઠમક ચાલે, ગળામાં બાંધેલી ઘંટડીનો રણકાર કરતી ગામમાં પાછી ફરી રહી હતી. પશ્ચિમના આકાશમાં સૂરજ ઢળી રહ્યો હતો. મંદિરમાંથી આરતીની ઝાલરનો રણકાર ઊઠતાં યુવાનની બંધ આંખો ખૂલી ગઈ. થોડીવાર પહેલાં એનાં પદો સાંભળવા એકત્રિત થયેલા ગામના ભાવિકોએ મંદિરની ઝાલરનો રણકો સાંભળતાં જ "આરતી"નાં દર્શન કરવા મંદિર તરફ દોટ મૂકી. પશ્ચિમના આકાશમાં પ્રસરેલી ગુલાબી સંધ્યાની રંગલીલા ધીમે-ધીમે વિલીન થતી જતી હતી.

યુવાન સ્વામીના હૈયામાં અવઘોળાટ જાગ્યો હતો..

ભોળા ભટક્યા - એનાં પદો સાંભળવા આવતા લોકોના હૈયામાં પ્રભુદર્શનની - પ્રભુમિલનની કેવી આરત જામે છે કે મંદિરની ઝાલરનો રણકો સંભળાતાં - એનાં પદો સાંભળવાનું છોડીને મંદિરમાં દોડી જાય છે. યુવાન ગોવિંદાને થતું કે આ આરત - આ ઝંખના - આ મિલન પહેલાંની વિરહની પળો - રાતદિન પ્રભુના ગુણાનુવાદનાં પદો - સૂરીલા કંઠે - સંગીતના સાજ સાથે - આ વડલાના ચોતરે બેસી લલકારતો હોવા છતાં પણ પ્રભુદર્શનની ઝંખના કેમ પૂરી થતી નહોતી? ભગવાનની લીલાનાં વ્રજમંડળની ભૂમિ પરની રાતદિનની બાળલીલાનાં - કૃષ્ણલીલાનાં દર્શન એને કેમ થતાં નહોતાં? એવું તે શું એનાં પદોમાં, એની ભક્તિમાં, એની શ્રદ્ધામાં, એના વિરહમાં ઓછું પડતું હતું કે એનો કૃષ્ણકનૈયો - નટખટ નંદકિશોર - એનાથી દૂરદૂર જ રહેતો હતો: રાધાકૃષ્ણના મંદિરમાં "મૂર્તિ" બનીને બેઠો હતો. રાધા જેટલું ભાગ્ય પણ એનું નહોતું. રાધા કેવી કનૈયાના ખભે માથું ઢાળી, કૃષ્ણકનૈયાની બંસરીના સૂર બંધ લોચને માણી રહી હતી! ગોકુળ-વૃંદાવનની ગાયો પણ કેટલી ભાગ્યશાળી હતી કે કંદબના વૃક્ષ નીચે રાધાનો કૃષ્ણ - રાધા સાથે ઊભોઊભો બંસરીના સૂર લહેરાવતો ઊભો હતો, ત્યારે આ યુગલસ્વરૂપની પાછળ ગાયો ઊભી રહેતી. કદંબની ડાળે વાનરો ઝૂલતા હતા. પોપટ, મોર, બપૈયા એમના સૂરીલા કંઠથી સમગ્ર વાતાવરણમાં અનોખું ગુંજન પ્રસરાવી રહ્યા હતા...

ગોવિંદો મનમાં - માનસીમાં આ દર્શનની ઝાંખી કરતો મંદિરનાં પગથિયાં ચડી રહ્યો હતો, ત્યાં જ રાધાકૃષ્ણનાં યુગલસ્વરૂપનાં દર્શન કરી પગથિયાં ઊતરતા બે ભાવિકોની વાતચીતના શબ્દો એના કાને પડ્યા:

"ભૂમિ તો બાકી વ્રજની! એ કદમખંડીઓ, એ યમુનાકિનારો, જેના તટ પર રોજ રાતે ચન્દ્રસરોવર, સેવાકુંજ અને વૃંદાવનની ધરતી પર મહારાસ રચાય.... ગોકુલની

કુંજગલીઓમાંથી નીકળી સાંકરી ખોરમાંથી પસાર થતી ગોપીઓના માથા પરની મટુકીઓ કાનુડો ફોડતો હોય.... ચહેરા પર એ માખણના લપેડા.... ગોપીઓનો કૃત્રિમ ક્રોધ અને એ પછી રાસની રમઝટ.... વ્રજભૂમિમાં આ બધી લીલાનાં દર્શન આજના યુગમાં પણ સાચા ભક્તને થાય છે."

"વાત સાચી, પણ એ માટે જીવનો અધિકાર હોવો જોઈએ."

"અધિકાર એકલો નહીં - એ આરત હોવી જોઈએ. રાતદિન નંદનંદનની સ્મૃતિમાં - વિરહમાં કુળ, કુટુંબ, સંસાર, સગાં-વહાલાં - બધાંને ત્યજી ફક્ત કૃષ્ણમાં જ ચિત્ત ચોંટાડેલું હોય... આ સંસારની અસારતા પામી ચૂકેલો જીવ કૃષ્ણલીલાનાં દર્શનનો અધિકારી બનતો હોય છે." બીજો ભાવિક બોલી ઊઠ્યો.

ગોવિંદાના પગ પગથિયા પર જ થંભી ગયા. કપાળમાં તિલક, સફેદ રંગનું ધોતિયું, કફની અને ખભે ખેસ નાખીને મંદિરમાં દર્શન કરવા આવેલા બન્ને વૈષ્ણવોની વાતો એના અંતરમાં અજવાળાં પાથરતી હતી. એને બન્ને વૈષ્ણવજીવોની વાતોમાં રસ પડવા માંડ્યો.

"માખણચોર મુરલીધરની લીલાનાં દર્શનનો અધિકારી તો એ બને છે, પરંતુ ભગવાન સુધી - કૃષ્ણ કનૈયાના મિલનની વાટ દેખાડનારા કોઈક પથદર્શક, કોઈક ગુરુની કૃપા વગર જીવ ગમે તેટલો અધિકારી હોય, પણ ગોવિંદને મળી શકતો નથી. કબીરે નથી કહ્યું: ગુરુ ગોવિંદ દોનોં ખંડે, કિસકો લાગું પાય?"

"અને ગુરુને પાય લાગે છે ત્યારે ગોવિંદ મળે છે." બીજો ભક્ત કબીરની પંક્તિ પૂરી કરતાં બોલ્યો.

આંતરી ગામનો ગોવિંદો ગોકુલના ગોવિંદાની લીલાની વાતો સાંભળી રહ્યો હતો.

"અરે, સ્વામી..આરતી થઈ ગઈ.. હમણાં ટેરો આવી જશે. ચાલો દર્શન કરવા."

- યુવાન ગોવિંદ આંતરી ગામનો "ગોવિંદસ્વામી" હતો. જ્ઞાતિએ સનાઢ્ય બ્રાહ્મણ. શૈશવથી જ એના કંઠેથી કોયલ ટહુકતી હતી. સરસ અવાજ, સંગીતની સાત સરગમના ઊંડાણને અભ્યાસ દ્વારા પામી, એના વિસ્તારનો મોટા ગજાનો ભજનિક થઈ ગયેલો ગોવિંદો સવાર-બપોર-સાંજ આંતરસ્ફુરણાથી પ્રગટતાં સુંદર પદો - ગામને પાદર આવેલા વડલાના ચોતરે બેસી, તો ક્યારેક રાધાકૃષ્ણના મંદિરમાં બેસી, એના સૂરીલા કંઠે ગાતો. પદો સાંભળવા અનેક રસિકજનો આવતા. ગોવિંદાનાં પદોમાં શ્રીકૃષ્ણની બાળલીલાનાં પદો વિશેષ રહેતાં. રાગરાગિણીમાં એ પદોને તંબૂરના તાલે બેસાડતો. એનું સંગીતનું જ્ઞાન અગાધ હતું અને પદોમાં પણ ખૂબ જ ઉચ્ચ કોટિનો રસમય પ્રવાહ વહેવડાવતો, રોજ રચતો અને ભક્તસમુદાય આગળ ગાતો. "સાંવરેલાલ - ગોપાલ - ગિરિધર" પ્રત્યેની એની શ્રદ્ધા અનન્ય હતી. પદોની ભજનવાણી વહેવડાવતાં

એનું હૈયું આર્દ્ર થઈ જતું. આંખોમાંથી અશ્રુજલ વહેવા માંડતાં. અણુઅણુમાંથી કૃષ્ણમિલનથી આરત-વિરહ આંસુ વાટે વહેવા માંડતાં.

"અરે, બાપુ... આહીં શું ઊભા છો.. આપણો કનૈયો.. રાધા..તો ત્યાં મંદિરમાં છે.. અને તમે અહીં..." ગામમાંથી આરતીનાં દર્શન કરવા દોડી આવેલી દીકરીએ સ્તબ્ધ પિતાને હલબલાવી મૂક્યા.

"ભાઈ...ચાલો દર્શન કરવા." નાનકડી વિધવા બહેને પણ ભાઈને પડકાર્યો.

"હા..ચાલો.." ખભે તંબૂર લટકાવતો ગોવિંદો મંદિરમાં પ્રવેશ્યો..

મુરલીમનોહર શ્યામ રાધાસંગે મસ્તીથી ખડા હતા. રાધાનાં નેત્રો-મસ્તક શ્રીકૃષ્ણનાં ખભે ઢળેલાં હતાં. રાધાના ચહેરા પર સર્વસ્વ-સમર્પણનો, નિશ્ચિંતતાનો ભાવ ઝળૂંબતો હતો.

"બસ..આમ જ...આમ જ આ નટખટ નંદકિશોરના ખભે માથું ઢાળી... ભવસાગર તરી જવો જોઈએ..." ગોવિંદો મનોમન કશોક નિર્ણય કરતો બબડ્યો.

"હા, પણ... આ નંદકિશોરને જીવતો ઝાલવો ક્યાં? અહીં તો ગામના શિલ્પી હીરાએ પથ્થરમાં કંડારીને રાધા સાથે ગોઠવી દીધો છે.. પ્રાણતત્ત્વ આ મૂર્તિમાં ક્યાં છે? બસ, પ્રાણપ્રતિષ્ઠા ગામના લોકોએ કરાવી ત્યારથી રાધા અને કૃષ્ણ "ઠાડાં" થઈને ખડાં છે. આ મૂર્તિમાં ભાવ કેમ નથી જાગતો..?" - અંતરની અવઢવને મનોમન ગૂંચવતો ગોવિંદો વિચારી રહ્યો હતો.

"ભાઈ...રાધા અને કૃષ્ણ તો આજે પણ વ્રજમાં વિહાર કરે છે, રાસલીલા રમે છે, મટુકી ફોડી વ્રજબાલાનું માખણ ખાય છે અને જશોદાનો જાયો સાચા હૃદયના ભક્તનાં આરત-વિરહ અને તાપ આગળ હારીને .. તવાઈ તવાઈને શુદ્ધ થયેલા ભક્ત-હૃદયના ભક્તિના દોરમાં બંધાઈને દામોદર પણ બની જાય છે."

મંદિરનાં પગથિયાં ઊતરી, ગામનું પાદર વટાવી, વ્રજભૂમિની દિશામાં વિહાર કરી ગયેલા વૈષ્ણવોની વાતોના અંતિમ શબ્દો ગોવિંદાના કાને રણકી ઊઠ્યા...

મંદિરની ઝાલરના રણકા જેવા એ શબ્દો હૈયા સોંસરવા ઊતરી ગયા. આંખો સામે મંદિરની રાધાકૃષ્ણની મૂર્તિ ખડી થઈ ગઈ.. એની બંધ આંખો ખૂલી ગઈ હતી. અંતરમાં અવનવો પ્રકાશ પ્રસરી ચૂક્યો હતો.

"બાપુ..બાપુ..આજે તો ઘરે તમારા પચાસેક શિષ્યોનું ધાડું આવીને ઘરના ફળિયામાં બેઠું છે. તમારી પાસે રાગરાગિણી શીખવાં છે.. કેટલાક તો નવા યુવાનો પણ આવ્યા છે, જે તમારા શિષ્યો બનવા માગે છે." - દીકરી બોલી ઊઠી.

"સ્વામી".... "ગુરુ".... "શિષ્ય".. સંગીતનું જ્ઞાન આપવાનું..શિષ્યોનો જમેલો વધારવાનો..ગોવિંદાને લાગ્યું કે એના સંગીતના જ્ઞાને એને એટલો બધો આ વિસ્તારમાં પ્રખ્યાત કરી દીધો હતો કે રાતદિન શિષ્યો બનાવવામાં, એમને સંગીતનું જ્ઞાન આપવામાં જ સમય વધુ પસાર થઈ જતો હતો. આમાં એને "કનૈયા"ને યાદ કરવાનો -

પદોથી પ્રસન્ન કરવાનો - એના કંઠના કામણથી ડોલાવવાનો - એના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાનો - એની લીલાનાં દર્શન કરવાનો એની પાસે સમય ક્યાં રહેતો હતો?

"ઓ મારા ભગવાન.. મારા કૃષ્ણકનૈયા.. તારી લીલાનાં સાક્ષાત્ દર્શન.. તારો સાક્ષાત્કાર.. તારું સાંનિધ્ય ક્યારે પ્રાપ્ત થશે? આ જળોજથામાંથી મુક્તિ મેળવ્યા વગર તારું સાંનિધ્ય, તારું દર્શન, તારું રટણ શક્ય જ નથી, મારા ગોવર્ધન-ગિરિધર..."

અને ભાંગતી રાત્રે હરિનો લાડલો હરિને શોધવા હરિના ધામ - વ્રજધામ તરફ, ખભે તંબૂર નાંખી, ચોરપગલે... "ગિરિરાજધરણ પ્રભુ તુમ્હારે શરણ! ગિરિરાજધરણ પ્રભુ તુમ્હારે શરણ!" ગાતો વ્રજની ભોમકા તરફ - શ્રી ગિરિરાજજીના "પૂંછરી" ગામ તરફ - ગોકુલ પહોંચવા ચાલી નીકળ્યો...ત્યારે અંતરમાં તો...

"અબ તો કબ તો મિલોગે શ્યામ"ની જ આરત, આરઝૂ અને વિરહ હતાં.

૨. શ્રીગુસાંઈજીના શરણે

"આઉ મેરે ગોવિંદ ગોકુલ ચંદા ।
ભઇ બડી બાર ખેલત જમુના - તટ, બદન દિખાય દેહ આનંદા ॥
ગાયન કી આવનિ કી બિરિયાં, દિનગનિ - કિરન હોત અતિ મંદા ।
આએ તાત - માત છતિયાં લગે, "ગોવિંદ" પ્રભુ બ્રજ-જન સુખ કંદા ॥

નાની નાની ટેકરીઓથી ઘેરાયેલું નાનકડું ગામડું. સરસ મજાની લીલોતરીથી હૈયાને લીલુંછમ કરે, આંખોને શીતળતા અર્પે, હૃદયને સદાની શાંતિ આપે એવું ગામ.... ઘેઘૂર વન અને એ વનની અંદર ટેકરીઓ પર છૂટીછવાઈ કુટિરો.. ગાયોના છાણથી લીંપેલી મઢૂલીઓ.. મઢૂલીની બાજુમાં જ ગાયોની ગમાણ...આંબા, આંબલી, પીપળા, વડનાં વૃક્ષો, ગુલાબ, ચંપો, કેસૂડો, મોગરા અને પારિજાતનાં ફૂલોથી મઘમઘતી ક્યારીઓ, મેંદીની વાડ... સારસ્વત કલ્પના ગોકુળિયાની યાદ અપાવે એવું સ્થળ.. જોતાં જ ગોવિંદસ્વામીના હૃદયમાંથી ખળખળ વહેતાં જમુનાનાં નીર શું પદ વહેવા માંડ્યું:

"આઉ મેરે ગોવિંદ, ગોકુલ ચંદા..."

"ભાઈ...આ જ વ્રજભૂમિનું ગોકુળ કે?" ટેકરી ચડતા એક અલ્લડ આહિર ગ્વાલને ગોવિંદસ્વામીએ પૂછ્યું.

"આ તો મહાવન છે, મહાવન! જોતા નથી કેવું ઘેઘૂર વન છે!" આહિર ગ્વાલ એની ખડી બોલીએ બોલી ઊઠ્યો.

"મહાવનનો ટીંબો...." અચાનક ગોવિંદસ્વામીને યાદ આવ્યું અને હૈયે આનંદ વ્યાપી ગયો. ખભે મૂકેલા તંબૂરને હાથમાં લીધો. બંધ આંખો સાથે તંબૂરના તાર પર એમની અંગુલિઓ નાચતી કરી. એમના સમગ્ર અંગમાં - અણુઅણુમાંથી આનંદની સરવાણી ફૂટી નીકળી. હૈયું આનંદનો ઘોષ પાડતું બોલી ઊઠ્યું:

"આ જ.. આ જ મારા કૃષ્ણકનૈયાનું ગોકુળિયું ગામ.... સારસ્વત કલ્પનું ગોકુળ.. પવનોના આક્રમણોમાં ટીંબો થઈ ધરાશાયી - ખંડિયેર થયેલું ગોકુળિયું ગામ.. આ જ..."

"ભાઈ...આહીં નંદબાવાનું નંદાલય ક્યાં આવ્યું?"- એમણે આહિર-પુત્રને પૂછ્યું.

આહિરના દીકરાએ મેલાંઘેલાં વસ્ત્રોમાં સજ્જ એવા અજાણ્યા વટેમાર્ગુ સામે એક નજર કરી.. આંખોએ "અખિયાં હરિદરસનકી પ્યાસી"નો ભાવ રમતો હતો. ધૂની કવિ જેવો વટેમાર્ગુ લાગ્યો. નંદબાવા અને નંદાલય માટે પૂછતો હતો.. એ ખડખડાટ હસી પડ્યો.. ગોવિંદસ્વામી છોભીલા પડી ગયા, આહિરના છોરાને હસતો જોઈને.

"બાવા, નંદબાવા તો યુગો પહેલાં થઈ ગયા.. એમનો નંદાલય.. જુઓ પેલ્લો દૂર ટેકરી પર ટીંબો દેખાય છે ને એ એક જમાનામાં નંદાલય હતો.. અત્યારે તો ત્યાં ધૂળનાં ઢેફાં છે ઢેફાં!" અને આહિરનો છોરો.. ખભે ડાંગ મૂકતો.. એની એ જ મસ્તીમાં

મોહન નૈનન તેં નહિ ટરત ।
બિન દેખૈ તાલાવેલી સી લાગત દેખત મન જો હરત ॥
અસન બસન સૈન ન સુધિ આવે, અબ મન કછુ ન કરત ।
"ગોવિંદ" વસિ ઇમિ કહત પિયારી, સિખ દૈરી કૈસે ક આવે, ભરત ॥

આપ લલકારતો આગળ વધ્યો. ગોવિંદસ્વામી ચમક્યા.

"અરે, આ તો મારું જ પદ.. વાહ રે મારા કૃષ્ણકનૈયા.." બોલતા એક ક્ષણ અટકી, ઢાળ ઊતરતા આહિરના છોરાને હોંશમાં બૂમ પાડી:

"અરે છોરા... જરા ઠહરિયો."

આહિર છોરો ઊભો રહી ગયો. ચહેરા પર અણગમાના - કંટાળાના ભાવ ઊપસી આવ્યા.

"શું છે?"

"આ પદ તું ગાતો હતો.. તે કયા કવિનું છે?"

"છે કોઈ ગોવિંદસ્વામી. આપણને ગમ્યું..ભરતપુર તરફ રહેતો મારો એક મિત્ર મહાવનમાં આવ્યો હતો. સરસ મજાનો એનો કંઠ હતો.. બસ આ અને બીજાં આવાં અનેક પદો.. અહીં મહાવનની ટેકરીઓમાં રખડતો, તળેટીમાંથી વહેતી જમુનાના ઓવારે બેઠોબેઠો ગાયા કરે. બડો વિરહી જીવ હતો. પદો ગાતાંગાતાં આરતનો-વિરહનો એવો ભાવ એના હૈયામાંથી જાગે કે આંખોમાંથી અનર્ગળ આંસુ ઊભરાવા માંડે. મને પણ એ પદો ખૂબ જ ગમી ગયાં.. હું પણ એ પદો ગાતો રહું છું.. આ મહાવનની ટેકરીઓ પરના જંગલમાં રખડતો રહું છું... તમને પણ અમારા ગોકુલના ફકીરની જેમ આ પદોમાં રસ જાગ્યો કે શું?" - એકીશ્વાસે આહિર છોરો ઘણું-ઘણું બોલી ગયો.

ગોવિંદસ્વામી એ કિશોરની અસ્ખલિત પ્રેમધારા - અહોભાવની ધારા કેટલીય પળો સુધી માણતા રહ્યા. આહિરનો છોકરો એની વાતોમાં વળી કોઈક ગોકુલના ફકીરની પણ વાત કરી રહ્યો હતો.. ગોકુલ... ફકીર.. યાવની સંત.. અને એનાં પદો સાંભળવાના શોખીન.. એકાદ ક્ષણ પૂરતા વિચારોમાં ડૂબી ગયા.

"તો હું જાઉં... મહારાજ!"- કપાળમાં તિલક, ગળામાં તુલસીમાળા અને સાદાં વસ્ત્રોમાં શોભતા ગોવિંદસ્વામીને પેલા કિશોરે પૂછ્યું.

"ભાઈ... તું તો બહુ સારું ગાય છે ને શું? તારા કંઠમાં તો મારા વહાલાએ આખી ને આખી કોયલને મૂકી દીધી છે ને શું?" ગોવિંદસ્વામી બોલ્યા.

"અરે..તમને પદ.. મારો અવાજ ગમ્યાં?" એણે ગોવિંદસ્વામીને પૂછ્યું.

"હા..હા..છોરા... આ તું ગોકુલ કહે છે.. એ ક્યાં છે? અને આપણા પવિત્ર ધામમાં 'ફકીર' પણ રહે છે ને શું...? તું ઓળખે છે એ ફકીરને?"

“નહીં તો? રોજ સવારસાંજ અમારા ગોકુલના ગુસાંઈજીને આવાં પદો સંભળાવવા જાઉં છું ને..”

“તને ખબર છે એ પદોની અંતિમ પંક્તિમાં આવતા ‘ગોવિંદસ્વામી’ કોણ છે?” - સહજ આતુરતાભર્યા સ્વરે ગોવિંદસ્વામીએ પૂછ્યું.

“ના..રે! પણ હા બાકી..આ કોઈક સ્વામીનાં પદો ખૂબ જ સરળ, ભક્તિભાવથી ભરપૂર...સૌ કોઈ સમજી શકે એવાં પદો છે હોં બાપુ...” હૈયે આનંદનો ધોધ ઉડાડતો કિશોર બોલ્યો..

“આહિરપુત્ર... આ તું જે પદો ગાય છે.. કોઈક ગોકુલના ફકીરને સંભળાવે છે.. એ બધાં પદોનો રચયિતા - કવિ હું પોતે ‘ગોવિંદસ્વામી’ છું.. વ્રજમાં ભગવાનની લીલાનાં દર્શન કરવા આવ્યો છું...” ગોવિંદસ્વામી બોલ્યા અને હળવી હલકે બાળલીલાનું “પ્રાત સમય ઊઠિ જસોમતિ દધિ મંથન” પદ ઉપાડ્યું.

આહિર છોરાના આશ્ચર્યનો પાર ન રહ્યો. હર્ષાન્વિત થતો ગોવિંદસ્વામીને એની બન્ને બાહુમાં સમાવી દેતો.. લાગણીથી ભર્યાભર્યા સ્વરે બોલી ઊઠ્યો:

“અરે...અરે.. તમે જ ગોવિંદસ્વામી... ધન્ય ભાગ્ય ધન્ય ઘડી! સ્વામીજી! અમે થોડાક યુવાનો તમારાં પદોથી એટલા બધા પ્રભાવિત થઈ ગયા છીએ, એ પદોમાં એટલા બધા ઓતપ્રોત થઈ ગયા છીએ.. કે બસ... ગોકુલ ગામની હવેલીઓમાં, ઠકરાણીઘાટ પર બિરાજતા શ્રીગુસાંઈજીના સાંનિધ્યમાં બડી બેઠકમાં પદો સંભળાવતા રહીએ છીએ.” કહેતો આહિર છોરો ગોવિંદસ્વામીને પગે પડી ગયો.

“ભાઈ.. મને દંડવત્ ન હોય. તું તો મારા હૈયે જડાઈ ગયો છો. મારાં પદોના વાહકનું સ્થાન તો મારા અંતરમાં હોય.” કહેતા ગોવિંદસ્વામી એને ભેટી પડ્યા.

“સ્વામીજી, ચાલો હું તમને ટીંબા પાસેની મારી નાનકડી મઢૂલીમાં લઈ જાઉં..” કહેતા આહિર છોરાએ ગોવિંદસ્વામીના હાથમાં રહેલી પેટી લઈ લીધી.

“ભાઈ... આ મહાવન એ જ પુરાણું ગોકુળને?” ચાલતાં ચાલતાં ગોવિંદસ્વામીએ પ્રશ્ન કર્યો.

“આ જ ગોકુલ ગામ છે. એ નથી નવું કે નથી પુરાણું. આ જ ધરતી પર કાનુડાએ બાળલીલા કરી હતી. આ “ટીલો” કે “ટીંબો” જે કહો તે.. એ જ મૂળ નંદાલય છે. ચોર્યાસી થાંભલાનો એક જમાનાનો નંદરાયજીનો એ મહેલ હતો. આજે ત્યાં કાંઈ રહ્યું નથી. આપણાં શ્રીગુસાંઈજીએ મહાવનની તળેટીમાં જમુનાજીના તીરે હમણાં નવા ગોકુલની સ્થાપના કરી છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ અહીં યમુનાતટે બિરાજી પુષ્ટિસંપ્રદાયની સ્થાપના કરી હતી. શ્રાવણ મહિનાની એકાદશીના દિવસે શ્રીગોકુલચન્દ્રમાજીએ જમુના-કિનારે પોઢેલા શ્રી મહાપ્રભુજીને જગાડી, જગતના અબુધ, અજ્ઞાની, ભોળા, અંધશ્રદ્ધાની અટવીમાં ભૂલા પડી ભટકતા જીવોનો ઉદ્ધાર કરવા,

એમને પોતાને શરણે લાવવા - પુષ્ટિ જીવો રૂપે ઉદ્ધાર કરવા - સ્વયં પ્રગટ થઈ આજ્ઞા કરી હતી. શ્રી વલ્લભે આ જ જમુનાજીના કિનારે ઘાટ પર સૌ પ્રથમ એમની સાથે પૃથ્વી-પરિક્રમામાં વિહાર કરતાં દામોદરદાસ હરસાણીજીને 'બ્રહ્મસંબંધ'નું દાન કરી, 'અષ્ટારક્ષરમંત્ર'નો જપ કરવાની આજ્ઞા કરી, સંપ્રદાયના પહેલા વૈષ્ણવ તરીકેની દીક્ષા આપી, શ્રી ગોકુલચન્દ્રમાજી - શ્રી ગોવર્ધનનાથજીના શરણે સાદર કર્યા હતા." - આહિર છોરો બોલી ઊઠ્યો.

"ભાઈ... તારું નામ શું? મેં પણ પુષ્ટિસંપ્રદાય વિષે, એના પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્યજી વિષે ઘણું સાંભળ્યું છે. એમના આત્મજ શ્રીગુસાંઈજી પણ એક પરમ કોટિના સંત છે. તું શું એમને મારાં પદો સંભળાવે છે, ભઈલા?" - ગોવિંદસ્વામી બોલી ઊઠ્યા.

"સ્વામીજી, મારું નામ શ્રીરંગ, પણ બધા મને રંગીલો કહે છે. આપ મારી ઝૂંપડીએ પધારો. મારા પિતાશ્રી આપને આ મહાવન, પેલી રમણરેતી કે જ્યાં આજ પણ મારો રાસ-રાસેશ્વર કૃષ્ણ રાધા અને ગોપીઓ સાથે રાસ રમે છે.. પેલું દૂર દેખાય છે ને એ છે પરાસોલી-ચન્દ્રસરોવર... જ્યાંથી તમારા જેવા જ ભક્તકવિ.. હવે તો ઉંમરમાં ખૂબ જ વૃદ્ધ થઈ ગયા છે એ સૂરદાસજી એમનાં પદોની સરવાણી વહાવે છે.. અને એની બાજુમાં પેલાં હિલોળા લેતાં ખેતરો છે ને.. એ જમુનાવતા.. ત્યાં એક એવા જ બીજા ભક્તકવિ કુંભનદાસજી રહે છે." રંગીલો ઉત્સાહમાં આવી ગોકુલનો અને આજુબાજુના પ્રદેશોનો પરિચય આપતો બોલી રહ્યો હતો..

ઓહ! સૂરદાસ.. સ્યામ ભયે રાધા રસ ઐસે' અને 'ખંજન નૈન રસ રૂપ માતે' જેવાં પદોના રચનારા.. કૃષ્ણ કનૈયાની સાથે ખેલતા.. વ્રજભાષાના વ્યાસ અને વાલ્મીકિ.. તો એવા જ બીજા કવિ કુંભનદાસ.. અકબર બાદશાહને એના દરબારમાં જઈ 'ભક્તન કો કહાં સીકરી સે કામ'નું ખુમારીવાળું પદ સંભળાવી, એને ક્યારેય દરબારમાં બોલાવી, એના શ્રી ગોવર્ધનનાથજીથી વિખૂટા ન પાડવાની વાત કહી આવ્યા હતા... આવા વ્રજભક્તો - વ્રજની રેણુમાં ભક્તિકાવ્યની એક અનોખી લિપિઓ પાડતા કવિ-દિગ્ગજોની સાથે બેસી, ઈશ્વરસ્મરણ કરી નાખવાનો નિર્ણય મનોમન લેતાં ગોવિંદસ્વામી બોલી ઊઠ્યા:

"રંગીલા, તારી કુટિર પાસે જ મને એક કુટિર બાંધી આપજે... રાતદિવસ મારા કાનુડાનું - મુરલી મનોહરનું ધ્યાન ધરતો, પદો રચી, એના ગુણાનુવાદ કરતો...ભગવાનને એની લીલાનાં દર્શન કરાવવાની વિનંતી કરતો પડ્યો રહીશ." ગોવિંદસ્વામી બોલી ઊઠ્યા.

રંગીલો ગોવિંદસ્વામીને મહાવનની ટેકરી પરના ઘેઘૂર વનમાં બાંધેલી એની કુટિરમાં લઈ ગયો. હોંશભેર એણે એના વૃદ્ધ પિતાને ગોવિંદસ્વામીનો પરિચય કરાવતાં કહ્યું:

"બાપુજી, આજ તો આપણે આંગણે મોટા સંતકવિ પધાર્યા છે. ભરતપુર બાજુના ગામડેથી વ્રજપરિક્રમા કરવા નીકળ્યા હતા. પરંતુ, બાપુજી, આ વ્રજભૂમિનાં કામણ જ એવાં છે કે કાનુડાનો સાચો ભક્ત હોય ને.. એ તો બસ અહીં જ જામી જાય. આપણા આ સંત ગોવિંદસ્વામી પણ હવે મહાવનમાં આપણી બાજુમાં જ રહેવાના છે. બાપુજી, આ ગઈકાલે જ કદંબના વૃક્ષ નીચે બાંધેલી કુટિરમાં એ રહેશે, પદો રચશે અને પદો સંભળાવશે."

- રંગીલો તો હોંશભર્યો બોલ્યે જ જાત, પરંતુ એના પિતાને કશુંક યાદ આવતાં "તમે..તમે ભરતપુર પાસેના આંતરી ગામના ગોવિંદસ્વામી તો નહીં? અમે તો તમારાં સંગીતસભર પદો ગાઈ-ગાઈને અમારા વ્હાલા ગોવર્ધનધરને, અમારા વ્હાલા શ્રીવલ્લભને અને એમના આત્મજ વિઠ્ઠલનાથજી શ્રીગુસાંઈજીને પ્રસન્ન કરતા હોઈએ છીએ. આપનાં દર્શન થતાં જીવ કૃતાર્થ થયો!" વૃદ્ધ આહિર બોલી ઊઠ્યો.

"અરે, આવું શું બોલો છો, વડીલ.. હું તો તમારો દીકરો છું, રંગીલા જેવો જ.. તમારી છાયામાં મારા વ્હાલાની સેવા કરીશ, રાજી કરીશ.."

- અને મહાવનના "ટીંબા" પાસે ગોવિંદસ્વામીએ "અઠે દ્વારકા" કર્યું... મહાવન, નવા ગોકુલ અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં એમના આગમનની જાણ થતાં..એમનાં પદોના અનેક પ્રેમી વ્રજવાસીઓ એમની ઝૂંપડી પર પહોંચી ગયા...ફરી એક વખત પદોની રમઝટ સંગીતના તાલે થવા માંડી...

"અમને સંગીત શીખવો...."

"અમને રાગરાગિણીના ભાવ સમજાવો...."

"અમને પદરચનાની પદ્ધતિનું જ્ઞાન આપો....."

"અમારાં પદો તમે જોઈ માર્ગદર્શન આપો."

માગણીઓની હેલી વરસવા માંડી. નિતનવાં પદો રચાવા માંડ્યાં..પરિસ્થિતિ એ સર્જાઈ કે બિચારા ગોવિંદસ્વામી - એમને અહીં આવ્યે દસપંદર દિવસ થઈ ગયા છતાંય એમની કુટિર છોડી નીચે યમુનાપાન કરવા નહોતા જઈ શકતા. રાતદિવસ તંબૂરના તારે પદોને છેડતા, સંગીતપ્રેમીઓને સૂર, સ્વર, તાલ, લય અને રાગરાગિણીની શિક્ષા આપવામાંથી ઊંચા આવતા નહોતા.

આ બાજુ રંગીલો એના સાથી ગ્વાલો સાથે ખભે ડાંગ રાખી ગોકુલની ગલીની ગોપીઓને ગોવિંદસ્વામીનાં પદો સંભળાવતો - સંભળાવતો ઠકુરાણીઘાટ પર સંધ્યાવદન કરતા શ્રીગુસાંઈજી પાસે પહોંચી, એમને પણ પદો સંભળાવતાં શ્રીગુંસાઈજી પ્રસન્ન ચિત્તે એ પદો સાંભળતા.

ગોવિંદસ્વામીના હૃદયમાંથી પદોની સરવાણી વહ્યે જતી હતી, પરંતુ અંતરના છાને ખૂણે એક સતત વિરહવેદના વહ્યા કરતી હતી.

"શ્રીઠાકુરજીની સાક્ષાત્ લીલાનું સ્વરૂપ કેવી રીતે સમજાય? લીલાનો સાક્ષાત્કાર

ક્યારે થાય? લીલાનાયક કૃષ્ણ કનૈયાની ઝાંખી ક્યારે થાય? એની લીલાનો પાર કેમ પમાય?" મનમાં સતત અવધોળાટ સર્જાયા કરતો હતો.

એક સાંજે હરિકીર્તન કરી, કુટિરમાં પ્રવેશતા હતા ત્યાં જ રંગીલાના પિતાને એમણે જોયા. એમની પાછળપાછળ એ પણ ગોવિંદસ્વામીની કુટિરમાં પ્રવેશી રહ્યા હતા.

"સ્વામીજી.. દંડવત્..પાય લાગું છું."

"અરે..અરે, વડીલ, તમે મને દંડવત્ કરી શરમાવો નહીં." કહેતાં ગોવિંદસ્વામીએ એમને નીચે નમતા અટકાવી એમના હાથ પકડી લીધા.

"સ્વામીજી, આજે તમે 'હમૈં બ્રજ લાડિલે સૌં કાજ' પદ ગાતા ગાતા આટલા બધા વિહ્વળ કેમ થઈ ગયા હતા? તમારી આંખોમાંથી અશ્રુધારા કેમ વહેવા માંડી હતી?" વૃડીલ વ્રજવાસીએ પૂછ્યું.

"શું કહું તમને.. રાતદિવસ ઠાકોરજીમાં ચિત્ત રાખી એમની લીલાનાં પદો હું ગાઉં છું.. સેવામાં તન અને મન બન્ને પરોવું છું.. આમ છતાં આપણો સાંવરેલાલ કૃપા કરી નથી દર્શન આપતો, નથી લીલાનો સાક્ષાત્કાર કરાવતો... આ દુષ્ટ જીવને શરણે પણ લેતો નથી. જનમોજનમનાં એવાં તે કેટલાં પાપ - કેટલાં કર્મો કર્યાં હશે.. તે એનો ક્ષય જ થતો નથી.. ને મારો વ્હાલો મને દર્શને દેતો નથી.." - ગોવિંદસ્વામી હૈયાની વિરહવેદના હોઠે આવી ગઈ.. આંખોમાંથી ફરી અશ્રુધોધ વહેવા માંડ્યો.

"એક વાત કહું, સ્વામીજી!" ગંભીર વદને વૃદ્ધ આહિર બોલી ઊઠ્યો.

"કહો."

"લખચોરાસીના ફેરામાંથી કર્મો ખપાવતો-ખપાવતો આ જીવ ભગવાનની કૃપાથી જ મનુષ્યયોનિમાં પ્રવેશ્યો છે.. અને આ જ એ અવસ્થા છે જેમાં ભગવાનને યાદ કરી, ભક્તિનો નાદ હૈયામાં ગુંજવી એ ઈશ્વરનો સાક્ષાત્કાર પામી શકે છે. અને એ માટે ભક્તિ દ્વારા, ભજન દ્વારા, ભાવ દ્વારા એના હૈયાને વિશુદ્ધ બનાવતો એ પ્રભુની લીલાનો પ્રસાદ પ્રભુની કૃપા થાય તો માણી શકે છે.. અને ભગવાને એક વખત એને "લીલા"ના "જીવ" તરીકે એના હૈયે સ્થાપ્યો કે તરત જ એનો ઉદ્ધાર થઈ જવાનો. સ્વામીજી, તમારી સાધના સાચી, તમારું તપ અને કીર્તન પણ સાચાં, પરંતુ આ "જીવ"ને પ્રભુની નિકટ પહોંચાડવાનું કાર્ય તો કોઈક ઓલિયા જીવ - સદ્‌ગુરુ.. ભક્ત જ કરી શકે.. તમે આટલા વખતથી મહાવનમાં વસો છો તો.. અમારા પરમ કૃપાળુ એવા શ્રીગુસાંઈજીને દંડવત્ કરવા કેમ જતા નથી? રંગીલો કહેતો હતો કે એ તો દૈવી જીવ છે. શ્રી વિઠ્ઠલનાથજીનું નામ સાર્થક કરતા અવતાર-સ્વરૂપ જ આપણા શ્રીગુસાંઈજી છે. આપણે એમનાં દર્શને જઈએ."

"જરૂર, વડીલ, મારાં પદોને પ્રેમથી સાંભળતા એ ગોસ્વામીનાં દર્શન તો મારે કરવાં જ છે.. બોલો, ક્યારે જશું? આજે, અત્યારે..." કહેતાં ગોવિંદસ્વામી અટકી ગયા.

'મહાવન'ના ગાઢ અરણ્યમાંથી રંગીલો એની મસ્તીમાં એનું જ પદ ગાતો આવતો દેખાયો.

"સ્વામીજી, આવતી કાલે વહેલી સવારે તમારે શ્રી વિઠ્ઠલનાથજીનાં દર્શન કરવા આવવું છે? પછી એ ગિરિરાજજી પધારવાના છે." રંગીલો બોલ્યો.

"જરૂર જઈશું.. મને વહેલો ઉઠાડજે, રંગીલા!" - ગોવિંદસ્વામી રંગીલાના પિતા સામે સૂચક નજરે જોઈ રહ્યા.

આખી રાત ગોવિંદસ્વામીને ઊંઘ ન આવી. હૈયામાંથી એક જ થડકો ઊઠતો હતો:

"આ ગોસ્વામી કેવા હશે? પ્રેમાળ હશે કે પછી.." એ આગળ વિચારી શકતા નહોતા.

"સ્વામીજી, જયશ્રીકૃષ્ણ...ચાલો પ્રભાત થઈ ગયું... જવું છે ને શ્રીગુસાંઈજી પાસે.." ગોવિંદસ્વામી અટકી ગયા.

"સ્વામીજી... તમે ચાલો તો ખરા...તમારાં બધાં 'પાપો'નો અંત એમની ઝાંખી થતાં જ આવી જશે."

ગોવિંદસ્વામી તૈયાર થઈ રંગીલા સાથે જમુનાતટ પર વલ્લભઘાટ પર 'સંધ્યાવંદન' કરતા સમાધિસ્થ શ્રીગુસાંઈજીનાં દર્શન કરવા નીકળ્યા અને....

શાંત મુખમુદ્રા, ચહેરા પર ઝળહળતું અનોખું તેજ. ગોળમટોળ ચહેરો...સૂરદાસ, કુંભનદાસ, ઇત્યાદિ ભક્તકવિઓ વલ્લભઘાટની પાળે શ્રી ગુસાંઈજી સામે બેઠા હતા.

"ગોવિંદસ્વામી, ક્યારે આવ્યા?" શ્રી વલ્લભનંદને આંખો ખોલી ગોવિંદસ્વામી પર નજર સ્થિર કરતાં પૂછ્યું. ગોવિંદસ્વામીને આશ્ચર્ય થયું. એક નજર રંગીલા પર નાખી. એક ક્ષણ માટે હૈયું વિષાદમય બની ગયું. એક ક્ષણ માટે તો અસ્સલ કર્મકાંડી બ્રાહ્મણ જેવા લાગતા.... ધોતી, ઉપરણો અને હાથમાં ગૌમુખીમાં રહેલી માળા ફેરવતા શ્રીગુસાંઈજી માટેનું એ જે કલ્પનાચિત્ર હતું તે અસ્તવ્યસ્ત થઈ ગયું.....

"આવા કર્મકાંડી બ્રાહ્મણો તો કેટલાય આખા ભારતમાં ફર્યા કરતા હોય છે. થોડાક ચેલાઓ મૂંડી, અગાઉથી માહિતી મેળવી, 'ગોવિંદસ્વામી' ક્યારે આવ્યા?' કહી... એની પહેચાન ન હોવા છતાં નામથી બોલાવી, એને એના 'ઘેટાશિષ્યો'ના ટોળામાં ભેળવી દેવાના..આજના કળિકાળમાં આવું તો બનતું જ હોય છે." એમ માની ગોવિંદસ્વામી મનોમન બબડી પણ ઊઠ્યા...

"આવા કર્મકાંડી બ્રાહ્મણ શું મને ઠાકોરજીની લીલા વિષે જ્ઞાન આપવાના - સમજાવવાના?"

"મહારાજ, હમણાં જ આવ્યો..." ગોવિંદસ્વામી બોલ્યા.

"હમણાં નહીં... તમે તો... વર્ષોથી આ જગત પર આવ્યા છો... હું તમને જ

યાદ કરતો હતો, શોધતો હતો." શ્રીગુસાંઈજી એમની કરુણાસભર દૃષ્ટિ એમના પર સ્થિર કરતાં બોલ્યા.

"મહારાજ, આપે તો મને કોઈ દિવસ જોયો પણ નથી.. અને તમે કહો છો - તમે મને શોધતા હતા?"

"ગોવિંદસ્વામી, તમે રાજભોગનાં દર્શન કરીને આવો. તમને તમારા પ્રશ્નનો ઉત્તર મળી જશે." - શ્રીગુસાંઈજી બોલ્યા.. ગોવિંદસ્વામી આશ્ચર્યભરી નજરે એમની સામે જોઈ રહ્યા. એ મંદમંદ હસતા હતા.

"જેવી આજ્ઞા." કહેતાં ગોવિંદસ્વામી રાજભોગનાં દર્શન કરવા મંદિરમાં પ્રવેશ્યા.... અને એમના સમગ્ર તનમાં વિદ્યુતની ઝણઝણાટી પ્રસરી ગઈ.. એમની આંખો ચકાચોંધ થઈ ગઈ.. બાળસ્વરૂપ કનૈયો.. જશોદામૈયાના ખોળામાં તોફાનમસ્તી કરતો હતો, તો બીજી જ ક્ષણે પારણામાં ઝૂલતો હતો અને મંદિરની બહાર બેઠકમાં બેઠેલા શ્રીગુસાંઈજી એમના આશ્ચર્ય વચ્ચે બાળ કાનુડાને પ્રેમથી - પ્રસન્ન ચહેરે ઝુલાવતા હતા. આને ચમત્કાર ગણવો કે પછી શ્રીગુસાંઈજીનાં દર્શન પછી વર્ષોથી જે બાળલીલાના દર્શનની ઝંખના હતી, વિરહ હતો, તાપ હતો એની પૂર્ણાહુતિ ઠાકોરજીની બાળલીલાનાં સાક્ષાત્ દર્શન થતાં જ ગોવિંદસ્વામીના હૈયામાંથી બધા જ તાપ શમી ગયા. મન નિર્મળ બની ગયું. આંખો પરનાં અજ્ઞાન, શંકા, અહંનાં બધાં જ પડળો ખરી પડ્યાં અને સ્વચ્છ.. આંખો સામે લાલનને ઘડીકમાં પલનામાં, તો ઘડીકમાં જશોદાના ખોળામાં જોતાં એમનું હૈયુ ગદ્‌ગદિત થઈ ગયું અને હૈયામાં પ્રગટેલું પદ હોઠ વાટે વહેવા માંડ્યું:

"ઝુલો પાલને બલિ જાઉં
સ્યામ સુંદર કમલ લોચન, અતિ સુખ પાઉં..
અતિ ઉદાર બિલોકિ આનન, પીવત નાહિં સુધાઉં
ચૂટકી દૈ દૈ નચાઉ હરિ કૌ મુખ ચૂમિ ચૂમિ ડર લાઉં
રૂચિર બાલ વિનોદ તિહારે, નિકટ બૈઠિ કે ગાઉં
બિબિધિ ભાંતિ ખિલૌના લૈ લૈ, "ગોવિંદ" પ્રભુ કૌં ખિલાઉં"

ગોવિંદસ્વામીની આંખોમાં આનંદનાં અશ્રુ વહી રહ્યાં હતાં. અદ્‌ભુત દર્શન કરતાં ટેરો આવતાં ગોવિંદસ્વામી મંદિરની બહાર નીકળ્યા અને એમના આશ્ચર્ય વચ્ચે શ્રી વલ્લભનંદન - એ જ પૂર્ણ સ્વસ્થતા સાથે એમનું મરકમરક હાસ્ય વેરતા બેઠકજીમાં બેઠા હતા.

ગોવિંદસ્વામી દોડીને શ્રીગુસાંઈજીને પગે પડી ગયા. શ્રીગુસાંઈજીનાં ચરણ પકડી લીધાં અને હૃદયના ઘડામાંથી આંખો દ્વારા આંસુનો અભિષેક કેટલીય પળો સુધી કરતા રહ્યા.

"કૃપાનાથ.. આ તે આપની કેવી લીલા..! આપના ઘરે તો સાક્ષાત્ ચિદાનંદ સ્વરૂપ.. કાનુડો બિરાજે છે.. અને તમે બહાર બેસી વેદોક્ત કર્મકાંડ કરો છો? કૃપાનાથ, તમારી આ લીલા સમજાતી નથી." આર્દ્રભાવે ગોવિંદસ્વામી બોલી ઊઠ્યા.

“ગોવિંદસ્વામી... ભક્તિમાર્ગ ફલરૂપ છે અને કર્મમાર્ગ કાંટારૂપ છે. બસ, બધું એમાં જ સમજી જાઓ.. ફૂલની રક્ષા કર્યા સિવાય ફૂલમાંથી ફળ ન થાય, એમ વેદોક્ત કર્મમાર્ગ ભક્તિરૂપી ફૂલોનું રક્ષણ કરવા માટેની કાંટાની એક વાડ છે. કર્મમાર્ગની વાડ વગર ભક્તિરૂપી ફૂલનું જતન ન થાય અને જતન ન થાય તો ફૂલ ન રહે અને જ્યાં ફૂલ જ ન હોય ત્યાં ફળની અપેક્ષા જ કેમ રહે?”

“કૃપાનાથ...” કહેતા ગોવિંદસ્વામીએ ફરી એક વખત શ્રી વલ્લભનંદનના પગ પકડી લીધા... અને આંસુના અભિષેકથી ભીંજવી દીધા.

૩. મારા વહાલાને મળવાનું સરનામું મને તો મળી ગયું

"કૃપાનાથ.. આ જીવને શરણે લ્યો... ભવાટવીમાં ભટકતો-ભટકતો તમારા શરણે આવ્યો છે.. મારે મારા ગોકુળિયાના ગોપાલને પામવો છે.. આત્મસાત્ કરી ભવોભવની મારી મિલનની ભૂખ ભાંગવી છે. કૃપાનાથ! વહાલાના વિરહમાં કોને ખબર કેટલા કોટિ જન્મારા હાલ્યા ગયા હશે.. કદંબની ડાળે બેસી વેણુ વગાડતા વેણુવરની ઝાંખીની, એની લીલાનાં દર્શનની મારી આરત પૂરી કરો, કૃપાનાથ!"

શ્રીગુસાંઈજીનાં ચરણ પકડી, આંખમાંથી અશ્રુજલ વહાવતા ગોવિંદસ્વામી સ્થાન-કાળનું ભાન ભૂલી બોલી રહ્યા હતા.

"ગોવિંદસ્વામી... ઊઠો... તમે તો મારા ગોવર્ધનધરના સખા છો જ. તમે માનો છો કે તમને આપણા બાલકૃષ્ણની, આપણા નવનીતલાલ કે શ્રી ગોવર્ધનનાથની લીલાનાં દર્શન નથી થયાં, પરંતુ તમે તો મારા ગોવિંદના લાડલા ગોવિંદ જ છો. જમુના-મૈયાની ગોદમાં સ્નાન કરી, માને પ્રણામ કરી, બેઠકજીમાં આવો..." શ્રીગુસાંઈજી બોલ્યા.

ગોવિંદસ્વામી શ્રી વલ્લભનંદનને ચરણસ્પર્શ કરતા ઊભા થયા. એમણે પીઠ ફેરવીને નજર કરી તો જમુનામૈયા બે કાંઠે, પ્રસન્નચિત્તે વહી રહ્યાં હતાં. સ્વચ્છ સ્ફટિક ભૂરા જલતરંગો મંદમંદ વહેતા સમીરના સહારે ખળખળ વહ્યે જતા હતા. અધમ-ઓધારણ માની કૃપાનો પાર નહોતો. ગોવિંદસ્વામી ધીમા પગલે પગથિયાં ઊતરી રહ્યા હતા, ત્યારે જમુનામૈયાનાં જલ ઘુઘવાટા કરતાં ગોવિંદસ્વામીને - મા દીકરાને બોલાવે એવા જ હોંશભર્યા ભાવથી બોલાવતાં હોય એમ ઘાટનાં પગથિયાં ભીંજવતાં પગથિયાં ચડી રહ્યાં ન હોય.. એવો ભ્રમ એકાદ ક્ષણ માટે ગોવિંદસ્વામીને થયો. છેલ્લે પગથિયે પહોંચતાં જ ગોવિંદસ્વામીનું હૈયું જમુનામૈયાના વાત્સલ્યભાવને જોતાં જ દ્રવી ઊઠ્યું અને એમના મુખમાંથી પદ સરી પડ્યું:

શ્યામ સંગ શ્યામ, વહે રહી શ્રી યમુને
સુરત શ્રમ બિંદુતે, સિંધુ સી બહી ચલી
માનો આતુર અલી, રહી ન ભવને
કોટિ કામહિ વારોં, રૂપ નૈનન નિહારોં
લાલ ગિરિધરન, સંગ કરત રમન
હરખિ "ગોવિંદ"પ્રભુ નિરખિ ઇનકી ઔર
માનો નવ દુલહની આઇ ગવને"

ગોવિંદસ્વામીએ શ્રીયમુનાજીનાં વહેતાં જલનું આચમન કર્યું અને આરા પરથી માથે યમુનાજલનાં ત્રણ ટીપાં નાખી, શ્રીગુસાંઈજી પાસે આવીને ઊભા રહી ગયા.

“ગોવિંદસ્વામી... યમુનાસ્નાન કરી આવ્યા?”

“કૃપાનાથ... આ પામર - મળમૂત્રથી ભરેલા પાપી દેહને જમુનામૈયાનાં સ્વચ્છ, પવિત્ર જલમાં ઝબોળી હું પાપ કરી રહ્યો હોઉં, મારી જમુનામાનાં પવિત્ર જલને મલિન કરી રહ્યો હોઉં એવું લાગે છે. મારી મા તો સાક્ષાત્ શ્રીસ્વામીનીજીનું સ્વરૂપ છે, મારા ગોવર્ધનનાથની રસિકપ્રિયાનું લીલાત્મક સ્વરૂપ છે.. એનું આચમન હોય.. એને માથે ચડાવાય.. એમાં સ્નાન કરી.. એને મલિન ન કરાય.... એવું કાંઈક મારા મનમાં આ યમુનામૈયાનાં દર્શન કરતાં ઊગી નીકળે છે. બાકી, કૃપાનાથ... મારી જમુનામૈયા તો..

શ્રી યમુનાસી નાહીં કોઉ ઓર દાતા
જો ઇનકી શરણ જાત હૈ દોર કૈં
તાહિકોં તિહિ છીનુ કર સનાથા
યેહિ ગુનગાન રસખાન રસના એક
સહસ્ર રસના ક્યોં ન દઇ વિધાતા
“ગોવિંદ” પ્રભુ તન, મન, ધન વારને
સબહિં કો જીવન ઇનકે જુ હાથા.

કૃપાનાથ... મારી સમજમાં દોષ હોય તો જરૂર જણાવજો.” કહેતા ગોવિંદસ્વામી શ્રીયમુનાજીને વંદન કરતા હાથ જોડી શ્રી વિઠ્ઠલેશજી સમક્ષ ઊભા રહ્યા.

“ગોવિંદસ્વામી... તમે શ્રીયમુનાજીનું સાચું સ્વરૂપ જાણ્યું છે. તમારી ભાવના ઉચ્ચ કોટિની છે. તમે બડી બેઠકમાંના કૂવાના જલથી સ્નાન કરી અપરસમાં મારી પાસે આવો...” શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી.

ગોવિંદસ્વામી સ્નાન કરી, “અપરસ”માં શ્રીગુસાંઈજી પાસે આવ્યા. શ્રીજીબાવાને યાદ કરતાં - અંતરમાં શ્રી ગોવર્ધનનાથજીના સ્વરૂપની માનસી “ઝાંખી” કરતાં -

બૈઠે ગોવરધન ગિરિ ગોદ ।
મંડલી સખા મધ્ય બલ મોહન, ખેલત હંસત પ્રમોદ ॥
ભઇ અબાર ભૂખ જબ લાગી, ચિત્ત એ થર હી કી કોદ ।
“ગોવિંદ” તહાં છાક બૈ આયૌ પઠઇ માત જસોદ ॥

એ પદ ગાતા ગાતા શ્રીગુસાંઈજી પાસે આવીને ખડા થઈ ગયા.

શ્રીગુંસાઈજી કેટલીય ક્ષણો સુધી.. “ગિરિધર ગોપાલ”ના લાડકા, મસ્ત, બેફિકરા ગોવિંદસ્વામીને જોઈ રહ્યા. ગોવિંદસ્વામીનું આંતર જગત રસસભર, ભાવસભર અને ભક્તિસભર હતું. એમના અણુઅણુમાંથી બસ એક જ પોકાર ઊઠતો હતો: “બૈઠે ગોવરધન.. ગિરિ ગોદ..” આંખો...હૈયું અને એમનું સમસ્ત અસ્તિત્વ કૃષ્ણનામથી સતત ગુંજતું રહેતું હતું. એમના અવાજમાં વિરહ હતો, મીઠાશ સાથે દર્દ હતું... કૃષ્ણમિલનની.. લીલાની ઝાંખીની તીવ્ર ઝંખના વિરહની સાક્ષાત્ મૂર્તિ શ્રીગુસાંઈજીને

ગોવિંદસ્વામીનાં તનમાં, મનમાં, પદોના લયમાં, પંક્તિઓની સુગંધમાં દેખાઈ..

"કૃપાનાથ...!" ગોવિંદસ્વામી "અપરસ"માં સ્નાન કરીને આવેલા ધ્રૂજતા દેહે બોલ્યા.

"બોલો, ગોવિંદસ્વામી.. શેની અપેક્ષા તમે રાખી રહ્યા છો?" શ્રીગુસાંઈજીએ પ્રશ્ન કર્યો.

"કૃપાનાથ..! આપ મને શરણે લ્યો... અને હા, મારી એક વિનંતીનો આપ સ્વીકાર કરો."

"શેની વિનંતી..?"

"આપ સમક્ષ ઊભેલા માણસની 'સ્વામી' તરીકેની કોઈ જ હેસિયત નથી.. 'સ્વામી' તો આપનાં આજનાં દર્શન પછી મરી પરવાર્યા...હું તો આપનો, મારા ગોવર્ધનનાથનો દાસ છું. આપ ક્યારેય હવે પછી 'ગોવિંદસ્વામી' કહી નહીં બોલાવો એટલી મારી વિનંતી છે."

"તો.. ગોવિંદદાસ કહું...?" કહેતાં શ્રીગુસાંઈજી હસી પડ્યા.

'કૃપાનિધાન....હું આપનો દાસ બની શ્રી ગોવર્ધનનાથજી અને તમારા સાંનિધ્યમાં રહેવા આવ્યો છું... કૃપાનાથ! હવે આપના આ સેવકને 'બ્રહ્મસંબંધ'નું દાન કરો."

"ગોવિંદદાસ...તમે મને ગુરુ તરીકે સ્થાપ્યો છે, 'બ્રહ્મસંબંધ' લેવા તૈયાર થયા છો, તો ગુરુને દક્ષિણા તો આપવી પડશે." શ્રીગુસાંઈજી હસતાં-હસતાં બોલી ઊઠ્યા.

"મારું સર્વસ્વ આપનાં ચરણે ધરી દઉં છું. હવે કાંઈ બાકી રહ્યું નથી. આમ છતાં આપ માગી લ્યો.. હું હેસિયત પ્રમાણે જરૂર અર્પણ કરી દઈશ." હિંમતભેર ગોવિંદસ્વામી બોલી તો ગયા - પરંતુ બીજી જ ક્ષણે એમના તન પર નજર નાખી.. કશાં જ આભૂષણ- વીંટી, કંદોરો, માળા... કે એવું કશું જ શરીર પર હતું નહીં.. કફનીના ખીસાના "બટવા"માં પણ એવી મોટી રકમ હતી નહીં. એ મૂંઝાઈ ગયા. ચહેરા પર વિહ્‌વળતા પ્રગટ થઈ ગઈ...

"ગોવિંદદાસ...ગભરાશો નહીં.. ગુરુદક્ષિણામાં મારે દ્રવ્ય કે દાગીના જોતા નથી.. તમે મારા સાંવરેલાલ ગોવર્ધન ગિરિધારી માટે તમારો કંઠ, તમારાં પદો સમર્પિત કરી દ્યો. મારા વ્હાલા શ્રી નવનીતલાલજી, શ્રી બાલકૃષ્ણજીને તમારા કંઠે સરસ રાગરાગિણીમાં પદો ગાઈને પ્રસન્ન કરતા રહો, તો મારે મન આનાથી મોટી બીજી કોઈ ગુરુદક્ષિણા નથી... બોલો, આપશો?" શ્રીગુસાંઈજીએ પૂછ્યું.

"અરે, શ્રી વલ્લભનંદન... તમે તો મારા મનમાં હતું એ જ માગી લીધું! કૃપાનાથ...મારાં પદો... મારું સંગીતનું જ્ઞાન, મારો કંઠ - સર્વસ્વ આપનું જ છે. આપનાં ચરણારવિંદમાં સમર્પિત કરું છું. રોજ આપની આજ્ઞાનુસાર ઠાકોરજી સન્મુખ પદો ગાતો રહીશ.."

અને શ્રીગુસાંઈજીએ પ્રસન્નચિત્તે ગોવિંદસ્વામીને "બ્રહ્મસંબંધ" તેમજ અષ્ટાક્ષર-મંત્રનું દાન આપી કહ્યું:

"ગોવિંદદાસ, આજથી તમે "પુષ્ટિ"ના જીવ બન્યા. રાજભોગનાં દર્શન વખતે એક સરસ પદ એવું સંભળાવો કે જેથી મારો વ્હાલો તમારા પર, મારા પર, સકળ સંસારના જીવો પર પ્રસન્ન થઈ એની કૃપાના ખાંગા મેહ વરસાવી દે."

ગોવિંદસ્વામીના હૈયામાં આનંદ આનંદ છવાઈ ગયો. "શ્રીકૃષ્ણઃ શરણં મમ" નો મંત્ર ઉચ્ચારતાં એમનાં રૂંવાડાં ખડાં થઈ ગયા. એમને પોતાને એમનામાં કશુંક પરિવર્તન આવતું લાગ્યું.

"કૃપાનાથ, આપની આજ્ઞાનુસાર પદ રજૂ કરું છું." કહેતાં ગોવિંદસ્વામીએ તંબૂરો હાથમાં લીધો, તાર છેડ્યા...વાતાવરણમાં સંગીતની મહક પ્રસરી ગઈ. એકત્રિત થયેલા વૈષ્ણવોના કાન સરવા થઈ ગયા. ગોવિંદસ્વામીએ પદ છેડ્યું:

અબ હૌ યા ઢોટા તૈં હારી
ગોરસ લેત અટક જબકિ હંસત દેત ફિર ગારી
નિસદિન ઘર ઘર ફેરી કરત હૈ બાલક જૂથ મેંઝારી
"ગોવિંદ" બલિબલિ કહતિ, ગ્વાલિનિ યે બાતૈં કૈસે બિસારી...

ગોવિંદસ્વામીના મધુર કંઠે ગવાતા પદથી આખુંય વાતાવરણ ભક્તિરસથી છલકી ઊઠ્યું.

"વાહ, ગોવિંદદાસ, વાહ...આજસુધી તમે ક્યાં હતા? આપણા...ઠાકોરજી તમારાં પદોથી પ્રસન્નતા અનુભવી રહ્યા છે...તમારી કીર્તનસેવાનું સમર્પણ આજ ઠાકોરજીને ચરણે થયું... આજનો દિવસ ખૂબ જ આનંદનો દિવસ છે..."

શ્રીગુસાંઈજીનાં વચનામૃત સાંભળી ગોવિંદસ્વામી નાચી ઊઠ્યા..શ્રીગુસાંઈજીએ ખવાસને બોલાવી ગોવિંદસ્વામી અને એમની સાથે આવેલા રંગીલા માટે રાજભોગની પાતળ મંગાવીને પ્રસાદ લેવરાવ્યો.

"ગુરુદેવ..આ 'જીવ' તો અલ્પજ્ઞાની, સાધારણ, કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સરથી ભરેલો છે... સ્વભાવે 'તાપસી' આ જીવને આપે શરણે લઈ, ઉદ્ધાર કર્યો. પરંતુ, કૃપાનાથ.. મને કહેશો કે મારા "શ્યામળા" શ્રીગિરિધર ગોપાલનાં દર્શન... એની લીલાનાં દર્શનનો આ 'જીવ' ક્યારે અધિકારી બનશે? જિંદગીની એક 'આરત' લઈને હું આ ભવની વાટમાં હું ભટક્યા કરું છું કે મને લીલાનાં દર્શન ક્યારે થશે? મારા ગોવર્ધનનાથ મારી સાથે આંખમિચોલી ક્યારે ખેલશે? મારો અને એમની વચ્ચે "સખ્યભાવ" ક્યારે જાગશે? હું મારા શ્રીજીનો.... અને શ્રીજી મારા ક્યારે થશે?"

"ગોવિંદદાસ...તમે તમારા સ્વરૂપને જાણશો એટલે આપોઆપ બધું જ જાણતા થઈ જશો." શ્રીગુસાંઈજી બોલ્યા.

કૃપાનાથ.. મારા સ્વરૂપને તો હું જાણું છું...હું ગોવિંદદાસ સનોડિયા કુટુંબનો

આંતરી ગામનો બ્રાહ્મણ.... સ્વભાવે તામસી...સ્વાર્થના ખાબોચિયામાં, મોહના વમળમાં, અહંની અટવીમાં આથડતો એક ઇન્સાન... જેને ભક્તિનું ભાથું આપ જેવા ગુરુએ શરણે લઈ બાંધી દીધું છે." ગોવિંદસ્વામી બોલ્યા.

શ્રીગુસાંઈજી ગોવિંદસ્વામીએ આપેલા પરિચય પર હસી પડ્યા. માણસ એની જાતને - એના અંતરંગને - એના સાચા સ્વરૂપને ક્યારેય ઓળખી શક્યો નથી. અને એ અજ્ઞાનના કારણે જ સંસારનાં દુઃખોના વમળમાં ઘૂમરીઓ લેતો રહ્યો છે. ઘૂમરી લેતા વમળમાં એની કાયાને ડુબાડતો - ડુબાડતો એક દિવસ હંમેશને માટે ડૂબી જતો હોય છે. ક્યારેક જો પુણ્યશાળી 'જીવ' હોય તો વળી હૈયામાં 'કૃષ્ણ' જાગે... અને... એ 'કૃષ્ણ'ને ભક્તિનાં આભૂષણોથી સજાવતો - સજાવતો... સૂરદાસ, મીરાં, કબીર... કે શ્રી વલ્લભપ્રભુ થઈ જાય... પરંતુ આવું યુગેયુગે... ક્યારેક જ બનતું હોય છે. શ્રીગુસાંઈજી એ જાણતા હતા.. અને એટલે જ શ્રી વલ્લભે... શ્રી ગોકુલચન્દ્રમાજીની આજ્ઞા અનુસાર... અજ્ઞાની જીવોનો ઉદ્ધાર કરવાનું..."જીવ"ને એના સાચા સ્વરૂપની ઓળખ આપી... જિંદગીનો ભવસાગર પાર કરવાનું જે કાર્ય કર્યું હતું... એ જ કાર્ય અત્યારે એ કરી રહ્યા હતા... આ ક્ષણોમાં "ગોવિંદસ્વામી"ના હૈયામાં "શ્રીકૃષ્ણ" જાગ્યા હતા... અંતરમાં એ શ્રીકૃષ્ણને મળવાની તમન્ના જાગી હતી... ભક્તિનો રસ પ્રગટ્યો હતો... જિંદગીની એક નવી જ દિશા શ્રી વલ્લભનંદને... "બ્રહ્મસંબંધ"ના દાન દ્વારા ગોવિંદસ્વામીના જીવનમાં ખોલી નાખી હતી અને એના આધારે જ "સ્વરૂપજ્ઞાન"ની જાણ મેળવવાની ઉત્કંઠા જાગ્રત થઈ હતી...

"ગોવિંદદાસ... તમે તમારા સ્વરૂપનો પરિચય આપ્યો... એ ગોવિંદદાસ તમે છો જ નહીં... તમે તો 'નિત્યલીલા'ના જીવ છો - રાસલીલાના જીવ છો.... રાધારમણ સાથેની વ્રજની કદમખંડીના વિહારના જીવ છો. દિવસે સખારૂપે સારસ્વત કલ્પની નિત્યલીલાના શ્રીદામા છો અને રાત્રીલીલાનાં ભામાસખી છો... લીલામાં તમે શ્રી યમુનાજીનાં સહચરી છો.. એટલે તો શ્રી યમુનાજી પ્રત્યેનો ભક્તિભાવ થોડીવાર પહેલાં જ છલકી ઊઠ્યો હતો. તમારી ભક્તિ એ વિપ્રયોગ સાત્ત્વિક સખ્યભક્તિ છે. જ્યારે તમારો વિરહતાપ અંતિમ કોટિએ પહોંચી તમને અંદરબહારથી છિન્નભિન્ન કરી નાખશે... તમારા જીવનમાં ફક્ત શ્રીકૃષ્ણ... સાંવરેલાલ સિવાય બીજું કશું જ નહીં હોય... તાત, માત, દીકરા, દીકરી, પત્ની પ્રત્યેની લાગણીમાં પણ જ્યારે કૃષ્ણભાવની દૃષ્ટિ ખીલશે ત્યારે તમારી મનઃકામના સિદ્ધ થઈ જશે." શ્રીગુંસાઈજી બોલ્યા.

"કૃપાનાથ... પણ ક્યારે?" ગોવિંદસ્વામી વિહ્વળ સ્વરે બોલી ઊઠ્યા.

"જ્યારે "ક્યારે" એવો પ્રશ્ન પણ તમારા હૈયામાંથી ઊઠતો બંધ થઈ જશે ત્યારે તમારું હૃદય, તમારું મન, તમારું જગત કૃષ્ણમય, શ્રી ગોવર્ધનધરમય બની જશે, ત્યારે લીલાનો રાસ... તમારા હૈયાના ચોતરે જ રચાશે.. આજનો "બ્રહ્મસંબંધ" તમને કૃષ્ણ પ્રતિ લઈ જશે... કારણ કે એ કૃષ્ણ પ્રત્યે સમર્પિત થઈ ચૂક્યું છે.."

શ્રી ગુસાંઈજીને એકધ્યાને સુણતા ગોવિંદસ્વામીએ શ્રી વલ્લભનંદનને દંડવત્

કર્યા... શ્રી વિઠ્ઠલેશની વાણીએ એમના અંતરમાં જ્ઞાનનો પ્રકાશ પાથરી દીધો હતો.. દંડવત્ કરી શ્રી ગોવિંદસ્વામીએ સાથે આવેલા રંગીલાને કહ્યું:

"ચાલ રે, રંગીલા...આજ તો.. જાત ધન્ય થઈ! મારા વહાલાને મળવાનું સરનામું મને તો મળી ગયું!"

શ્રીગુસાંઈજી આરામ અર્થે મુકામે ગયા, એટલે શ્રી ગોવિંદસ્વામી એમના રાહબર રંગીલાને લઈ મહાવનના "ટીલા" પરના એમના નિવાસસ્થાન તરફ જવા નીકળ્યા ત્યારે હૈયામાંથી તો એ જ પેલું પદ ઊભરતું હતું:

પ્રીતમ પ્રીતિ હી તેં પૈયે ।
યદ્યપિ રૂપ ગુન સીલ સુધરતા,
ઇન બાતન ન રિઝૈયે ॥
સતકુલ જનમ કરમ સુભ લચ્છન
વેદ પુરાન પઢૈયે ।
ગોવિંદ બિના સ્નેહ સુવાલૌં
રસના કહાંજુ ન ચૈયે ॥

વૈષ્ણવમાં રૂપ, ગુણ, ચારિત્ર, સ્વચ્છતા બધું જ હોય, સારા કુળમાં પણ જન્મ થયો હોય, સારાં કર્મો કરતો હોય, સારાં લક્ષણ હોય, વેદપુરાણો પણ વાંચ્યાં હોય - આમ આ બધું સાચું હોવા છતાં પણ જો તે પ્રીતિથી પ્રભુની સેવા ન કરતો હોય, તો તેનું બધું એ પોપટવાણી જેવું છે, અર્થાત્ જીભનો કેવળ નાચ છે, બીજું કાંઈ નથી..

ગોવિંદસ્વામી મહાવનના ટીલે પહોંચ્યા 'ત્યારે ગોવિંદ બિના સ્નેહ સુવાલૌં' એ પંક્તિ એમના હૈયામાં ગુંજતી હતી.

૪. 'ગોવિંદસ્વામી' તો પાંચ વર્ષ પહેલાં મરી પરવાર્યા

આંતરી ગામમાં હાહાકાર થઈ ગયો.

"અરે, ગોવિંદસ્વામી ક્યાં ગયા?"

નાનકડા પરિવારમાંથી ચિંતા પ્રેરતો દીકરીના મુખેથી પ્રશ્ન ઊઠ્યો!. દીકરી વહેલી સવારે ઊઠી, ગમાણમાં ગાયને નીરણ વેરવા જતી હતી અને જોયું તો ફળિયામાં બાપુનો ખાટલો ખાલી!

"ક્યાં ગયા હશે બાપુ?"

એ ઘરના ખંડોમાં ફરી વળી. કમાડ ખોલી, શેરીમાં છેક નાકા સુધી ફરી આવી. ગામને પાદર આવેલા ગોવિંદસ્વામીના વડલા અને રાધાકૃષ્ણના મંદિર સુધી જઈ આવી, પરંતુ ક્યાંય એના પિતાનો પત્તો નહોતો..

ઘરે આવીને જોયું તો એનાં ફઈ પણ હાંફળાંફાંફળાં ભાઈને શોધી રહ્યાં હતાં. એમની આંખોમાં અજંપો હતો, અવાજમાં ચિંતા હતી.

રોજ સવારે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને ગોવિંદસ્વામી એમના મધુર કંઠે, તંબૂરના તાર ઝણઝણાવતા:

જાગો કૃષ્ણ, જસોદા બોલે, ઇહિ અવસર કોઉ સોવૈ હો ।
ગાવત ગુન ગોપાલ ગ્વાલિની, હરષિત દહી બિલોવૈ હો ॥

એ પદ ગાઈ "કાનુડા"ની સાથેસાથે કાનુડાની ધરતીનાં આબાલવૃદ્ધ સૌને જગાડતા. મહાવનની ગિરિકંદરાઓમાંથી કોયલનો કલશોર, મોરના ટહુકા, કબૂતરોનું ઘૂઘૂ... ચકલીની ચીં..ચીં અને કાબરનો કલબલાટ... એમના પદનો લય બની... તંબૂરના રણકતા તાર સાથે તાલ મિલાવતાં. પૂર્વ દિશાનું આકાશ શરમાઈને એના ગાલ પર ઊભરતી લાલીને સંતાડવા મથતું...અને ગોવિંદસ્વામી આંતરી ગામમાં હાહાકાર થઇ ગયો. ગોવિંદસ્વામી નિત્યકર્મથી પરવારી રાધાકૃષ્ણના મંદિરે દર્શન કરવા નીકળી પડતા.

"અરે, કહાનફઈ, બાપુ તો ક્યાંય નથી...રાધાકૃષ્ણ મંદિરના ઓટલે પણ જોઈ આવી... ત્યાંય કોઈએ બાપુને જોયા નથી."

"બેટા..તારા બાપુ તો કૃષ્ણને મળવા ગયા છે.. અને કૃષ્ણને મળ્યા વગર હવે પાછા નહીં આવે..." - કહાનબાઈ ભાઈનો કૃષ્ણપ્રેમ - કૃષ્ણભક્તિને જાણતાં હતાં. છેલ્લા કેટલાક સમયથી ગોવિંદસ્વામીના ચહેરા પરનો ભગવાનની લીલાના સાક્ષાત્ દર્શનનો વધી ગયેલો તલસાટ એમણે જોયો હતો. ક્યારેક મહાવનની ગિરિકંદરાના એકાંતમાં કદંબની છાયામાં બેઠો-બેઠો ભાઈ આંખોમાં આંસુ સાથે "કદમ ચઢિ કાન્હ બુલાવત ગૈયા"નું પદ ગાતો-ગાતો શ્રીકૃષ્ણને સંબોધીને "કાન્હા...આ તારી ગૈયાને

ક્યારે બોલાવીશ?" - બબડતો હોય, તો વળી ક્યારેક આંખોને ઠંડક આપતાં લીલાંછમ ખેતરોના ખૂણે આવેલા એકાદ વૃક્ષની છાંયમાં સૂનમૂન વ્રજભૂમિની દિશામાં જોતો ઊભો હોય." કહાનબાઈએ ભત્રીજીને આશ્વાસન આપ્યું:

"મારો ભાઈ...તારો બાપ...હવે આ બધા સંબંધોના અંચળા છોડીને...બેટા, હાલી નીકળ્યો છે! હવે એને શોધવાનું છોડી દે. તુંય હવે ઉંમરલાયક થઈ છો, તો તારા હારુ સારો વર શોધી..તારા પીળા હાથ કરાવી દઉં એટલે મારા જીવને નિરાંત..." અને એક દિવસ ભત્રીજીનાં લગ્ન કરી કહાનબાઈ પણ આંતરી ગામેથી વ્રજભૂમિની યાત્રાએ નીકળેલા સંઘમાં ગોકુળ પહોંચી ગયાં.

'ગોવિંદસ્વામી'એ ગામ છોડ્યાને ઠીકઠીક સમય થઈ ગયો હતો. ગોવિંદસ્વામીના શિષ્યોને ગુરુ વગર - ગુરુના જ્ઞાનનું સંપાદન કર્યા વગર ચેન પડતું નહોતું.

"આપણા ગોવિંદસ્વામી તો ગોકુલમાં પહોંચી ગયા છે..." એ સમાચાર મળતાં એક વહેલી સવારે ગોવિંદસ્વામીના કેટલાક શિષ્યો, સંગીતના રસિયા જીવો ઝાંઝપખાજ, તંબૂરના તાલે "ગિરિરાજધરણ પ્રભુ તુમ્હારે શરણ"ની ધૂન ગાતા-ગાતા મહાવન પહોંચી ગયા.

"અરે, ભાઈ...આંહીં ગોવિંદસ્વામી ક્યાં રહે છે...?" - મહાવનની કદમખંડીમાં પ્રવેશતાં જ સ્વામીજીના શિષ્યોમાંના એકે પસાર થતા એક ગ્વાલને પૂછ્યું.

"કોણ...ગોવિંદબાપુ...? એ હાલો તમને અમારા બાપુનાં દર્શન કરાવું. મારા બાપલા...શું બાકી ગોવિંદબાપુનો કંઠ! શું રાગરાગિણી પરનું એમનું પ્રભુત્વ...! શું એમની સાદગી! હાલો, મારા બાપલા, આ બાપુની ઝૂંપડી બતાવવાનું ફળ પણ તમારા જેવા વૈષ્ણવોની કાનીથી બાપુના કંઠે એકાદ સુંદર પદ રૂપે સાંભળવાનું મળશે." કહેતો ગોપાલ શિષ્યમંડળીને લઈને ટીંબે પહોંચ્યો ત્યારે સાંજની વેળા વાતાવરણમાં જામતી જતી હતી.

"આ પેલા ટીલા પાસેની ઝૂંપડી દેખાય છે ને ત્યાં અમારા ગોવિંદબાપુ ને કહાનબાઈ રહે છે." ગોપાલ બોલ્યો.

"અચ્છા, તો કહાનબાઈ...ભગવાનના ધામમાં...ભાઈની હાર્યે રહેવા આવી ગયાં છે એમ ને? ગોવિંદસ્વામીનો એક શિષ્ય બોલ્યો.

"આપણે કહાનબાઈને જ કહેશું કે ભાઈને જે કાંઈ જોતું હશે એ બધું આપણા સ્વામીજીને પોગતું કરશું, પણ એમને ગમે તેમ કરીને ગામ પાછા લાવવા છે. ગોવિંદસ્વામી જેવા ગુરુ તો આ દુનિયામાં શોધ્યા પણ ન જડે!"

ગોવિંદસ્વામીના શિષ્યો અંદરઅંદર વાતો કરતા મહાવનના ટીલા પર આવેલી ગોવિંદસ્વામીની ઝૂંપડી પાસે આવ્યા.

"અરે, ગોવિંદસ્વામી, છો કે?" ઝૂંપડીના બંધ દ્વાર આગળ ઊભા રહીને સ્વામીજીના એક શિષ્ય બોલી ઊઠ્યા.

હળવેકથી બારણું ખૂલ્યું અને આંતરી ગામના અનેક માણસોને જોઈ કહાનબાઈ તો હરખાઈ ગયાં.

“અરે, આવો...આવો વૈષ્ણવો.. પધારો આંગણે!” - કહેતાં ગામના માણસોને કહાનબાઈએ આવકાર આપ્યો.

“બહેન...અમારા સ્વામી છે તો ક્ષેમકુશળ ને?” આંતરી ગામના એક ખેડૂત જેવા ભોળા ભટાક યાત્રીએ પૂછ્યું.

“ભાઈ તો જશોદાઘાટે ગયા છે.. હમણાં જ મહારાણી-માની આરતી કરીને આવશે...બેસો...” કહાનબાઈએ વિવેક કર્યો.

“ના...ના...અમારે તો ઝટ ગોવિંદસ્વામીને મળવું છે, એટલું જ નહીં પણ અમારામાંના કેટલાકને કંઠી પણ બંધાવવી છે.. અને બહેન...તમે જો સાથ આપો તો અમારે તો આપણા ગોવિંદસ્વામીને આંતરી ગામે પાછા લઈ જવા છે. એમની વિદાયને પાંચપાંચ વર્ષ થઈ ગયાં.. આજે ગામનો ચોતરો, રાધાકૃષ્ણનું મંદિર, બધું જ વેરાન થઈ પડ્યું છે. સ્વામીજીના કંઠે ગવાતાં પદો વગર ગામ સૂમસામ લાગે છે! હાલો, ભાઈઓ, હાલો, જશોદાઘાટ જઈએ અને સ્વામીને વિનંતી કરીશું કે અમને, મહારાજ, કંઠી પહેરાવો...”

ઘરઆંગણે વાતો થતી હતી ત્યાં જ મસ્તીની અદામાં ઝૂમતા-ઝૂમતા ગોવિંદસ્વામી ઝૂંપડી પાસે આવી પહોંચ્યા.

“અરે, તમે સૌ કોણ છો? જયશ્રીકૃષ્ણ!” ગોવિંદસ્વામી બોલ્યા.

“અમે તમારા આંતરી ગામના ગ્વાલો છીએ. ભારત આખું રખડીને તમને શોધી કાઢ્યા છે, સ્વામી...અમારે તમને ગુરુપદે સ્થાપી તમારી કંઠી બાંધવી છે.”

“જુઓ, ભાઈ...તમે ખોટા ઘરે આવી પહોંચ્યા છો. ગોવિંદસ્વામી તો પાંચ વર્ષ પહેલાં મરી પરવાર્યા.”

“હોય નહીં!” યાત્રાળુઓ બોલી ઊઠ્યા.

“શું, ભાઈ, તુંય આવી કાળજે આઘાત લાગે તેવી વાત કરે છે?” કહાનબાઈ બોલી ઊઠ્યાં.

છેલ્લા કેટલાક સમયથી સંપ્રદાયનું સ્થાનિક અને ગોપાલપુરનું વાતાવરણ તંગ હતું. શ્રીગુસાંઈજી છ મહિનાની વિરહયાત્રા - પરાસોલી ગામના ચંદ્રસરોવરના તીરે કરીને ગોપાલપુર પાછા ફર્યા હતા. પુષ્ટિસંપ્રદાયના શ્રી વલ્લભકુળના આંતરિક ઝઘડાનું મૂળ આમાં હતું. ગોવિંદસ્વામી ખૂબ જ વ્યથા અનુભવતા હતા. એમના ગુરુદેવ શ્રીગુસાંઈજી સાથેની કેટલાકની વર્તણૂકે એમના દિલને સારું એવું દુ:ખ પહોંચાડ્યું હતું.

“કહાનબહેન...તું ક્યાં નથી જાણતી..મારો આ જગત સાથેનો વહેવાર! મિત્રો, આ તમારો “સ્વામી” હવે “દાસ” બનીને “સાચું સગપણ શ્રીનાથજી”નું કરીને મહાવનની અટવીમાં શ્રીજીબાવાના નામની અલખ જગાવીને બેઠો છે. એના ગુરુ શ્રીવલ્લભનંદન

શ્રીગુસાંઈજી મહારાજ છે... મેં જેની કંઠી બાંધી છે, એની કંઠી તમારે બાંધવી હોય તો કાલ સવારે મંગળાનાં દર્શનમાં તમને સૌને સન્મુખ કરું..." ગોવિંદસ્વામી બોલ્યા.

"સ્વામીજી... તમે મરી ગયા છો એમ કહીને અમને તમે છેતરી રહ્યા છો.. ભલા આમ કેમ ચાલે?"

"હું કોઈને છેતરતો નથી...મારો તો આ દુનિયામાં એક જ સગો છે - અને તે શામળિયો..."

ગોવિંદસ્વામી અને યાત્રાળુઓ વચ્ચે સારી એવી રકઝક ચાલી. ગોવિંદસ્વામીએ એમને લેવા આવેલા આંતરીવાસીઓને બીજા દિવસની સવારે મંગલાનાં દર્શન પછી શ્રીગુસાંઈજી સામે ખડા કરી દીધા.

"કૃપાનાથ...આ બધા સેવકો મારે ગામથી મને શોધતા-શોધતા અહીં સુધી આવી પહોંચ્યા છે. આપશ્રીએ આ અબુધ જીવોનો ઉદ્ધાર કરવાનો છે...આપ એમને શરણે લ્યો એવી મારી વિનંતી છે."

"ગોવિંદદાસ, આ બધા તો તમારા સેવક થવા આવ્યા છે." હસીને શ્રીગુસાંઈજી બોલ્યા.

"કૃપાનાથ! આપ જેવા સમર્થ સ્વામી માથે બિરાજતા હોય પછી...મારે આ લોકોનો વિચાર જ કરવાનો ન હોય... અને એમનો ગોવિંદસ્વામી તો પાંચ વર્ષ પહેલાં આપનું શરણ મળતાં મરી પરવાર્યો છે. મનમાં થોડોઘણો પણ "સ્વામી" હોવાનો અહં બચ્યો હશે - એ અહં પણ આજે આપ મારા આ ગામવાસીઓને બ્રહ્મસંબંધ આપી એમનો ઉદ્ધાર કરશો...સાચા અર્થમાં પરમ કૃપાળુ પરમાત્મા "ગોવિંદ"ના સેવકો કરશો, એટલે રહ્યોસહ્યો અહં પણ ઓગળી જવાનો.."

શ્રી વલ્લભનંદન ગોવિંદસ્વામીની દીનતા પર, એમના પરના દૃઢ વિશ્વાસ પર પ્રસન્ન થઈ, ગોવિંદસ્વામીના ગામના પ્રજાજનો પર કૃપા વરસાવી, "બ્રહ્મસંબંધ" અને અષ્ટાક્ષર-મંત્રનું દાન કરી, પુષ્ટિસંપ્રદાયના અનુયાયી બનાવ્યા.

૫. ગોવિંદસ્વામીના સંગીત પર તાનસેન મુગ્ધ થયા

"આલમપનાહ, આપને એક અરજ કરવાની છે."

બાદશાહ અકબરના દરબારમાં મહેફિલ જામી હતી. ખંડની મધ્યમાં ફુવારામાંથી સુગંધિત જલનો છંટકાવ થઈ રહ્યો હતો. તાનસેને એનું એક સરસ ભાવવાહી પદ થોડીવાર પહેલાં જ એના સુમધુર કંઠે ગાઈને બધાનાં હૈયાં તરબતર કરી દીધાં હતાં.

"બોલો, તાનસેનજી, શી વાત છે?"

"આપ તો જાણો છો, હર સપ્તાહ હું સંગીતજ્ઞો, રાજા-મહારાજાઓ, ધર્માચાર્યો, સંતો, ફકીરો, જે લોકો કલાને સમજે છે, કલાની કદર કરે છે અને કલાના પ્રવાહને સતત વહેતો રાખે છે એવા માણસોને મળતો હોઉં છું અને મારી કલામાં રહેલી ક્ષતિઓ એ બધા મહાનુભાવોનાં સૂચનો દ્વારા દૂર કરતો રહ્યો છું."

"હા, તાનસેન, અમે તમારી કલાપિપાસાની - તમારી નમ્રતાની - તમારી જ્ઞાન આત્મસાત્ કરવાની તિતિક્ષાને જાણીએ છીએ. તો આ વખતે કોની મુલાકાત લેવાનું વિચારો છો?"

"જહાંપનાહ, મારી કલાનો - રાગરાગિણીઓનો કસબ હું તાજેતરમાં જ ગુજરાતની ત્રીજી યાત્રા પૂરી કરીને આવેલા શ્રી વિઠ્ઠલેશજી કે જે ખુદ એક મહાન સંગીતકાર છે, કલાના મર્મજ્ઞ છે અને જેમની સેવામાં શ્રી ગોવર્ધનનાથજીને પ્રસન્ન રાખતા કુંભનદાસ, સૂરદાસ, કૃષ્ણદાસ, પરમાણંદદાસ, છીતસ્વામી, નંદદાસ, ચતુર્ભુજદાસ અને ગોવિંદસ્વામી જેવા સંગીતશાસ્ત્રના ધુરંધરો છે. એવા શ્રી વિઠ્ઠલનાથજી આગળ મારી કલા રજૂ કરી એમના આશીર્વાદ લેવાની ઇચ્છા છે. આપ જો રજા આપો તો..." તાનસેન બોલી ઊઠ્યા.

"વાહ, તાનસેન, વાહ! મારા હૈયા અને હોઠ પર રમતી વાત તમે મારી પાસેથી છીનવી લીધી, તમે રજૂ કરી દીધી. ગોકુલના એ "સાંઈ"ની, "ફકીર"ની તો વાત જ ન્યારી છે.. એ તો એક મહાન ભક્ત અને સંપ્રદાયના આચાર્ય તો છે જ, પરંતુ એમના આ તમે યાદ કરેલા અષ્ટસખાઓ પણ એટલા જ મહાન સંગીતજ્ઞો છે, કલાકારો છે. એમનું સંગીતનું જ્ઞાન અદ્ભુત છે. વળી એ બધા જ સંતોએ એમની કલા ગિરિરાજધરણ શ્રી ગોવર્ધનનાથજીને ચરણે ધરી દીધી છે. તો તમે જરૂર જાઓ. પણ એક વાત ભૂલતા નહીં....."

અકબર બોલ્યો. સૌ કોઈના કાન સરવા થઈ ગયા. "શી વાત છે, આલમપનાહ?"

"તમે ત્યાં જઈ તમારા સંગીતના જ્ઞાનનું અભિમાન પ્રદર્શિત ન કરતા. શિષ્યભાવે એ મહાનુભાવ પાસે જજો, નહીં તો મારી જેમ તમારી પણ રેવડી દાણાદાણ થઈ જશે."

“આપ જેવા દિલ્હીશ્વરની રેવડી દાણાદાણ થઈ ગઈ? હોય નહીં, આલમપનાહ!” તાનસેન બોલી ઊઠ્યા.

“હા, અમારાં બેગમ તાજબીબી શ્રી વિઠ્ઠલેશજીનાં સેવક છે. એટલે એક વખત અમે ગોકુલગામમાં એમનાં દર્શને ગયાં હતાં. જમુનાનદીમાં જલવિહાર કરતાં સારી એવી ધર્મચર્ચા પણ થઈ. અમારા મનમાં રહેલી અનેક શંકાઓનું નિવારણ એ દિવસે ગોકુલના ફકીરે કરી આપ્યું. અમે એમના પર ખુશ થઈ એમને એક મણિ ભેટ ધરતાં કહ્યું:

‘મહારાજ, આ નાચીઝની આ એક નાનકડી ભેટ સ્વીકારજો. આ એક એવો મણિ છે જે રોજ પાંચ તોલા સોનું આપે છે. આપને એ ખૂબ જ ઉપયોગમાં આવશે. કેટલાક આર્થિક વ્યવહારો સચવાઈ રહેશે.’

શ્રી વલ્લભનંદને એમના હાથમાં મણિ લઈ એની સામે જોઈ લેતાં પૂછ્યું:

‘આપ આ મણિ મને ભેટ આપો છો?’

‘હા, મહારાજ, રોજનું પાંચ તોલા સોનું આપે છે.’ અમે થોડાક ગર્વ સાથે બોલ્યા.

જવાબમાં શ્રી વિઠ્ઠલેશજી હસ્યા અને બીજી બે વખત પૂછીને એમણે મણિને જમુનાજીમાં ફેંકી દીધો.

‘અરે...અરે...બાવા.. આ શું કર્યું? રોજનું પાંચ તોલા સોનું આપતા મણિને તમે જલમાં ફેંકી દીધો?’ અમે બોલી ઊઠ્યા. મનમાં ગુસ્સો પણ આવ્યો અને થયું પણ ખરું કે આ સાંઈ કહેવા શું માગે છે! એમને આ કિંમતી હીરાની કાંઈ પડી નથી! પરંતુ શ્રી વિઠ્ઠલેશજી તો જવાબમાં ફક્ત હસતા જ રહ્યા અને અમે મનોમન ગુસ્સે થતા રહ્યા.

‘મહારાજ, આપને એ મણિ જોઈતો નહોતો તો અમને પરત કરવો હતો, પરંતુ જમુનાજીમાં ફેંકી કેમ દીધો?’ - અમે ગુસ્સામાં બોલી ઊઠ્યા.

- જવાબમાં ચહેરા પર એ જ નિર્મલ...મંદમંદ સ્મિત, આંખોમાં અમારા પ્રત્યેની એ જ કરુણાદૃષ્ટિનો ભાવ...

‘બાદશાહ...તમારે મણિ પાછો જોઈએ છે? લઈ લ્યો!’ કહેતાં એમણે એમના હાથની અંજલિ કરી યમુનાજીમાં પધરાવી, બંધ મૂઠ્ઠી બહાર કાઢી ખોલતાં કહ્યું: ‘બાદશાહ, લઈ લ્યો આમાંથી તમારો મણિ કે જે રોજનું પાંચ તોલા સોનું આપે છે.”

અને તાનસેનજી અમે તો ડઘાઈ ગયા. શ્રી વિઠ્ઠલેશની મુઠ્ઠીમાં એકએકથી ચડિયાતા, ઝળકતા અનેક મણિઓ હતા.

અમે મૂંઝાઈને એમનાં ચરણ પકડી લેતાં ગદ્ગદિત સ્વરે બોલી ઊઠ્યા:

‘મહારાજ, અવિનય બદલ ક્ષમા કરો! આપના અપરિગ્રહ-વ્રતની, ત્યાગની અને નિઃસ્પૃહતાની અનેક વાતો સાંભળી હતી, પરંતુ આજે તો એનું પ્રત્યક્ષ દર્શન થયું. આપ કૃપા કરી મારા અપરાધને ક્ષમા આપી ‘મણિ’ને સ્વીકારી લ્યો...’

જવાબમાં ખોલેલી મુઠ્ઠીને ઊંધી વાળતાં, બધા જ મણિને જમુનાજીમાં ફરી એક વાર પધરાવી દેતાં બસ આપણા 'સાંઈ' હસતા જ રહ્યા. અને એ વખતે સાથે નૌકામાં બેઠેલાં તાજબીબીના ચહેરા પર શ્રી વિઠ્ઠલેશજી પ્રત્યેની અખૂટ શ્રદ્ધાનું મંદમંદ તોફાની સ્મિત ફોરતું હતું."

"આલમપનાહ....આ ગોકુલના સાંઈ એક અદ્‌ભુત સંસારી વિરક્ત આત્મા છે. આપની આ વાતનું ધ્યાન જરૂર રાખીશ. અને આમેય હું ગમે તેવો પણ એમનો સેવક છું." અને તાનસેને ગિરિરાજજીની દિશામાં એના અશ્વ પર સવાર થઈ પ્રસ્થાન કર્યું.

ગિરિરાજજીની તળેટીમાં છોકરના વૃક્ષ નીચે ચોતરા પર શ્રી વિઠ્ઠલેજી બિરાજેલા હતા. એમનાં ચરણમાં ગોવિંદસ્વામી અન્ય સખાઓ સાથે બેઠાબેઠા...ગોવર્ધનલીલાનું પદ એમના મધુર કંઠે ગાઈ રહ્યા હતા:

હરિ સોં ટેર કહત વ્રજવાસી
ઇન્દ્ર સ્સિપાય બરખ્યો હમ પર
નેંક ન લેત ઉસાસી
તુમ બિન ઔર કૌન નંદસુત
મેંટન કો દુખરાસી
તબ ગોવિંદ પ્રભુ ગિરિવર ધાર્યો
મઘવા રહ્યો હૈ ઉદાસી...

તાનસેન એ જ સમયે શ્રી વિઠ્ઠલેશજીના સાંનિધ્યમાં આવી પહોંચ્યા. સંગીતનો રસિયો જીવ ગોવિંદસ્વામીના મધુર કંઠે શાસ્ત્રીય સંગીત પર આધારિત આ પદ સાંભળી ઝૂમી ઊઠ્યા. એમનું દિલ અને દિમાગ બન્ને ડોલી ઊઠ્યાં.

"આવો, તાનસેનજી...બાદશાહ સલામત કુશળતામાં છે ને?"

ગોવિંદસ્વામીનું પદ પૂરું થતાં, થોડેક દૂર ઊભેલા તાનસેનજીને જોતાં શ્રી વલ્લભનંદન બોલી ઊઠ્યા. તાનસેન શ્રી વિઠ્ઠલેશજીને દંડવત્ કરતો એમના ચરણ પાસે ગોવિંદસ્વામીની બાજુમાં બેસી ગયો.

"આપની કૃપાથી બાદશાહ સલામત પ્રસન્નતામાં બિરાજે છે અને આપને યાદ ફરમાવી છે."

"તાનસેનજી આપણા દેશના એક સરસ ગાયક છે, રાગરાગિણીના જાણકાર છે, અકબર બાદશાહના નવ રત્નોમાંના એક છે. એમણે એમની જિંદગી...બાદશાહ સલામત અને સંગીતને ચરણે ધરી દીધી છે." તાનસેનનો પરિચય અષ્ટસખાઓ અને એકત્રિત થયેલા વ્રજવાસીઓ અને વૈષ્ણવોને કરાવતાં શ્રી વિઠ્ઠલેશજી બોલ્યા.

"કૃપાનાથ...આ બધા કરતાં હું તો એમ કહીશ કે આપ જેવા સમર્થ કલાપ્રેમી, ખાસ કરીને ભારતમાં સંગીતશાસ્ત્રને સન્માનિત પદે સ્થાપતા સંગીતપ્રેમી કલારસિક આત્માનો સેવક છું. આપના આ અષ્ટસખા ભક્તોની પદરચનાઓ અને સંગીતના

જ્ઞાનથી - સંગીતની દુનિયામાં હવેલી સંગીતે જે સ્થાન પ્રાપ્ત કર્યું છે એ અજોડ છે અને એમને હું વંદન કરું છું." તાનસેન નમ્રભાવે બોલ્યો.

"તાનસેનજી, તમે અહીં આવ્યા જ છો તો કંઈક સરસ "ચીજ" સંભળાવો."- શ્રી વિઠ્ઠલેશજી બોલી ઊઠ્યા.

"હાં...હાં...તાનસેનજી...કંઈક સંભળાવો!" એકત્રિત વૈષ્ણવ-સમુદાય પણ બોલી ઊઠ્યો.

તાનસેનજી મનોમન રાજી થયા. એમના હૃદયની અભિલાષા પૂર્ણ કરવાની ઘડી આવી ગઈ હતી. ભારતના અજોડ સંગીતકારને એની સંગીતકલા પર નાઝ હતો...કલામર્મજ્ઞ બાદશાહ અકબર એના સંગીત પર ખુશ હતો. એણે તંબૂર હાથમાં લીધો. શ્રી વિઠ્ઠલેશજીને એનું ગાન શરૂ કરતાં પહેલાં વંદના કરી...તાનસેનજીની કોમળ આંગળીઓ તંબૂર પર રમવા મંડી, અને તાનસેનજીએ ધીમા સ્વરે એક પદ શરૂ કર્યું...અને વાતાવરણમાં વીજળી ઝબકી ગઈ હોય એમ વાતાવરણનો માહોલ બદલાઇ ગયો. એના સુમધુર કંઠમાંથી આરોહ-અવરોહના આલાપ સાથે ગીત વહેતું થતું અને ચરમ સીમાએ પદની પંક્તિ પહોંચતાં સૌ કોઈનાં શિર ઝૂમી ઊઠ્યાં..

"વાહ, તાનસેનજી, વાહ...તમે તો કમાલ કરી દીધી!" શ્રી વિઠ્ઠલેશજી બોલી ઊઠ્યા. તાનસેનના ચહેરા પર સંતોષ સાથે પ્રસન્નતાની સુરખિ છવાઈ ગઈ. એણે તંબૂર બાજુમાં મૂકી, શ્રી વિઠ્ઠલેશજીને દંડવત્ કરતાં કહ્યું:

"કૃપાનાથ, આપની કૃપાનું પરિણામ છે."

એ જ સમયે શ્રી વિઠ્ઠલેશજીએ એક સેવકને આંખોના ઇશારાથી કંઈક આજ્ઞા કરી. સેવક મંદિરમાં જઈ એક કોથળી અને નાનકડી ડબ્બી લઈ પાછો ફર્યો.

"તાનસેનજી, તમે અહીં પધારી અમને જે સંગીતનું રસપાન કરાવ્યું...એ નિમિત્તે અમારા તરફથી આ ઉપહાર સ્વીકારશો."

તાનસેનજીએ ઊભા થઈ, શ્રી વિઠ્ઠલજીને દંડવત્ કરી થેલી પ્રસન્ન ચિત્તે સ્વીકારી. અને એ હજી તો બેસવા જતા હતા, ત્યાં જ "અને આ પણ સ્વીકારશો...તાનસેનજી!"

"શું છે ડબ્બીમાં, કૃપાનાથ?"

"થેલીમાં પચીસહજાર અશરફીઓ છે અને ડબ્બીમાં એક કોડી."

"કોડી?" તાનસેનને આશ્ચર્ય થયું.

"તાનસેનજી...આપની રાગરાગિણી...કંઠ, પદ - બધું જ એક બેનમૂન કલાકારની હેસિયતનું છે. આપનું ગાન સુંદર છે.. પરંતુ અમારે મન એની કિંમત કોડીની છે. આપની ગાયકીનો ઉપહાર પચીસ હજાર અશરફી, પરંતુ એની કિંમત અમારે મન એક કોડીથી વિશેષ કાંઈ નથી." - શ્રી વિઠ્ઠલેશજી બોલી ઊઠ્યા..

"કૃપાનિધાન...આમ કેમ?" તાનસેનજી અસ્તવ્યસ્ત સ્વરે બોલી ઊઠ્યા.

"જુઓ, ભાઈ... અમે તો સંગીતના રસિયા છીએ, પરંતુ અમારાથી વિશેષ સાહિત્ય, કલા, સંગીત, સ્થાપત્ય ઇત્યાદિ બધી જ કલાના રસિયા અમારા ઠાકોરજી રાસરાસેશ્વર શ્રી ગોવર્ધનનાથજી છે...અમારે મન તો એ કલાકાર સાચો કે જે એની કલાને અમારા કલાનિધાન - રાસરાસેશ્વર શ્રી ઠાકોરજીને પોતાની કલા સમર્પિત કરે...અહીં બેઠેલા અષ્ટસખાઓએ એમનાં પદો, એમના સૂરો, એમની સંગીતકલાની આરાધના - બધું જ મારા શ્રીજીનાં ચરણમાં સમર્પી દીધું છે.. અને જ્યાં કોઈપણ સામગ્રી તમે તમારા પ્રભુ માટે સિદ્ધ કરીને સમર્પિત કરો છો, ત્યારે એનો સ્વાદ અનેરો બની જાય છે. અને એ સ્વાદ કેવો છે એનું જ્ઞાન અને ભાન અમારા આ ગોવિંદદાસ એમની એક પદરચના સંભળાવી કરાવશે. ગોવિંદદાસ, એકાદ સરસ તાજા શ્રીજીને ધરેલા ફૂલની સંગીત-મહેકનો અનુભવ આપણા તાનસેનજીને કરાવો."

"જેવી આજ્ઞા, કૃપાનાથ!" - અને ગોવિંદસ્વામીએ કશી જ તૈયારી વગર તંબૂરના તાર પર એમની તર્જની રમતી મૂકી અને 'શ્રી વલ્લભનંદન રૂપ... અનૂપ સ્વરૂપ કહ્યો ન જાય' એ પદ શરૂ કર્યું.. જેમ જેમ પદની પંક્તિઓ વાતાવરણમાં ફૂટવા માંડી, તેમ તેમ આખાય વાતાવરણમાં અનોખું પરિવર્તન સર્જાવા માંડ્યું. ગોવિંદસ્વામીના મધુર કંઠનું રસપાન કરવા, પંખીઓ ઊડતાં ઊડતાં ગિરિરાજજીના વનાંચલનાં વૃક્ષો પર બેસી આંખો સામે પદનું રસપાન કરવા માંડ્યાં. ગિરિરાજજીની કંદરામાં વિહરતાં હરણાં, શિયાળ, વાઘ, અજગર...અને બીજાં અનેક પ્રાણીઓ પણ ગુપચુપ શ્રી ગિરિરાજજીની તળેટીની દંડવતી શિલાના પ્રાંગણમાં બેસી, એમનાં ડોકાં હલાવવા માંડ્યાં..ગોવિંદસ્વામી કીર્તન સાથે એકાકાર થઈ જતાં.. અનોખો આલાપ દેતાં દેતાં - ભાવવિભોર બની તન અને મનના હોશ ખોઈ બેઠા... તાનસેનજી તો દિગ્મૂઢ થઇ ગયા.. એમણે જે વિઠ્ઠલેશજીના "ફાંકડા ફિતુરી" જેવા મસ્ત, અલગારી, સતત પ્રભુચિંતનમાં રહેતા અષ્ટસખાઓ વિષે ઘણું સાંભળ્યું હતું... એમની "સાંવરેલાલ" પ્રત્યેની અનુપમ ભક્તિ, એમની કલાભાવનાની નિષ્ઠા, કલાના સર્વોત્તમ તત્ત્વને જ શ્રીજીચરણે ધરવાની એમની ભાવના.....અને એ તત્ત્વના સમર્પણ સાથે જ બધી રીતે "ખાલીખમ" થઈ જવાની જે પ્રસન્નતા હતી એનો સાચો પરિચય - અનુભવ આ ક્ષણોમાં તાનસેનજીને થઈ રહ્યો હતો. સંગીતના પ્રખર જ્ઞાતા એવા તાનસેનજીને ગોવિંદસ્વામીની આ પદ-રચના અને એમની ગાયકી સાંભળી, પોતાની રચના, સાધના અને સંગીત પ્રત્યેની લાગણી.....ખરેખર "કોડી"નાં જ લાગ્યાં. શ્રી વલ્લભનંદનની વાત સાચી હતી.....શ્રીજીચરણે ધરેલી કોઈપણ વસ્તુમાં જે સ્વાદ, જે રસ હોય છે..... એ દુન્યવી જીવોને ધરાતી વાનગીમાં ક્યારેય હોતો નથી.....

શ્રી ગોવિંદસ્વામીનું પદ પૂરું થતાં જ એક સાચા કલાકારની ભાવના સાથે તાનસેન ઊભા થઈ ગોવિંદસ્વામીને ભેટી પડ્યા. એમનાં ચરણો પકડી લેતા બોલી ઊઠ્યા:

"અદ્દ્ભુત! આપની રચના અને રજૂઆતને મારા શતશત કોટિ પ્રણામ...

ારાથી વિશેષ
ારાં ઠાકોરજી
. કે જે એની
ાલા સમર્પિત
સંગીતકલાની
ત્યાં કોઈપણ
સ્વાદ અનેરો
. ગોવિંદદાસ
ાજા શ્રીજીને

યારી વગર
પ... અનૂપ
ણમાં ફૂટવા
વેંદસ્વામીના
યલનાં વૃક્ષો
માં વિહરતાં
ાુપચુપ શ્રી
ાં હલાવવા
દેતાં દેતાં -
દેગ્મૂઢ થઇ
ારી, સતત
ાંવરેલાલ"
તત્ત્વને જ
બધી રીતે
નુભવ આ
ાનસેનજીને
ા, સાધના
ભનંદનની
ોય છે.....

વના સાથે
ાતા બોલી

પ્રણામ...

ગોવિંદજી, આપ મને આપનું આ સંગીતનું જ્ઞાન અને સમજ આપો...મને આપનો શિષ્ય બનાવો..."

ગોવિંદસ્વામીએ તંબૂર બાજુમાં મૂકતાં તાનસેનને ઉઠાડતાં કહ્યું, "તાનસેનજી... પ્રભુની દીધેલી કલા પર સર્વનો અધિકાર છે. મારા શ્રી વિઠ્ઠલેશજી જેવા મહાપ્રભુ બિરાજતા હોય ત્યાં વળી હું શિષ્ય તો શું બનાવું? પરંતુ એક વાત જરૂર શ્રી વિઠ્ઠલેશજીની આજ્ઞાથી કરીશ..અને તે સંગીતગોષ્ઠિ. આપણે યમુનાકિનારે કે ગિરિરાજજીની તળેટીમાં બેઠા બેઠા મારા વ્હાલાને ગમતી વાતો...અને વાતો સાથે સંગીત-ગોષ્ઠિ પણ કરતા રહેશું. બરોબર છે ને, કૃપાનાથ?" - ગોવિંદસ્વામીએ શ્રી વિઠ્ઠલેશજીની આજ્ઞા લેતાં કહ્યું.

"જરૂર, તાનસેનજી, તમારી સંગીતશાસ્ત્ર અંગેની કોઈ પણ મૂંઝવણ અમારા આ ગોવિંદસ્વામી દૂર જરૂર કરશે."

એકાદ મહિનાના વસવાટ પછી તાનસેને ગ્વાલિયર પાસેના નરવરગઢ તરફ પ્રયાણ કર્યું.

૬. રાજા આશકરણજી પણ એ જ રાહે

વસંતઋતુનાં બેસણાં ગ્વાલિયર પાસેના નરવરગઢની ધરતી પર બેસી ચૂક્યાં હતાં. સમગ્ર વનસૃષ્ટિ ષોડશી કન્યાનો શણગાર નવપલ્લવિત પર્ણોથી સજાવી રહી હતી. આંખો પ્રસન્નતાથી છલકી ઊઠે એવી લીલોતરીથી આખો પ્રદેશ લીલોછમ દૂર દૂર સુધી દેખાતો હતો. આમ્રકુંજો કોકિલાના મીઠા ટહુકાઓથી હરીભરી લાગતી હતી. મોર-બપૈયાના મધુર કલરવથી ગુંજી ઊઠતા નરવરગઢના ગામને પાદર આવેલા ઉદ્યાનમાં તાનસેનજી એમના અશ્વ પર આવી પહોંચ્યા ત્યારે પ્રભાતનાં રવિકિરણોની ટસરો પૂર્વાકાશમાં ફૂટી રહી હતી.

નરવરગઢનું ઉદ્યાન માનવગણથી કલ્લોલતું હતું. કેસરી રંગના વાઘા સજી નરવરગઢની પ્રજા આનંદના હિલોળા લેતી, ઉદ્યાનમાં વસંતઋતુને વધાવતાં ગીતો ગાતી, નાચતી-કૂદતી પ્રવેશી રહી હતી.

તાનસેનના આશ્ચર્યનો પાર ન રહ્યો. એક નજર નગરની ચારેબાજુ પ્રસરેલી વનરાજિ પર ફરી વળી અને કેસરિયા વાઘા પહેરીને બેઠેલો કેસૂડો, આમ્રવૃક્ષો પર બેઠેલા મ્હોરની સુગંધ અને પર્ણોને ઝુલાવતા માતરિશ્વાની પાલખીમાં આકાશમાં ઊડતાં, મીઠા કલરવથી વાતાવરણને ભરી દેતાં વિહગોના ગાન પરથી સૌંદર્યપ્રેમી કલાકાર પ્રસન્ન થતાં બોલી ઊઠ્યા:

"વાહ! હું કેવો સદ્‌ભાગી છું કે વસંતોત્સવની ઉજવણીના દિવસે જ કલાપ્રેમી કવિહૃદય રાજાના નગરમાં આવી પહોંચ્યો છું..."

નગરવાસીઓનાં ટોળાનાં ટોળાં ઉદ્યાનની મધ્યમાં વસંતઋતુને અનુરૂપ એવા સાજથી શણગારેલા મંચ તરફ જઈ રહ્યાં હતાં. કુતૂહલને વશ થઈ તાનસેન પણ એ દિશામાં આગળ વધ્યા અને પુષ્પોથી શણગારેલા મંચ સામે નજર કરી તો....

એક સાદોસીધો, પરંતુ અનોખું વ્યક્તિત્વ ધરાવતો યુવાન રાજવી સિંહાસન પર અનોખી અદા સાથે બેઠો હતો. એની જમણી બાજુ જાજમ પર બેઠેલા સંગીતકારો એમની મધુર સૂરાવલિઓ - વાદ્યોની તરજ પર મસ્તક ધુણાવતા - સંગીતની ધૂનમાં ઝૂમતા - પ્રસન્ન ચિત્તે આલાપ છેડતા બેઠા હતા. સંગીતપ્રેમી રાજવી - નાદબ્રહ્મની અનોખી જામેલી હવામાં એનું શિર ડોલાવતો સંગીતકારોને દાદ આપતો હતો. પ્રજાજનો એક પછી એક કતારમાં આવી એમના પ્રેમાળ રાજવીને અબીલગુલાલનો છંટકાવ કરતા પસાર થઈ જતા હતા. રાજવીએ પહેરેલાં શ્વેત વસ્ત્રો અત્યારે પૂરા ગુલાબી રંગથી શોભતાં હતાં.

તાનસેન ધીમે ધીમે કતારમાં યુવાન કલામર્મજ્ઞ રાજવીનું અભિવાદન કરવા આગળ વધી રહ્યા હતા. લતામંડપમાં મંચ પર બિરાજેલા રાજવી સમક્ષ તાનસેન પહોંચ્યા ત્યારે વાતાવરણમાં વસંતુઋતુને વધાવતા રાગ સારંગનું સામ્રાજ્ય સંગીતકારોએ

રાહે

પર બેસી ચૂક્યાં
થી સજાવી રહી
ા લીલોછમ દૂર
ી લાગતી હતી.
ાવેલા ઉદ્યાનમાં
કેરણોની ટસરો

ાના વાઘા સજી
વધાવતાં ગીતો

રેબાજુ પ્રસરેલી
, આમ્રવૃક્ષો પર
ોમાં આકાશમાં
રથી સૌંદર્યપ્રેમી

ાસે જ કલાપ્રેમી

. અનુરૂપ એવા
ાનસેન પણ એ
તો....

ો સિંહાસન પર
લા સંગીતકારો
ંગીતની ધૂનમાં
. - નાદબ્રહ્મની
હતો. પ્રજાજનો
ાલનો છંટકાવ
. પૂરા ગુલાબી

ભિવાદન કરવા
સમક્ષ તાનસેન
. સંગીતકારોએ

જમાવી દીધું હતું. તાનસેનના સંગીતરસિયા જીવથી રહેવાયું નહીં...એમણે મંચના પગથિયા પાસે ઊભેલા રાજાના અંગરક્ષકને વિનંતી કરતાં કહ્યું:

"મિત્ર...આપણા યુવાન રાજવી આશકરણજીને વિનંતી કરશો કે આપના આ સંગીતમઢ્યા વસંતોત્સવમાં ભાગ લેવા એક અદનો કલાકાર આપને આંગણે આવ્યો છે અને આપનું સંગીતની ધારે અભિવાદન કરવા માગે છે?"

અંગરક્ષકે યુવાન રાજવી આશકરણજીને સંદેશો પહોંચાડતાં અને કદરદાન સંગીતના સાતે સૂરોને જિંદગીમાં આત્મસાત્ કરી ચૂકેલા આશકરણજીએ એક નજર તાનસેન તરફ કરી અને ઊભા થઈ એમણે તાનસેનને આવકારતાં કહ્યું:

"આવો, યુવાન....વીણાધારી માતા સરસ્વતીના પુત્ર પધારો...અમારી મહેફિલમાં..."

તાનસેન ઝડપથી મંચ પર ચડી, સિંહાસન સમક્ષ આવી રાજા આશકરણને નીચા નમી હજી તો વંદન કરવા જાય, ત્યાં તો આશકરણજીએ એમને બે બાહુમાં સમાવી લેતાં કહ્યું, "સ્વાગત છે તારું, દોસ્ત...આપણે ઉંમરમાં સમવયસ્ક છીએ, સંગીતરસિયા છીએ...હું રાજા નથી...હું તો આ પર્વોમાં જામેલા વાતાવરણનો ભોક્તા છું...દોસ્ત...આવ...કયા પ્રદેશમાંથી આવવાનું થયું છે? હાથમાં રમતો તંબૂર જોઈ લાગે છે કે તું કોઈક કલાકારનો જીવ છો. તારો પરિચય?" - આશકરણજીને યુવાન તાનસેનના ચહેરા પરથી લાગ્યું કે આ અજાણ્યો જણ કોઈક અચ્છા ઘરાનાનો કલાકાર લાગે છે.

"મહારાજ...હું સંગીતનો રસિયો જીવ છું. સંગીતના સાત સૂરો સાથે જ દોસ્તી બાંધી છે..એકએક સૂર મારી જિંદગીનો શ્વાસ છે... લોકો સંગીતના આ નાચીઝ ગુલામને 'તાનસેન'ના નામે ઓળખે છે."

"ઓહ...દોસ્ત... બાદશાહ અકબરના દરબારને સદાય સંગીતમય વાતાવરણથી ગુંજતું રાખતા કલાકાર તાનસેન....મારા લાખ લાખ સલામ! નરવરગઢનું અને એની પ્રજા અને રાજા આશકરણનું અહોભાગ્ય કે તાનસેન જેવો કલાકાર એના આંગણે આવે અને વસંતોત્સવના સમારંભમાં ભાગ લે...તાનસેનજી...સમવયસ્ક છું - સંગીતપ્રેમી છું... તમે કે આપ જેવાં સંબોધનોથી જેનું માન કરાય - તેવા તાનસેનજી - હું તો તમને તુંકારે - એક દોસ્ત - એક યારના નાતે જ બોલાવીશ... એમાં કાંઈ અજુગતું તો નથી લાગતું ને?"

"ના રે, રાજવી! તમે તો મારું સાચુ સન્માન કર્યું કહેવાશે"

"તો દોસ્ત! તાનસેન, આ ઉત્સવને અનુરૂપ એકાદ સરસ ચીજ પેશ કરો કે જેથી મારા પ્રજાજનોના આ આનંદમાં અનોખો ઉછાળો આવે."

"જેવી આજ્ઞા, રાજન્...." - અને તાનસેને ખભે ઢાળેલા તંબૂરને હાથમાં લેતાં સંગીતકારોની બેઠક તરફ ચાલવા માંડ્યું. "તાનસેન"નું નામ સાંભળી ખૂણામાં બેઠેલા સંગીતકારો એકદમ ઊભા થઈ ગયા અને તાનસેનનું સ્વાગત કરતાં એમને ગાદી પર

બેઠક આપી એમનું અભિવાદન કર્યું...તાનસેને તંબૂરના તાર પર એમની આંગળીઓ રમાડતાં રાગ "સારંગ"માં એક પદ પ્રસંગને અનુરૂપ...સિંહાસન પર બેઠેલા આશકરણ અને રાણી સામે જોતાં શરૂ કર્યું:

"કુંવર બેઠે પ્યારીકે સંગ, અંગ અંગ ભરે રંગ
બલ બલ બલ ત્રિભંગી, યુવતિન સુખદાઇ...

પરંતુ જેમ જેમ પદ - તંબૂરના તારે, તબલાંના તાલે આગળ વધતું ગયું તેમ તેમ...પેલાં લૌકિક રાજારાણીનું સ્વરૂપ ઓગળતું ગયું અને એની જગ્યાએ ભક્તિભાવથી ભરપૂર ગાયકીમાંથી અદ્‌ભુત સૂરો...વ્રજની કુંજગલીઓમાં વસંતોત્સવ માણતા યશોદાના જાયા નંદકિશોર અને રાધાની જેમ જાણે આરતી ઉતારતા હોય એવા સૂરો ગુંજી ઊઠ્યા અને ગોવિંદસ્વામીના એ અદ્‌ભુત પદની-

નવ નિકુંજ, મધુપ ગુંજ, કોકિલા કલકૂજન પુંજ
શીતલ સુગંધ, મંદ વહત, પવન અતિ સુહાઇ
ગોવિંદ પ્રભુ સરસ જોરિ, નવલકિશોર અરૂ નવલકિશોરી
જિરખ મદન ફોજ મોરી, છેલછબિલે નવલકુંવર વ્રજકુલ મનિરાઇ

અંતિમ પંક્તિએ સૌ કોઈનાં મસ્તક ડોલાવી દીધાં. અને રાજા આશકરણ સિંહાસન પરથી ઊઠી તાનસેનને ભેટી પડતાં, ગળે લગાડતાં બોલી ઊઠ્યા:

"વાહ, દોસ્ત તાનસેન! તમે તો ગજબ કરી! તમને શત શત કોટિ અભિનંદન....આટલું સરસ પદ ઉચિત રાગરાગિણીમાં, તમારા સૂરોમાં જે રીતે ગુંજ્યું હતું, એનાથી તો અમે સૌ જાણે વ્રજભૂમિમાં જ વિહરતા ન હોઈએ એવું લાગ્યું."

"રાજન્, આ પદ, આ ગાયકી, આ રચાયેલ માહોલ મારાં નથી, આ તો વ્રજમાં ગોકુલધામના ઓલિયા સંત શ્રી વિઠ્ઠલનાથજીની કૃપા પામેલા સંગીત અને સાહિત્યના અજોડ ભક્તકવિ કલાકાર ગોવિંદસ્વામીનાં છે.. આ બધો યશ તો એમને જાય છે." તાનસેન બોલ્યા.

"તાનસેનજી, મને એ અદ્‌ભુત કલાકાર પાસે અને એમના કલામર્મજ્ઞ ગુરુદેવ શ્રી વિઠ્ઠલનાથજી પાસે લઈ જાઓ...મારે બન્નેને દંડવત્ કરવા છે."

"મહારાજ, આપણે જરૂર જઈશું. ગોવિંદસ્વામી ભક્તિસંગીતની દુનિયાના અજોડ કલાકાર છે. આમ તો મારા વિઠ્ઠલેશ પ્રભુ અને શ્રી ગોવર્ધનનાથજી અને નવનીતપ્રિયાજીના સાંનિધ્યમાં ગોવિંદસ્વામી જેવા જ બીજા કલાકારો સૂરદાસ, કુંભનદાસ, ઇત્યાદિ મળીને "અષ્ટસખા"નું એક મંડળ છે, જેમણે આપણા ભારતદેશની સંગીતકલાને એમનાં પદ અને ગાયકી દ્વારા ટોચ પર આરૂઢ કરવામાં ખૂબ જ મોટો ફાળો આપ્યો છે. આ અલગારી અષ્ટસખાઓ વ્રજભૂમિના નિકુંજનાયક શ્રી ગોવર્ધનનાથજી અને લાડલેલાલ શ્રી નવનીતપ્રિયાજીની સન્મુખ એમનાં પદો રજૂ કરતા રહ્યા છે..એમાં પણ ગોવિંદસ્વામી તો અલગારી કવિ છે.. વ્રજમાં ભટકતા જ રહે છે. એમને શોધવા એ ઈશ્વરને શોધવા બરોબર છે."

"તાનસેનજી...આપણે શોધી કાઢીશું. આપણે આવતી કાલે વહેલી સવારે જ ગોકુલ તરફ જવા નીકળી પડીશું." કહેતાં રાજા આશકરણે તાનસેનના રહેવા- કરવાનો બંદોબસ્ત એમના મહેલમાં જ કરી દીધો.

વહેલી સવારે રાજા આશકરણ અને તાનસેનજીએ થોડાંક સૈનિકો સાથે વ્રજભૂમિની વાટ પકડી. રાજભોગનાં દર્શનટાણે ગોકુલ પહોંચી ગયા.

ઠકરાણીઘાટ પર સંધ્યા-આરતીનો નિત્યનિયમ પૂરો કરી, શ્રી વિઠ્ઠલેશજી રાજભોગની આરતી માટે નાહીને મંદિરમાં જવાની તૈયારી કરતા હતા ત્યાં જ નજીકના કિનારા પાસે બે ઘોડેસવારોને જોયા...એક તો એમાં તાનસેનજી હતા - અને ઘોડા પરથી ઊતરી, હાંફળાફાંફળા એમનાં દર્શન માટે ધસી રહેલા બીજા જણને જોતાં જ શ્રી વિઠ્ઠલેશજી આનંદવિભોર થતા બોલી ઊઠ્યા:

"આવો આવો, આશકરણજી...ઘણા દિવસો થયા! ઠાકોરજી...ક્યાં સુધી તમારી વાટ જોશે?"

ભવાટવીમાં આમતેમ આથડતો "જીવ" આજે નજર સામે ઊભો હતો.

"કૃપાનિધાન...આ જીવ તો તમારે શરણે આવી પડ્યો છે. ઠાકોરજી મારા ભટકવાનો પાર લાવ્યા છે.. હું હવે આપના શરણે આવ્યો છું, એટલે હવે વાર નહીં થાય, પ્રભુ!"

શ્રી વિઠ્ઠલેશજીએ નરવરગઢના રાજાની દીનતા અને ભક્તિભાવથી પ્રભાવિત થઇ એમને શરણે લેતાં તાનસેનજીને કહ્યું:

"તાનસેનજી...તમે અમારા આશકરણને અમારી પાસે લઈ આવ્યા એ ખૂબ જ સારું થયું."

"બાવાશ્રી, હું શું લાવતો હતો?...મારું કાંઈ ગજું નથી...એમને તો આપણા ગોવિંદસ્વામીનાં પદો...જે મારા મુખે એમણે સાંભળ્યાં, એ એમને અહીં સુધી ખેંચી લાવ્યાં છે. અને સવિશેષ આપશ્રીનું આકર્ષણ...આપનાં ચરણે પડી શરણે થવાની ભારે તિતિક્ષા, ભારે તાપ એમને આપના શરણે લાવ્યાં છે."

"હા, પ્રભુ...તાનસેનજી સાચું જ કહે છે, હું સંગીતનો રસિયો જીવ...આપની અને આપના અષ્ટસખાઓની કાનીથી આ વ્રજભૂમિના વહાલાની સેવા કરવા, ગોવિંદસ્વામી જેવા ભક્તકવિના ચરણે બેસી શાસ્ત્રીય સંગીતનો અભ્યાસ કરવા, એમની જેમ જ પદો રચી, મારા વહાલાને મારાં પદો અને ગાયકીનું સમર્પણ કરવા આવ્યો છું, દીનાનાથ!"

"સરસ...રાજન્...તમારી ભાવના અને કલાપ્રીતિ શ્રીજીનાં ચરણે ધરતા રહો એવા મારા આશીર્વાદ છે. ચાલો, રાજભોગનો સમય થઈ ગયો છે. શ્રી નવનીતપ્રિયાજીની આરતીનો સમય થઈ ગયો છે. તમે આ જમુનાજીમાં સ્નાન કરી મંદિરમાં આવો, એટલે તમને અષ્ટાક્ષરમંત્રનું દાન કરી શ્રીજી સન્મુખ કરી દઉં. આપણા સૌનો તારણહાર તો

એ જ મારો "લાડલેલાલ" જ છે. બાકી આપણે તો સામર્થ્યહીન...સામાન્ય જીવો છીએ."

શ્રી વિઠ્ઠલેશજીની પાછળપાછળ રાજા આશકરણ અને તાનસેન જમુનાજીમાં સ્નાન કરી... મંદિરમાં પ્રવેશતા હતા ત્યાં જ મંદિરના વિશાળ ચોગાનમાંથી રાગ મલ્હારમાં ગવાતા -

ઇ જુ શ્યામ જલ ઘટા ઓલ્હર ચહું દિશતેં ઘનઘોર
દંપતિ પરસ્પર બાંહ જોરી, વિહરત કુસુમ વીનત કાલિંદીતટા
બડી બડી બૂંદન બરસન લાગ્યો તેસી લહેકત વીજઘટા
ગોવિંદ પ્રભુ પીયે પ્યારી ઉઠસલો ઓઢે લાલ પટ દોર લિયે જાય

પદની મધુર પંક્તિઓ રાજા આશકરણના કાને ઝીલી અને તાનસેન બોલી ઊઠ્યા:

"રાજન્...આજ અમારા ગોવિંદસ્વામી...જુઓ રાગ મલ્હારની અસર... ગોરંભાયેલા આકાશમાંથી વર્ષાની બુંદોને ધરતી કેવી તૃપ્ત બની ઝીલી રહી છે!"

"આશકરણજી...આવો, મારા નટખટ નવનીતપ્રિયાજીનાં દર્શન કરો..." શ્રી વિઠ્ઠનાથજીએ અષ્ટાક્ષરમંત્રનું દાન કરતાં રાજા આશકરણને કહ્યું.

"હા, પ્રભુ! આપની મારા પર ખૂબ જ કૃપા થઈ. શ્રીજીનું શરણ સાંપડ્યું." અને આશકરણજીનો કવિજીવ શ્રી નવનીતલાલજીની સન્મુખ દંડવત્ કરતાં ગાઈ ઊઠ્યો:

"જૈ શ્રી વિઠ્ઠલનાથ કૃપાલ
કલિકે મહા પતિત અધરાસે અપને કરિકે કિયે નિહાલ
પુરૂષોત્તમ નિજ લે કર દેને, ઐસે દાતા મહાદયાલ...
આસકરણકો અપનો કહિકે પુષ્ટિપ્રેમ દે વચન - પ્રતિપાળ"

"આશકરણજી...હવે તમે થોડુંક વ્રજભૂમિમાં ફરો..."

"એ તો ફરીશ જ...પરંતુ ગોવિંદસ્વામી પાસે બેસી મારે શ્રીજીને પ્રસન્ન કરે તેવી સંગીતસાધના કરવી છે. આપ એમને આજ્ઞા કરો કે મારી આપણા લાડલેલાલની કીર્તનસેવા કરવાની મનીષા પૂરી કરે!"

"તમે જરૂર ગોવિંદસ્વામીને મળજો...ખૂબ જ દયાળુ જીવ છે.. તમારી મનઃકામના પૂરી કરશે...ગોવિંદા...આવો, તમને સંગીતની દુનિયાના રાજવી આશકરણજીનો પરિચય કરાવું...તમારી પાસે સંગીતની સાધના કરવા આવ્યા છે." શ્રી વિઠ્ઠલેશજી બોલ્યા.

"કૃપાનાથ! આપ જેવા નિષ્ણાત કલાપ્રેમી જીવ આગળ હું કોણ? પરંતુ રાજન્...જ્યારે કૃપાનાથે આજ્ઞા જ કરી છે તો તમે, હું અને તાનસેનજી થોડીક શાસ્ત્રીય સંગીતની ચર્ચાઓ કરતા રહીશું... અને આપણી સૌની ભક્તિથી એ કલાને બેનમૂન બનાવીશું, આપણા સૌના વહાલાને પ્રસન્ન કરીશું."

○ ○ ○

એક દિવસ ગોકુલના વલ્લભઘાટ પર શ્રી વિઠ્ઠલેશજી બેઠા હતા ત્યાં આશકરણજી આવી પહોંચ્યા. તાનસેન તો આગ્રાના દરબારમાં પહોંચી ગયા હતા અને અહીં આશકરણજી રાજપાટ બધું જ વીસરી રાતદિન ગોવિંદસ્વામી, સૂરદાસ અને અન્ય અષ્ટસખાઓની સાથે ગોકુળ, વૃંદાવન, ગિરિરાજજી ઇત્યાદિ સ્થળોમાં ઘૂમતા રહેતા અને એમનાં પોતાનાં રચેલાં પદોથી શ્રી ગોવર્ધનનાથજીને રીઝવતા રહેતા હતા.

“કૃપાનાથ...હું આશકરણ....”

“બેસો, આશકરજી...સેવા અને સાધના બરોબર ચાલે છે ને? મનુષ્યજીવનમાં આ જ સાચું કાર્ય છે.”

“હા, પ્રભુ, આપ મને હવે સેવાપ્રકાર શીખવો. હું અબુધ જીવ...મંગળા શું, રાજભોગ શું અને આપણા ઠાકોરજીનું સ્વરૂપ શું એ બધું મને સમજાવો.” - રાજા આશકરણજી બોલી ઊઠ્યા.

શ્રી વિઠ્ઠલેશજી હસ્યા અને એમણે ઠકુરાણીઘાટ પર બેસી શ્રી આશકરણજીને સેવાના પ્રકારો સમજાવ્યા ત્યારે આશકરણજી બોલી ઊઠ્યા:

“મહારાજ, હું તો સંસારી જીવ છું - મારે મારું રાજ, કુટુંબકબીલા, પ્રજા, દોસ્તો, દુશ્મનો બધાંને સંભાળવાનાં છે. હું આમાંથી આપે કહેલા સેવાપ્રકારને કેમ કરીને સિદ્ધ કરી શકીશ? આ સંસારી જીવડાને લાગેલું માયાનું વળગણ - પટલ તોડતાં સમય લાગશે” - આશકરણજીને “ઘર, પ્રજા, સગાં, વહાલાં” યાદ આવી ગયાં.

“રાજન્, ભગવાન તો ભાવનાનો ભૂખ્યો છે. આ મેં જે તમને સેવાપ્રકાર કહ્યો છે એ સંપૂર્ણ સેવાપ્રકાર મંગળભોગ, શૃંગાર, ગ્વાલ, રાજભોગ, ઉત્થાપન, ભોગ આરતી, શયનનો ભાવ તમે ચિત્તમાં હરિનું સ્મરણ કરતાં કરતાં “માનસી” સેવારૂપે કરતા રહો એવી આજ્ઞા આપું છું. મનમાં ઠાકોરજી પ્રત્યેનો ભાવ હશે, નિષ્ઠા હશે, પ્રેમ હશે, તાપ હશે તો માનસી ભાવે કરેલી સેવા પણ ઠાકોરજીને પહોંચી જશે અને મારો શ્રી ગોવર્ધનનાથ ખૂબ જ પ્રસન્નતાથી પ્રેમપૂર્વક સ્વીકારશે.” અને આશકરણજી તાનસેનને, ગોવિંદસ્વામીને યાદ કરતાં ગોવિંદસ્વામીનું જ -

અબ મૈં કહા કરૌં મેરી આલી, યે નૈનાં બરજ્યો ન માને
ઘૂંઘટ પટ ગઢ તોરકે નિકસે મિલી પિય વે ઉર જાને

એ પદ ગાતા ગાતા નરવરગઢ તરફ સિધાવ્યાં..

ઠકુરાણીઘાટના કદંબવૃક્ષની નીચે બેસી શ્રી ગોવર્ધનનાથજીનું ધ્યાન ધરતા ગોવિંદસ્વામી આંસુભરી આંખે એમનાં પદોના પ્રેમે આકર્ષાઈને ગોકુલ સુધી આવેલા, શ્રીજીબાવાની ભક્તિમાં ડૂબી ગયેલા, શ્રી વલ્લભનંદનના સેવક આશકરણજીને મસ્તીમાં એમના નગર તરફ જતા જોઈ રહ્યા.

૭. ભૈરવી રાગ છોવાઈ ગયો......

"અરે બિટિયા, તું આઈ...ક્યા બાત હૈ..."

મહાવનની ગોવિંદસ્વામીની મઢૂલીમાંથી કહાનબાઈ જમુનાજીનું જલ ભરવા માથે ગાગર મૂકી બહાર નીકળતી હતી, ત્યાં તો ઉંબરમાં ગોવિંદસ્વામીની દીકરીને ઊભેલી જોઈ, આશ્ચર્ય સાથે એ "અરે બિટિયા તું આઈ...ક્યા બાત હૈ" - બોલી ઊઠી...

જવાબમાં માથા પરનું પોટલું જમીન પર પટકાવતી ભત્રીજી ફઈબાને પગે લાગી - ભેટી પડી.

"ફોઈબા, બાપુ કેમ છે? ઘણાં વર્ષોથી બાપુને, તમને જોયાં નહોતાં તે તમને મળવા ચાલી આવી." ભત્રીજી બોલી.

"તારા બાપુ તો બસ રાત-દી શ્રી ગોવર્ધનનાથજીની સાથે ગિરિકંદરામાં નીતનવા ખેલ ખેલ્યા કરે છે, નિજમંદિરમાં બેઠા બેઠા મધુર કંઠે પદો ગાયા કરે છે! બેટી..." કહાનબાઈ બોલી.

"હા, બાપુ વિષે તો ઘણું ઘણું સાંભળ્યું છે...તાનસેન જેવા તાનસેન એમની પાસે સંગીત શીખવા આવે છે અને સાંભળ્યું હતું કે આપણા શ્રીગુસાંઈજીએ તો તાનસેનના સંગીતની કિંમત કોડીની કરી નાખીને આપણા ગોવિંદબાપુનાં શ્રી ગોવર્ધનધરના ચરણે સમર્પાયેલાં પદોનું માહાત્મ્ય વધારી, તાનસેનને કહી દીધું કે ગોવિંદસ્વામી તમારા કરતાં ઉચ્ચ કોટિના કવિ અને સંગીતકાર છે, કારણ કે એમણે એમની કલા...બાદશાહોના બાદશાહ..રાજાઓના રાજા એવા...શ્રી ગોવર્ધનનાથજીના ચરણે સમર્પી દીધી છે!"

"હા, બેટા... વાત સાવ સાચી છે...તારા બાપુ તો એક પળ પણ શ્રીજીબાવાથી વિખૂટા પડતા નથી...રાતદિવસ બસ એ જ મારા વ્હાલા શ્રીનાથજીબાવાનું જ રટણ હૈયે અને હોઠે સ્થિર થઈ ગયું છે." - બહેન ભાઈની મહાનતાનાં ગુણગાન ગાતી ફૂલી સમાતી નહોતી..

"બાપુ ક્યાં છે, ફોઈબા..."

"હશે...કાં તો એની કદમખંડીમાં કે પછી ગોવિંદકુંડ પર..."

"તે બાપુ શ્રી ગોવર્ધનનાથજી સાથે ખેલ ખેલે છે, ફઈબા..." દીકરી આશ્ચર્યભાવથી બોલી ઊઠી.

"મારો ગોવિંદો ભાઈ શ્રીજીબાવા સાથે ખેલ નથી ખેલતો, એ તો મારો ગોવર્ધનનાથ એની સાથે ખેલ ખેલે છે!"

"શું વાત છે, ફોઈબા..." ભત્રીજી પોરસાઈને બોલી ઊઠી: "અરે...બેટી...આ ભક્ત અને ભગવાનની સખ્યલીલાની વાતો કરવામાં તને મેં ઉંબરામાં જ ઊભી રાખી.

જલ ભરવા
ી દીકરીને
." - બોલી
ઈબાને પગે
ાં તે તમને
ારિકંદરામાં
યા કરે છે!
ેન એમની
ઈજીએ તો
ાપુનાં શ્રી
હી દીધું કે
ા કે એમણે
નનાથજીના
ોજીબાવાથી
ું જ રટણ
ગાતી ફૂલી
શ્ચર્યભાવથી
તો મારો
.બેટી...આ
ાભી રાખી.

આવ, બેટા...આવ...અમારી નાનકડી મઢૂલીમાં...આ પેલી ખાટ પર નિરાંતે બેસ...હું તારા માટે પાણી લાવું." કહેતાં કહાનબાઈએ ભત્રીજીને એની ઝૂંપડીમાં લીધી.

"ફઈબા...હું સવારે આંતરી ગામથી નીકળી ત્યારે શિરામણ કરીને નીકળી છું. શેડકઢ્ઢું દૂધ પીને નીકળી છું. ચિંતા ના કરતા...મને તો બાપુની ગોવર્ધનનાથજી સાથેની અદ્‌ભુત ખેલ-લીલાની વાત કરો..." - કહેતી ભત્રીજી ફોઈબાનો હાથ પકડી ખાટ પર બેસી ગઈ.

ખાટ પર બેસતાં એક નજર બાપુની ખડખડપાંચમ ઝૂંપડી પર ફરી વળી...

એક ખૂણામાં માટલું, ઉપર ઢાંકણ, ઢાંકણ પર માટીની કૂલડી...બીજા ખૂણામાં જર્જરિત લોખંડની અર્ધીપર્ધી બંધ તેવી પેટી...પેટીમાંથી બાપુનો અંગરખો, કફની બહાર નીકળેલાં દેખાતાં હતાં...ભીંત પર અરીસો...બાજુમાં ગોખલામાં કંકુની ડબ્બી, તિલક, માળા ઇત્યાદિ પડ્યાં હતાં. ત્રીજા ખૂણામાં કહાનફોઈનો અસબાબ પડ્યો હતો. ફઈબા ભાઈને શોધતાં શોધતાં મહાવનમાં આવ્યાં હતાં અને પછી અહીં જ રહી ગયાં હતાં. ભાઈની સેવા - સારસંભાળ રાખતાં ફઈબા પણ શ્રીગુસાંઈજીનાં પરમ ભગવદીય ભક્ત હતાં.

"ઈ લીલાની વાત હું કરવાને સમર્થ નથી...બેટી...અને કેટલીક લીલાની...વાતો...આપણા શ્રી વલ્લભનંદન ક્યારેક મને કરતા...બાકી...ભક્ત અને ભગવાનની અંતરંગ લીલા તો હંમેશ ગુપ્ત જ રહેવાની...એની જાહેરાત ન હોય..." કહાનફોઈ સાવધ થઈને બોલી ઊઠ્યાં..

"ફઈબા...તમે શ્રીગુસાંઈજીના શ્રીમુખે સાંભળી હોય એ વાતો કરો...મને એ લીલાની વાતો સાંભળવાની ખૂબ જ ઇચ્છા છે..." ભત્રીજી બોલી ઊઠી...

"શું વાત કરું તારા બાપુની પ્રેમલક્ષણા ભક્તિની, બેટી...સાવ અનોખી માટીનો માનવી આપણા કુળમાં બાકી પાક્યો છે...શી એની ખુમારી! શો એનો મિજાજ! શી એની ગોવર્ધનનાથ પ્રત્યેની અડીખમ શ્રદ્ધા! એક વખત ગોવિંદો જશોદાઘાટ પર બેઠો હતો...જમુનાજીનાં નિર્મળ જળ વહી રહ્યાં હતાં. જમુનાજીના તટ પરની કદમખંડીમાંનાં તરુવરોની ડાળીઓ પર પંખીઓ બેઠાં હતાં.. ગુલાબ, મોગરો, જૂઈ, જાઈ, ચંપક, ડોલરની મત્ત સુગંધથી વાતાવરણ મહેકી ઊઠ્યું હતું...સવારનો પહોર હતો. આકાશ ગુલાબી રંગથી ખીલી ઊઠ્યું હતું..."

"અરે, અરે! ફઈબા...બાપુની સાથે રહીને તમેય તે હવે તો કવિની ભાષા બોલવા માંડ્યાં ને શું!" - ભત્રીજી બોલી ઊઠી.

"બેટા, સંગ તેવો રંગ...રાત-દી... આ કુટિરમાં, સાથે પેલા ચોતરા પર, જમુનાજીના ઘાટ પર, શ્રી ગોવર્ધનનાથજીના મંદિરમાં મારો ભઈલો એના વ્હાલાને રીઝવવા નીતનવાં પદો ગાતો જ રહેતો હોય..અને હું સાંભળતી જ રહેતી હોઉં, તો, દીકરી...ભગવદીય જીવાત્માનો થોડોક તો રંગ લાગે ને..."

"હાં..હાં..પછી...પ્રસંગની વાત આગળ કહો, ફઈબા!" - ભત્રીજી બોલી ઊઠી..

"આવા સરસ સમયે, બેટી, ગોવિંદાએ ભૈરવી રાગ છેડ્યો...સરસ મજાનું પદ...હૈયામાંથી જમુનાજીનું વહેણ બની, જમુનાજીના જલતરંગો પર વહેવા માંડ્યું.

વૃક્ષની ડાળે શાંત બનીને બેઠેલા વિહગોએ તાનમાં આવી ગોવિંદસ્વામીના મધુર કંઠેથી ઊભરતા પદને એમના કંઠના કલરવનો તાલ પુરાવ્યો. પવનની પાંખે ઝૂલતાં તરુપર્ણો પણ ગેલમાં આવી હવામાં આમતેમ ઝૂલતાં નૃત્ય ન કરતાં હોય...એવો માહોલ રચાઈ ગયો...

મેરે વિઠ્ઠલેશ પ્રભુ સમાન ઔર ન દૂજો કોઇ ।
હરિ બદનાનલ શ્રી વલ્લભ, સુત સ્વરૂપ સોઇ ॥
માત તાત ભ્રાત ગહનિ, ગ્રહ સબ બિસુરાઉં ।
શ્રી વિઠ્ઠલેસ કરૂના તે, પુષ્ટિભક્તિ પાઉં ॥
દ્વિજ વર વપુ વારિ, અવનીતલ પવિત્ર કીનો ।
કહત ગોવિંદ સરનાગત કો અભયદાન દીનો ॥

આપણો ગોવિંદો મુક્ત કંઠે, મસ્ત મિજાજે ભૈરવી રાગને વાતાવરણમાં એની મસ્તીથી બહેલાવી, સામે કદંબડાળે બેઠેલા શ્રીગોવર્ધનનાથજીને ડોલાવી રહ્યો હતો. શ્રી વિઠ્ઠલેશ - શ્રીગુસાંઈજીને 'પ્રભુ દ્વીજા ન કોઇ' કહી રહ્યો હતો - ત્યાં જ-

"વાહ...વાહ...શુભાનલ્લા..ક્યા ગલા પાયા હૈ... પરવરદિગાર કી ક્યા બંદગી...કીહૈ...ક્યા રાગ છેડા હૈ...શુભાનલ્લા...શુભાનલ્લ..."

જશોદાઘાટ પર વહેલી સવારે ઓચિંતા આવી ચડેલા કલારસિક અકબર બાદશાહના હૃદયમાંથી દાદના શબ્દો સરી પડ્યા...

'અરે...આ વળી કોણ કાળા માથાનો માનવી...મારા એકાંતને..મારા મારા વ્હાલા સાથેના તાદાત્મ્યને, મારા પદને...શ્રવણ કરી ગયો...?' - ચમકીને આપણો ગોવિંદો આંખો ખોલી આજુબાજુ જોવા લાગ્યો...અને એના આશ્ચર્ય વચ્ચે દિલ્હીપતિ અકબર બાદશાહ, તાનસેન, બીરબલ ઇત્યાદિ એનાં નવ રત્નો સાથે યમુનાના ઘાટ પર ઊભો ઊભો - આપણા ગોવિંદાના પદ પર મસ્તીથી ડોલતો હતો.

'અરે જહાંપનાહ...આપ?' - તારો બાપ બોલી ઊઠ્યો.

"આફરીન...આફરીન...ક્યા આવાજ હૈ...સ્વામીજી... ક્યા સંગીત હૈ...અજોડ... અનુપમ...અલૌકિક... સ્વામીજી આપકી કલા કો...આપકી અનન્ય ભક્તિ કો..મેરા કોટિ કોટિ પ્રણામ...!'

અકબર બાદશાહ બોલી...ગોવિંદાને નમન કરવા આગળ વધ્યો. આપણો ગોવિંદો છેડાઈ ગયો. એનો તામસી સ્વભાવ ઊકળી ઊઠ્યો, પરંતુ બીજી જ ક્ષણે...સંત હૃદયે ક્રોધને વાળી લીધો.. આંખોમાં ઉદાસીનતા છવાઈ ગઈ.

'ચાલો...જે થવાનું હતું...તે થઈ ગયું. આમાં પણ મારા ગોવર્ધનનાથજીની

કાંઈક ઇચ્છા હશે...' - કહેતાં તારો બાપ...મારો ભઈલો ઘાટ પરથી ઊભો થઇ ગયો. એક નજર જમુનાજીના વહેતા જળ પર નાખી, સામા તટે વિસ્તરેલી ગાઢ વનરાજિ પર નજર ફેરવી લીધી. હૈયું, વિરહ તાપ અને વિષાદથી છલકાવા માંડ્યું.

'અરરર...મારા નાથ ગોવર્ધનનાથજી...મારી જમુનામૈયાને રીઝવવા હું એકાંત તટે મારી જિંદગીની ખુશીનો...શ્રી વલ્લભનંદનની કૃપાથી પ્રાપ્ત થયેલી શ્રીજીબાવાની લીલામાં પ્રવેશ પામેલો...મારા વ્હાલાને રીઝવવા પદ ગાતો હતો...ત્યાં આ યવન બાદશાહ ક્યાંથી આવીને મારું ચિત્ત, મારો ભાવ...અને મારા રાગને અભડાવી ગયો? મારાં કીર્તન...મારાં પદો...મારો કંઠ...મારું સંગીત..તો...ફક્ત નિકુંજનાયક શ્રી ગોવર્ધનધરને...મહારાણી જમુનાજીને રીઝવવા માટે છે. બાદશાહનાં વખાણથી મારો વ્હાલો, રિસાઈને કદંબડાળેથી મંદિર ભેગો થઈ ગયો...જમુનામૈયા પણ એના ખળખળ વહેતા વારિનાં આંદોલનોમાં... અવાજોમાં... એનો અણગમો બતાવતાં ઝડપથી વહેવા માંડ્યાં..કૃપાનાથ! મહારાણી મૈયા! ક્ષમા કરો! મારો અપરાધ થઈ ગયો કે ગોવિંદકુંડની નિકુંજમાં કે એકાદ એકાંત કદમખંડીમાં બેસી આ દુષ્ટ જીવે આપને પ્રસન્ન કરવા ભૈરવી રાગ ન છેડ્યો.. અને માણસોની અવરજવરથી સભર એવા આ જશોદાઘાટ પરથી પદો ગાવા માંડ્યો..કૃપાનાથ, ક્ષમા કરો! આ ભૈરવી રાગ હવે છોવાઈ ગયો છે, એટલે આ રાગ કદીય નહીં ગાઉં....અને મારા ગોવર્ધનનાથ, તારા સાંનિધ્યમાં - તારી સામેય ક્યારે નહીં ગાઉં...સૂરજને ઊગવું હોય ત્યારે ભલે ઊગતો...બાકી આજ પછી ભૈરવી રાગ મારા માટે ત્યાજ્ય છે'- કહેતાં આપણો ગોવિંદો એની પ્રિય એવી કદમખંડીમાં એવો તો ચાલ્યો ગયો કે આઠ દિવસે આપણી આ મહાવનની કુટિરે પાછો ફર્યો!"

"શું વાત છે! બાપુ આટલા બધા મારા વ્હાલા ગોવર્ધનનાથ પાછળ ઘેલા થઈ ગયા છે?"

વાતાવરણમાં ભીષણ શાંતિનો ચમકારો પ્રસરી ગયો..

"ફોઈબા... હું બાપુને શોધવા જશોદાતટે જાઉં છું." કહેતી ભત્રીજી માથે એનું "બાચકું" લઈ કુટિરની બહાર નીકળતી હતી ત્યાં જ સામેથી નતમસ્તકે હરિનું ગાન ગાતા-ગાતા ગોવિંદસ્વામી એમના આ મહાવનને ટીંબે બાંધેલી ઝૂંપડી તરફ આવી રહ્યા હતા.

પિતા સાવ નજીક આવ્યા એટલે દીકરી "હડી કાઢી" એમની નજીક આવી...સાષ્ટાંગ દંડવત્ કરી, "બાપુ..હું..હું તમારી.." બોલતી પિતાને વળગી પડી.. પિતાએ દીકરીને જમીન પરથી ઉઠાડી, એને ખભે હાથ મૂકતાં, કરુણાસભર નયને એની સામે જોતાં - "બાપુ"એ નજર વાળી લીધી અને ગુપચુપ કુટિરમાં સાવ નિર્લેપ-ભાવે ચાલ્યા ગયા.

○ ○ ○

"ફોઈબા...હવે હું જઈશ" - લગભગ બેક મહિનાના ફોઈબા સાથેના લાગણીભર્યા વસવાટ પછી ભત્રીજી પાછી આંતરી ગામ જવા નીકળી ત્યારે આ બે

મહિનામાં એના પિતા ગોવિંદસ્વામી ક્યારેય હસીને બોલ્યા નહોતા. ચહેરા પર લટકતું સ્મિત રાખી મૂંગા મૂંગા એમનું કાર્ય કર્યા કરે. દીકરીએ એના "બાપુ"ને બોલતા કરવાના બે-ચાર પ્રયત્નો પણ કરી જોયા, પરંતુ બાપુ તો સાવ મૂંગા મંતર. દીકરી આખરે કંટાળીને એના સાસરે - મહાવન છોડીને જવા નીકળી.

"ફોઈબા..બાપુને મારાથી રીસ ચડી હતી...મારી સાથે બોલતાય નથી...તે ફોઈબા બાપને દીકરી ગમતી નથી?"

"ના...ના, બેટા! એવું નથી..ગોવિંદો રાત ને દી બસ એના શ્રી ગોવર્ધનનાથજીને ભજવામાંથી ક્યાં ઊંચો આવે છે? એના મનમાં કાંઈ નથી.. એને હવે આ દુનિયાના દુન્યવી સંબંધોમાં રસ નથી. એને મન આજે ન તો કોઈ ભાઈ કે ન કોઈ બહેન.. એ ભલો અને એનો ગોવર્ધન ભલો." કહાનભાઈએ કહ્યું.

ગોવિંદસ્વામી.. એમની ધૂનમાં, એમની ભક્તિમાં એટલા તો લીન થઈ ગયા હતા કે એક વાર કહાનબાઈએ એમને ટપાર્યા પણ ખરા: "અલ્યા ગોવિંદા, આ તારી એકની એક છોકરી બિચારી માવતરે ખાસ રહેવા આવી છે, ત્યારે તું એની સાથે બોલતો પણ નથી! આમ કેમ ચાલે? ભાઈ, દીકરીના હૃદયને કેવું દુ:ખ થાય? તું દીકરીને 'બેટા કેમ છે' એ પણ પૂછતો નથી. તું કેમ આવી, ક્યારે આવી, શું કામ આવી.. સાસરે બધાં ક્ષેમકુશળ તો છે ને... એવું પૂછવાનો વિવેક તેં ગુમાવી દીધો છે, ભઈલા?"

"બેના.. સાંભળ..ભગવાને મને એક મન-ચિત્ત આપ્યું છે.. બોલ, એ ચિત્ત - એ મનને હું કાં દીકરીમાં લગાડું કે પછી મારા કનૈયામાં.. દીકરી તો માયાનું મહોરું છે.. ક્ષણિક છે.. જ્યારે મારો કનૈયો તો અવિનાશી છે, નિરંતર છે, અવિચળ છે. મારો સંબંધ ક્ષણિક ભોગ, માયા..અને મહોરાનો નથી..મારે તો અવિનાશી પરમાત્માના પરમતત્ત્વને પામવું છે..મારા થી ગોવર્ધનનાથ સાથે હું સંબંધ બાંધું તો જીવનો તો ઉદ્ધાર થાય!"

એ દિવસે કહાનબાઈની ભત્રીજીએ જ્યારે રજા માગી, ત્યારે એના હૈયામાં એક જ રંજ રહી ગયો કે પિતા એની સાથે બોલ્યા નહીં!

"ફોઈબા..." ભત્રીજી બોલી.

"શું છે?"

"મારે જતાં જતાં શ્રી વલ્લભકુળનાં વહુજી-બેટીજીના આશીર્વાદ લેવા છે, તો તમે સાથે આવો." ભત્રીજીએ કહ્યું.

"ચાલ બેટા..." કહેતી કહાનબાઈ આગળ વધી.

"જે-જે..આ ગોવિંદસ્વામીની દીકરી છે. નાની ઉંમરથી જ સંપ્રદાય સાથેનો એનો નાતો જોડાઈ ગયો છે."

"અરે બેટા, તું ગોવિંદદાસની દીકરી છે?" કહેતાં વહુજી-બેટીજીઓએ એના પર પ્રસન્ન થઈ પ્રેમથી એને આવકારી.

કહાનબાઈ અને એની ભત્રીજીના આશ્ચર્ય વચ્ચે વલ્લભકુળનાં વહુજી અને બેટીજીએ ગોવિંદસ્વામીની દીકરીને પ્રેમથી સાડી, ચોળી અને ઉપરણાની ભેટ આપી પ્રસન્ન કરી દીધી.

''ફોઈબા, આશીર્વાદ આપો, હવે હું મારા સાસરે જાઉં છું.''

''જા, બેટા...મારા આશીર્વાદ છે..''

''બાપુ તો નથી, કોને ખબર ક્યારે આવશે, પણ ફઈબા...'' કહેતાં ભત્રીજીનું હૈયું ભરાઈ ગયું.

''બેટા, કોચવા મા...'' - કહાનબાઈ પણ દ્રવિત સ્વરે બોલ્યાં.

''ફોઈબા...મારા ભગત બાપુનું ધ્યાન રાખજો..તેમની તબિયતની સંભાળ રાખજો...અને ફોઈબા..બાપુ આવે ત્યારે કહેજો કે એમને એમના શ્રીજીબાવાની સાથે-સાથે એક દીકરી પણ હતી.''

- અને ગોવિંદસ્વામીને મળ્યા વગર જ એમની દીકરીએ સાસરવાટ પકડી...

''ગોવિંદા, દીકરી ગઈ! જતાં જતાં તારા માટે સંદેશો કહેતી ગઈ છે કે મારા બાપુને કહેજો કે શ્રીજીબાવાની સાથેસાથે એક દીકરી પણ હતી...''

''હેં...આવું બોલી ગઈ?'' ગોવિંદસ્વામીથી બોલાઈ ગયું. આંખો સામે દીકરીનો દયામણો ચહેરો ઊપસી આવ્યો.

''અરે કહાનબાઈ...પછી દીકરીને કાંઈ આપ્યું ખરું?'' - ગોવિંદસ્વામીને ''વહેવાર'' યાદ આવ્યો.

''અરે, આપણું વલ્લભકુળ તો એટલું કૃપાળુ છે તે એ વહુજી-બેટીજીને પગે લાગવા ગઈ ત્યારે એને સાડી-ચોળીથી શણગારીને એને વિદાય આપી.'' કહાનબાઈ હોંશભર્યા સ્વરે બોલી ઊઠી.

''હેં...શું કહ્યું? ગુરુઘરનું લઈને દીકરી સાસરે ગઈ!'' કહેતાં ગોવિંદસ્વામી દીકરીની પાછળ દોડ્યા. એકાદ કોસનો પંથ કાપી ચૂકેલી દીકરીને દૂરથી જોતાં બૂમ પાડી:

''અરે છોરી, ઠહરિયો...''

'છોરી'એ પાછળ નજર કરી તો એના ''બાપુ'' શ્વાસભેર દોડતા એની પાછળ આવી રહ્યા હતા. વૈશાખી લૂ વાતાવરણમાં ઘૂમી રહી હતી. ધોમ તડકામાં ગોવિંદસ્વામી ઉઘાડા પગે દોડતા દીકરી પાસે આવી પહોંચ્યા. આખું શરીર હાંફતું હતું. પરસેવે રેબઝેબ ગોવિંદસ્વામીએ...દીકરી પાસે પહોંચતાં જ પૂછ્યું:

''બેટી...તને આપણા 'ગુરુ-ઘર'નાં વહુજી-બેટીજીએ, તું એમના ચરણસ્પર્શ કરવા ગઈ ત્યારે, કાંઈ આપ્યું હતું?''

''હા, કેમ...સાડી-ચોળી...અને ઉપરણો ઓઢાડ્યાં હતાં.''

"ઘોર અનર્થ થઈ ગયો છોરી! ચાલ, પાછી વળ અને જે કાંઈ તને વહુજી-બેટીજીએ આપ્યું હોય તે આ જ ઘડીએ પાછું આપી દે..નહીં તો તું પાપમાં પડીશ અને એ પાતકના કારણે જિંદગી આખી દુઃખી-દુઃખી થઈ જઈશ."

"બાપુ...પણ..."

"બેટા...શ્રી વલ્લભકુળ તો આપણું 'ગુરુ-ઘર' કહેવાય.. ગુરુને દક્ષિણારૂપે કંઈ પણ અપાય..એમના ઘરનું કાંઈ લેવાય નહીં...આપણો માર્ગ સમર્પણનો માર્ગ છે.. અરે, આપણે દર્શન કરીએ છીએ ત્યારેય ભિખારી બની ભગવાન પાસે કાંઈ માગતાં નથી... આપીએ છીએ..આપણું ચિત્ત...આપણો અહં..આપણું સર્વસ્વ...આપી દેતાં હોઈએ છીએ.."

ડાહી દીકરી વહુજી-બેટીજીએ આપેલી બધી જ ભેટસોગાદો પાછી આપીને ગોવિંદસ્વામીને ઘરે પાછી ફરી ત્યારે ગોવિંદસ્વામી કહાનબાઈને ઠપકો આપતા પૂછતા હતા:

"કન્હીયાં (કાનબાઈ), તેં દીકરીને ઘરમાંથી કાંઈ પણ શા માટે ન આપ્યું?"

તે સાંભળી કહાનબાઈએ હળવેકથી સંભળાવ્યું: "કોને આપું? શું આપું? તારે ને આ છોકરીને શો સંબંધ, ગોવિંદા.. તારો સાચો સંબંધી તો શ્રીનાથજી છે. તેં તો તન-મન-ધન બધું એમને સમર્પી દીધું છે...તારી પાસે છે શું તે આપું?"

૮. 'પ્રભુ તો ભાવનાના ભૂખ્યા છે'

પ્રાત:કાળનો સમય હતો. ગોવિંદસ્વામી બ્રાહ્મમુહૂર્તમાં નિત્યકર્મથી પરવારીને, સ્નાનાદિક કાર્ય પતાવી, મહાવનથી ગોકુલ જવા નીકળ્યા. ઠંડીના દિવસો હતા. ટાઢથી એમનું અંગ ધ્રૂજતું હતું. પૂર્વના આકાશમાં હજી અંધારાનાં દળોનું રાજ્ય હતું. ગોવિંદસ્વામી બે હાથને ભીડી, દાંત કચકચાવતા "ગિરિરાજધરણ પ્રભુ, તુમ્હારે શરણ"નો તૂટતા શબ્દોમાં જાપ કરતા જશોદાઘાટ પર પહોંચ્યા અને સ્થિર થઈ ગયા. એમની જગ્યાએ એક વૈરાગી ધૂણી ધખાવીને બેઠોબેઠો મોટા ઘોઘરા અવાજે કોઈક પદ ગાઈને આજુબાજુના નિદ્રામાં પોઢેલા લોકોની શિયાળાની હૂંફાળી ઊંઘ બગાડતો હતો.

ગોવિંદસ્વામી પણ એક ક્ષણ સુધી તાપણા પાસે ઊભા રહી વૈરાગીનું તાલમેલ વગરનું ઘોઘરા અવાજે ગવાતું ગીત સાંભળતા ઊભા રહી ગયા.

ઓચિંતી ઘાટની આજુબાજુનાં મકાનની બારીઓ ખૂલતી એમણે નિહાળી. બારીમાંથી "ભેંસાસૂર"ના અવાજે રાગડા તાણતા વૈરાગી પર અણગમો વરસાવતા વ્રજવાસીઓને જોઈ ગોવિંદસ્વામીને ઘાટથી નજીકના અંતરે મંદિરમાં પોઢેલા બાળસ્વરૂપ શ્રી નવનીતલાલજીની નિદ્રાનો વિચાર આવી ગયો. વૈરાગીના ઢંગધડા વગરના રાગડા સાંભળી બાળસ્વરૂપ શ્રી લાડલેલાલની નિંદ્રાને ખલેલ પહોંચે તે ગોવિંદસ્વામીથી ખમાય એમ નહોતું.

"અરે ઓ વૈરાગી!" ગુસ્સામાં ગોવિંદસ્વામી બરાડ્યા.

વૈરાગી ચમક્યો. એણે તાપણામાંથી સળગતું સાંઠીકડું લીધું, થેલામાંથી ચલમ કાઢી એમાં તમાકુ ભરીને નિરાંતે તાપણાના સળગતા સાંઠીકડાથી ચલમ સળગાવીને ગોવિંદસ્વામી સામે જોયું.

"શું છે?" વૈરાગી બોલ્યો.

"વૈરાગીજી, તમે કૃપા કરી તમારો આ 'ભેંસાસૂર' બંધ કરશો?" - અકળાઈને ગોવિંદસ્વામી બોલી ઊઠ્યા.

"કેમ...કેમ...અમને ભગવાનની કીર્તનસેવા કરવાનો અધિકાર નથી કે શું?" વૈરાગીએ ચલમનો એક કસ મારતાં પૂછ્યું.

"અરે, ભાઈ, ભગવાનનું ભજન કરવાનો તો સૌને અધિકાર છે, પરંતુ એ અધિકારનો ઉપયોગ - ભગવાન પ્રસન્ન થાય એ રીતનો થવો જોઈએને?"

"તે શું હું ભગવાનનું ભજન બરોબર નથી કરતો?"

"સંગીતના સહારે તો નથી કરતા, વૈરાગીજી...તમે ભજન ગાઈ રહ્યા છો શા માટે?"

"મારા રામને રીઝવવા માટે."

"રાગડા તાણવાથી રામ ન રીઝે...કાનના પડદા ફાટી જાય એવા મોટા કર્કશ અવાજે તમે જે રીતે ભજન ગાઓ છો, એ સાંભળીને તો રીઝેલા રામ પણ ખિજાઈને હાથમાં ધનુષ્ય-બાણ લઈને તમારી સામે ખડા થઈ જશે..આ જુઓ, સામેની બંધ બારીઓ તમારા રાગડાથી ખૂલી ગઈ છે..અને નિરાંતે ઊંઘતાં નગરવાસીઓ, એમની ઊંઘ બગડતાં, તમારી સામે દાંતિયાં કરે છે. નથી તમારા ભજનમાં ઠેકાણાં કે નથી રાગમાં ઠેકાણાં, માત્રામેળ ક્યાંય દેખાતો નથી કે નથી તાલનાં ઠેકાણાં...અને જે રાગમાં ગાઓ છો એ રાગ પણ અશુદ્ધ છે. તમે ભજન ગાઈ...સંગીતનું ખૂન કરો છો..કર્કશ અવાજથી લોકોની ઊંઘ બગાડો છો. અને મારા વહાલા નવનીતપ્રિયાજી કે જે બાળસ્વરૂપે બિરાજે છે, એમની પરેશાની પણ વધારી દ્યો છો.. તમે શાંતિથી યમુનાતટે આસન જમાવી, ધીમા સ્વરે રામના જાપ કરશો તો તમારો રામ રાજી થશે..."

"આપ કોણ મહાનુભાવ છો? આપે મારી ક્ષતિઓ બતાવી, પુણ્ય કરવા જતાં પાપમાં પડતો બચાવ્યો છે- મહારાજ! આપનો પરિચય આપશો?" વૈરાગી સમજુ હતો - એણે ગોવિંદસ્વામીનો પરિચય માગતાં પૂછ્યું.

"વૈરાગીજી, મને ગોકુલગામના લોકો 'ગોવિંદદાસ' તરીકે ઓળખે છે.."

"શું તો આપ... આપ જ ગોવિંદસ્વામી...? આપ તો સ્વામીજી, મુલ્કે મશહૂર છો. સારાય ભારતમાં આજે તમારા નામના ડંકા વાગે છે...તમારા કંઠનું માધુર્ય, રાગરાગિણીનો ઊંડો અભ્યાસ, પદોમાં રહેલી ઉચ્ચ કોટિની ભાવના...સરસ શબ્દોની બાંધણી...સ્વામીજી, આપનાં પદો અને સંગીતના જ્ઞાનની ખ્યાતિ સાંભળી, તાનસેન જેવો ભારતભરનો અવ્વલ દરજ્જાનો ગવૈયો આપનાં ચરણ તળાંસતો - યોગ્ય શિક્ષા લેવા અહીં આવ્યો હતો! આપને મળી ખૂબ ખૂબ આનંદ થયો..." વૈરાગી બોલી ઊઠ્યો. એનું તોછડાપણું, અહં, નિઃસ્પૃહપણું - બધું જ એક જ ક્ષણમાં ઓગળી ગયું.

"ભાઈ...હું તો આમાનું કાંઈ જ નથી...હું તો છું મારા ગોપાલનો અનુરાગી નાનકડો સેવક...અંતરમાં બિરાજતો મારો ગોવર્ધનનાથ જે કાંઈ સુઝાડે છે જેવું સુઝાડે છે..એ રજૂ કરું છું. મારામાં પણ એક દોષ રહેલો છે...અને તે એ કે.. જે કાંઈ આપણા ઇષ્ટદેવને સમર્પણ કરવું એ શ્રેષ્ઠ જ અર્પણ કરવું...એનો હું આગ્રહી છું. તમારા ગળામાં ગીત-સંગીતનું માધુર્ય, સંગીતશાસ્ત્રનું પૂર્ણ જ્ઞાન તેમજ ઇષ્ટદેવ પ્રત્યેનો જે ભાવ, લાગણી, ઉત્કટતા, વિરહ હોવાં જોઈએ એનો અભાવ હતો...અને પ્રભુ સમક્ષ આ "ભાથા" વગર જઈએ તો..પ્રભુ રીઝે નહીં, તમારો રામ રીઝે નહીં...એ વાત તમારા ધ્યાન પર લાવવા માટે જ મેં આપને ગાવા માટેનો નિષેધ કર્યો હતો..." - ગોવિંદસ્વામી સ્પષ્ટતા કરતાં બોલી ઊઠ્યા.

"સ્વામીજી...આપે મારા પર છવાયેલા અહં અને અજ્ઞાનનાં પડળનો નાશ કર્યો છે...હવે મારી એક જ વિનંતી છે.. આપ સ્વીકારશો?" અલગારી અવધૂત વૈરાગી બોલી ઊઠ્યો.

"શી વાત છે, વૈરાગીજી!"

"આપણા રામને રીઝવવા આપના મુખેથી એક પદ સાંભળવું છે." ગોવિંદસ્વામી હસ્યા. વૈરાગીને ખભે હાથ મૂકી બોલ્યા:

"ચાલો મારી સાથે મારા લાડલેલાલનાં દર્શને...ત્યાં આપણે પદ ગાઈ શ્રી નવનીતલાલજીને રીઝવીશું." અને પ્રસન્નચિત્તે મંગળાનાં દર્શનની "મંગલમૂર્તિ"નાં દર્શન કરતાં જ ગોવિંદસ્વામી ગાઈ ઊઠ્યા:

પ્રાત સમય ઉઠિ જસુમતી જનની, ગિરિધર સુત કો ઊબટિ ન્હવાવતિ
કરી સિંગાર બસન ભૂષન સજિ, ફૂલન રચિ રચિ પાગ બનાવતિ"

○ ○ ○

રૂપો પોળિયો મસ્ત આદમી હતો.

ગોપાલપુરના સનાઢ્ય કુટુંબમાં જન્મેલા રૂપા પોળિયાનાં માબાપ સાવ નાની ઉંમરમાં મરી ગયાં હતાં. રાતદિન ગિરિરાજની કંદરાઓમાં એના મોટા ઘોઘરા અવાજે આવડે તેવાં પદો ગાતો ફર્યા કરે. એક દિવસ એ ગુસાંઈજી પાસે આવીને દંડવત્ કરી હાથ જોડતો બોલી ઊઠ્યો:

"કૃપાનાથ...માબાપ મરી પરવાર્યાં છે, ઘરે કોઈ નથી. કૃપા કરી મને શરણે લ્યો...અને રાતદિન શ્રીજીબાવાની કંઈક ટહેલ-સેવા આપો."

વીસેક વર્ષના અલમસ્ત પહેલવાન રૂપા પોળિયાને શ્રીગુસાંઈજી ઓળખી ગયા...દિલનો સાફ, ભોળોભલો રૂપો પોળિયો સ્વભાવે રાજસ ભક્ત હતો. લીલામાં તેનું નામ રાસૌ ગોપ હતું. શ્રીજીબાવા પ્રત્યેની એની આસક્તિ ઘણી હતી. અવારનવાર એને એ ગિરિરાજજીની કંદરાઓમાં, વાટેઘાટે મળી જતો...અને મળતાં જ ભાવભર્યા દંડવત્ કરતો...એના કર્કશ અવાજે..કોઈક પદ ગાવા માંડતો..

"રૂપા..."

"શું છે?"

"તને હું બ્રહ્મસંબંધ આપીશ, પણ પછી ઠાકોરજીની સેવા રોજ કરવી પડશે."

"કૃપાનાથ..આપ જે કાંઈ સેવા સોંપશો એ તન મન અને ધનથી નિષ્ઠાપૂર્વક કરીશ."

શ્રીગુસાંઈજીએ "બ્રહ્મસંબંધ"નો મંત્ર આપ્યો અને કહ્યું, "જો, રૂપા.. હું તને શ્રીજીબાવાના મંદિરની સિંહપોળની રખેવાળી કરવાની સેવા સોંપું છું. રાત્રે ચોકીપહેરો ભરવાનો..આવતા-જતા લોકો પર નજર રાખવાની અને શ્રીજીબાવાનું નામ લેવાનું.."

"જેવી આજ્ઞા..રોજ રાતદિવસ 'ગિરિરાજધરણ..શ્રીજી તમારે શરણ'ની ધૂન બોલતો રહીશ.. અને આવડશે એવાં પદો ગાઈ શ્રીજીબાવાને નિંદરું આવે એવું કરતો રહીશ.." - કહેતો રૂપો પોળિયો સિંહપોળના ઓટલે જઈ બેસી ગયો.

રાતદિવસ 'શ્રીજી તમારે શરણ'ના જાપ અને પદોની રમઝટના પરિણામે રાતવરત શ્રીજીબાવા પણ મંદિરના શયનકક્ષમાંથી ક્યારેક ક્યારેક આવીને રૂપા પોળિયાના ઘોઘરા અવાજે ગવાતાં ગાંડાંઘેલાં પદો સાંભળતા...અને પછી તો શ્રીજીબાવાને એવી તો ટેવ પડી ગઈ કે જ્યાં સુધી રૂપા પોળિયાનાં ઘોઘરા અવાજનાં પદો સાંભળે નહીં ત્યાં સુધી એમને ઊંઘ ન આવે.

ગોવિંદસ્વામી રોજ સાંજે શયનનાં દર્શન કરી...એમના સૂરીલા કંઠે ઠાકોરજીને પોઢાડવાનાં પદો ગાઈને સિંહપોળમાંથી ગોવિંદકુંડ એમની કદમખંડીની ઝૂંપડીમાં જતા ત્યારે રૂપા પોળિયાનાં ગાંડાંઘેલાં, રાગતાલનાં ઠેકાણાં વગરનાં પદો સાંભળીને ત્રાસી જતાં.

એમને થતું કે એ કેવા સૂરીલા કંઠે, તાલમેલવાળાં, રાગરાગિણીવાળાં પદો ગાઈને ઠાકોરજીની આંખોમાં નિંદરુંનાં ધણ ઠાલવી દેતા હતા..અને ઢોલિયે પોઢવા જતા શ્રીજીબાવાની ઊંઘ આ રૂપા પોળિયાના બરાડાથી ઊડી જતી હશે..

ગોવિંદસ્વામીથી એક દિવસ રહેવાયું નહીં. એમને મનમાં ગર્વ થયો કે થોડા સમય પહેલાં પેલા વૈરાગીના ઢંગઢડા વગરના ઘોઘરા અવાજે ગવાતાં પદોને એમણે દમ મારીને કેવાં બંધ કરી દીધાં હતાં! એમણે મસ્તીમાં મોટા અવાજે..એમનું જ પદ "ચાર પહર કીને રસ રંગ, અરૂન નૈન રતિ રસમસે અંગ" ગાતા રૂપા પોળિયાને ધમકાવી નાખ્યો:

"અલ્યા રૂપા, તું તારા ઢંગધડા વગરના અવાજે પદો ગાવાનું બંધ કર. શ્રીજીબાવાની તારા ઘોઘરા અવાજે ગવાતા રાગડાથી ઊંઘ ઊડી જાય છે. તું તારે બેઠો બેઠો શ્રીજીબાવાના જાપ કરતો રહે...અને એ પણ સાવ ધીમા અવાજે...શ્રીજીબાવાને પોઢાડવાનાં પદો ગાવાવાળા અમે છીએને..."

"જેવી આજ્ઞા...તમે કહો છો તો નહીં ગાઉં. મારો મૂઓ અવાજ જ એવો છે કે તમે કહો છો તેમ શ્રીજીબાવાને ઊંઘવામાં જરૂર કષ્ટ પડતું જ હશે. હવે પછી, સ્વામીજી, શ્રીજીના સુખનો વિચાર કરી મોટા અવાજે ક્યારેય પદો નહીં ગાઉં." -

શરીર અલમસ્ત, પણ સ્વભાવના રાંક ભોળા રૂપા પોળિયાએ એ સાંજથી એના ગાંડાઘેલા ભાવભર્યાં પદો ગાવાનું બંધ કર્યું.

ગોવિંદસ્વામી રુઆબભેર - ગર્વીલું સ્મિત વેરતા ચાલ્યા ગયા.

આ બાજુ રાત્રીની "જાગતા રહેજો"ની આલબેલ મંદિરના પરિસરમાં સમયાનુસાર ગાજતી રહી. શય્યામાં પોઢેલા શ્રીનાથજીને ચેન નહોતું પડતું. ઊંઘ હરામ થઈ ગઈ હતી. આમ ને આમ બે રાત પસાર થઈ ગઈ. એક રાત્રે "ક્યાં મૂઓ છે પેલો રૂપો પોળિયો" - કહેતા શ્રીજીબાવા શય્યામાંથી ઊઠ્યા. અને સિંહપોળના ઓટલે "ગિરિરાજધરણ પ્રભુ તુમ્હારે શરણ"ના જાપ જપતો રૂપો પોળિયો શ્રીજીબાવાને બદલે નિદ્રાને શરણ થઈ બેઠોબેઠો ઝોલાં ખાતો હતો.

"ચાલ ઊઠ...ઊંઘે છે શાનો...મને ભૂખ લાગી છે." - શ્રીનાથજીબાવાએ એક ચમચમતી લાત ઝોલે ચડેલા રૂપા પોળિયાને મારી. બિચારો રૂપો પોળિયો ઝબકીને જાગી ગયો અને આંખો ખોલી નજર કરે છે તો સાક્ષાત્ શ્રીજીબાવાની ઝળાંહળાં તેજમૂર્તિ એની સામે ખડી હતી. ઝળહળતા તેજપ્રવાહમાં એની આંખો અંજાઈ ગઈ.

"કૃપાનાથ...અપરાધ ક્ષમા કરજો...અને ગુસાંઈજી બાવાને વાત ના કરશો...મારી તમારી સેવા છૂટી જશે!" - રૂપો પોળિયો બોલી ઊઠ્યો.

"જલદી કર...મેં તને કહ્યું ને કે ભૂખ લાગી છે..." - કહેતાં શ્રીજીબાવાનો તેજપ્રવાહ ધીમેધીમે વિલીન થતો મંદિરમાં પ્રવેશી ગયો.

શું ચમત્કાર થયો એનો વિચાર કર્યા વગર જ રૂપો પોળિયો મોટાં મોટાં ડગલાં ભરતો દોડીને શ્રીગુસાંઈજી પાસે પહોંચી ગયો. કુટિરમાં ભરનિદ્રામાં પોઢેલા શ્રીગુસાંઈજી મહારાજના હળવે હાથે ચરણ દબાવતો જાય ને "ગિરિરાજધરણ"નો જાપ જપતો જાય. શરીર આખું ભયથી કંપતું હતું...એને ડર હતો કે આવી ઘોર અંધારી રાત્રે શ્રીગુસાંઇજીને ઉઠાડી...એ એમનો રોષ પણ વહોરી લેવાનો હતો. એની "નોકરી" જોખમમાં હતી, પરંતુ શું થાય? શય્યાઘરમાંથી શ્રીજીબાવા સ્વયં સિંહપોળ સુધી પધારી, એ ભૂખ્યા હતા એની ફરિયાદ એને લાત મારીને કરી ગયા હતા...શ્રીજીબાવાના લાતપ્રહારથી હજી કમર દુખતી હતી. શ્રીગુસાંઈજી પણ ઝબકીને જાગી ગયા અને જોયું તો સામે સિંહપોળનો રખેવાળ રૂપો પોળિયો ઊભો હતો.

"કૃપાનાથ...કૃપાનાથ..." - હજી શ્રીગુસાંઈજી એના પર ગુસ્સે થઈ કાંઈ પણ ઠપકો આપે એ પહેલાં બન્ને હાથ જોડી... "કૃપાનાથ...કૃપાનાથ" કરતો રૂપો પોળિયો..ઊભો રહી ગયો. એના બોલવામાં શબ્દો ડરના માર્યા લથડતા હતા. શરીરે ભયના માર્યાં પ્રસ્વેદબિંદુઓ જામી ગયાં હતાં.

"કૃપાનાથ...આપણા શ્રી ગોવર્ધનનાથ ભૂખ્યા છે.." - રૂપા પોળિયાએ માંડમાંડ વાક્ય પૂરું કર્યું.

"શું કહ્યું? શ્રીજીબાવા ભૂખ્યા છે?"

"હા, કૃપાનાથ! નિજમંદિરના શય્યાઘરમાંથી સ્વયં ઊઠી, મને લાત મારી, ઊંઘતો ઉઠાડી કહી ગયા કે હું ભૂખ્યો છું."

શ્રીગુસાંઈજી સાવધાન થઈ ખભે ઉપરણો નાખી મંદિરમાં પધાર્યા; રાતોરાત ભીતરિયા, જલઘરિયા..ઇત્યાદિને ઉઠાડી રાતોરાત બાવા માટે સામગ્રી સિદ્ધ કરાવી. નિજમંદિરમાં પ્રવેશી...શય્યાઘરમાં પધાર્યા...અને બોલ્યા:

"કૃપાનાથ...પધારો, સામગ્રી તૈયાર છે.." -

શ્રીજીબાવા શય્યાત્યાગ કરીને નિજમંદિરમાં પધાર્યા..

શ્રીગુસાંઈજીની ચકોર નજર શ્રીજીબાવાનાં નેત્રો પર ગઈ.

"બાવા..આપ તો ભૂખના માર્યા સારી રાત ઊંઘ્યા લાગતા નથી કે શું? - શ્રીગુસાંઈજીએ પૂછ્યું.

"કાકાજી...આ રૂપા પોળિયોય ગજબનો છે!" શ્રીજીબાવા બોલ્યા.

"કેમ, શું થયું?"

"આ મારાં નેત્રો જુઓ છો ને? કાંઈ ખ્યાલ આવે છે?"

"કૃપાનાથ...આપની આંખોમાં ઘેન ભર્યું છે, પણ ઊંઘ આવતી હોય એમ લાગતું નથી."

"ક્યાંથી આવે?" છણકો કરતાં શ્રીજીબાવા બોલ્યા.

"ભૂખ્યા પેટે ઊંઘ ન આવે, બાવા! વાત સમજી શકાય તેવી છે. અપરાધ ક્ષમા કરશો.."

"કાકાજી...મને ભૂખ તમારા રાજભોગની નથી લાગી. મને તો ભૂખ લાગી છે પેલા રૂપા પોળિયાના ઘોઘરા અવાજે બરાડા પાડી ગવાતાં પદોની..બિચારો રોજ રાત્રે ભોળાભાવે ગાંડાઘેલા રાગમાં કેટલા ભક્તિભાવથી પદો ગાતો હતો...એને પદો ગાતો બંધ કર્યો..અને મારી નિંદ હરામ કરી.." શ્રીજીબાવાએ આર્તનાદે શ્રીગુસાંઈજીને ફરિયાદ કરી. શ્રીગુસાંઇજીએ રૂપા પોળિયાને ખવાસ દ્વારા બોલાવ્યો. રૂપો પોળિયો..ભયથી ધ્રૂજતો શ્રીગુસાંઈજી પાસે આવીને બે હાથ જોડી ઊભો રહ્યો.

"રૂપા...તું રોજ રાત્રે સિંહપોળના ઓટલે બેસી મોટા અવાજે પદો ગાતો હતો?" શ્રીગુસાંઈજીએ પૂછ્યું.

"હા, કૃપાનાથ, ભૂલ થઈ ગઈ...ક્ષમા કરો! મારો અવાજ ઘોઘરો છે. વળી રાગરાગિણી, તાલ, લય, માત્રામેળ પણ હું જાણતો નથી. અને રોજ રાત્રે ભાંભર્યા કરું છું.. મારા થકી શ્રીજીબાવાને કાંઈ પણ કષ્ટ પડ્યું હોય તો ક્ષમા માગું છું..આપણા ગોવિંદસ્વામી સાચું જ કહેતા હતા..." રૂપો પોળિયો ભોળાભાવે ધ્રૂજતા સ્વરે બોલી ઊઠ્યો.

"ગોવિંદસ્વામી? એમણે વળી તને શું કહ્યું?" - શ્રીગુસાંઈજીને આશ્ચર્ય થયું: આમાં વળી "ગોવિંદસ્વામી" ક્યાં આવ્યા?

"કહેતા હતા કે રૂપા, તારા ઢંગધડા વગરનાં, રાગ-બેરાગમાં ગવાતાં પદો ગાવાનું બંધ કર.. ઠાકોરજીને તારા કર્કશ અવાજે ગવાતાં પદોથી ઊંઘ હરામ થઈ જતી હશે.. રોજ શ્રીજીબાવાને મારા સૂરીલા કંઠે ગવાતાં પદોથી ઊંઘ આવે છે, એ ઊંઘ તારા કર્કશ ઘોઘરા અવાજે ગવાતાં પદોથી ઊડી જાય છે, માટે તું પદો ગાવાનું બંધ કર.. કૃપાનાથ, એમના કહેવાથી હું છેલ્લા બે દિવસથી, મનમાં તો ઘણો ઉછાળો આવે છે, તોય પદો ગાતો નથી.. કૃપાનાથ, મારા વતી શ્રીજીબાવાને ખાસ કહેજો કે હું મારા ઘોઘરા અવાજે પદો ગાઈને તેમની નિદ્રામાં ખલેલ નહીં પાડું, કૃપાનાથ! ક્યારેય નહીં પાડું" - કહેતાં રૂપો પોળિયો રડી પડ્યો.

"રૂપા, આજથી તું તને આવડે એવાં અને ભગવાને દીધેલા કંઠે, કાંઈ પણ વિચાર કર્યા વગર જેવાં આવડે એવાં પદો ગાજે.."

"ખરેખર, કૃપાનાથ? આપ શું કહો છો! પેલા ગોવિંદસ્વામી મારા પર ખિજાશે તો?"

"કોઈ તારા પર નહીં ખિજાય, રૂપા! તું કેટલો ભાગ્યશાળી જીવ છો! પ્રભુ તો ભાવનાના ભૂખ્યા છે..એ વાત તેં તારાં પદો ગાઈને સિદ્ધ કરી નાખી..તારાં પદોની ભૂખ શ્રીજીબાવાને લાગી હતી..અને એટલે અડધી રાત્રે તને લાત મારી જગાડ્યો હતો..એ તો કહેવા માગતા હતા કે રૂપા, મને તારા મોઢે પદો સાંભળવાની ભૂખ લાગી છે.. તારાં પદો સાંભળ્યા વગર રાત્રે ઊંઘ નથી આવતી.. અને તું, ગાંડિયા...અડધી રાત્રે મારી પાસે દોડી આવ્યો! જા તારા સિંહપોળના ઓટલે અને લલકારવા માંડ તારાં પદો.."

"કૃપાનાથ...આપણા કૃષ્ણદાસે ખોટું નથી કહ્યું...આપ તો "પરમકૃપાળુ શ્રી વલ્લભનંદન" છો..."

અને રૂપો પોળિયો..નાચતો-કૂદતો એના ઘોઘરા અવાજે પદો લલકારતો સિંહપોળના ઓટલે પહોંચી ગયો.

ગોવિંદસ્વામીને ખબર પડી કે રૂપો પોળિયો ફરી એક વખત એના અસહ્ય અવાજે પદો ગાતો થઈ ગયો છે, ત્યારે એ ધૂંધવાતા ચિત્તે શ્રી વલ્લભનંદન પાસે પહોંચ્યા અને બોલી ઊઠ્યા:

"કૃપાનાથ..આપે શું કર્યું? શ્રીજીના સુખ માટે મેં રૂપા પોળિયાને પદો ગાંગરતો બંધ કર્યો હતો અને તમે એને પાછો પદો ગાતો કરી દીધો?"

"ગોવિંદદાસ.. પ્રભુની ઇચ્છા હતી કે રૂપા પોળિયાને એનાં પદો ગાવા દેવાં. એનાં પદો સાંભળીને જ એમને ઊંઘ આવે છે.. હવે આમાં આપણું શું ચાલે? કલાકારની દૃષ્ટિએ તમે સાચા છો, પરંતુ પ્રભુમાં શુદ્ધભાવ સાથે જે કાંઈ પીરસાય એનું તો મૂલ્ય જ અનન્ય હોય છે...ભગવાન ભાવના ભૂખ્યા છે.. અને એ ભાવ રૂપા પોળિયાના અણુ-અણુમાં ભર્યા છે". "શ્રીગુસાંઈજી બોલ્યા.

"સારું ત્યારે, પ્રભુને ગમ્યું તે સાચું - રૂપાને ગાવા દ્યો. મને શું ખબર કે શ્રીજીબાવાને મન ગોળ અને ખોળ બન્ને સરખા છે!"

૯. કદમ ચઢિ કાન્હ બુલાવત ભૈયા

ઉત્થાપનનો સમય થઈ ગયો હતો.

શ્રી વલ્લભનંદન વામકુક્ષી કરી ઉત્થાપનના સમયે શ્રી ગિરિરાજી ઉપર મંદિરમાં પધાર્યા ત્યારે વહેતા વાયરાની ઠંડક એમના શરીરમાં સ્ફૂર્તિદાયક બની રહી હતી. ગિરિરાજજીના પશ્ચિમનાં શિખરો પર સૂર્યકિરણોના લાંબા પડછાયા પ્રસરી રહ્યા હતા. તળેટીની ગિરિકંદરામાંથી પંખીઓનો કલશોર વધી રહ્યો હતો. વનમાંથી ગાયો એના ગોવાલો સાથે ચારો ચરી ગોપાલપુર ગામમાં પાછી ફરી રહી હતી. એના પગની ખરીમાંથી ઊડતી વ્રજરજ વાતાવરણને ધુમ્મસી બનાવી રહી હતી. ગોધૂલિનો સમય હતો...

મંદિરમાં સ્નાન કરી, "અપરસ"માં એ નિજમંદિરમાં પ્રવેશ્યા અને એક નજર સિંહાસન પર કરી.. શ્રીજીબાવા મસ્ત અદાથી સિંહાસન પર બિરાજી રહ્યા હતા. ચહેરા પર થોડીક વિહ્વળતા અને ઘાંઘાપણું લાગતું હતું. શ્રીગુસાંઈજીને જોઈ ડાહ્યાડમરા થઈને બેઠેલા શ્રીજીબાવાના ચહેરા પર તોફાની સ્મિતની એક લહર ઊપસી આવી.

થોડીવાર પહેલાં જ એમણે શ્રીગુસાંઈજીને પૂંછરી નજીકના શ્યામઢાક પાસેથી ઉતાવળી ચાલે મંદિરમાં જતા જોયા હતા. શ્રીજીબાવા એ વખતે અન્ય બાલગ્વાલ સાથે રમતા હતા. ઘડીકમાં ખાખરાના વૃક્ષ પર ચડીને મીઠી મધુરી મુરલી બજાવતા ગ્વાલબાલોને નચાવતા, તો ઘડીકમાં નીચે ઊતરી પકડાપકડીના દાવ ખેલતા હતા. ગોવિંદસ્વામી શ્યામઢાકના એક ચબૂતરા પર બેઠાબેઠા શ્રીજીબાવાની લીલા જોતાં જાતને ધન્ય માનતા છાકલીલા પર પદો રચી ગાતા હતા. આથમતો તડકો, હિલોળા લેતા નજીકના અપ્સરાકુંડના જલતરંગો, ફરફર વહેતો પવન, પવનની પાંખે ઝૂલતાં પર્ણોનો રવ, અપ્સરાકુંડમાં જલ ભરવા આવેલી પૂંછરી ગામની લાવણ્યવતી લલનાઓનાં માથાં પર મૂકેલી ત્રાંબાની ગાગર પર પડતાં સૂર્યકિરણોનો પ્રકાશ...અને એમાં મુરલીમનોહરનું મુરલીવાદન...

શ્રીજીબાવાએ શ્રીગુસાંઈજીને ઝડપી પગલે મંદિર તરફ જતા જોઈ ઉતાવળમાં ખાખરાના ઝાડ પરથી કૂદકો માર્યો.. અને પડ્યા સીધા ગોવિંદસ્વામીના ખોળામાં.

"અરે...અરે...આમ કૂદકા મરાતા હશે? ક્યાંય વાગ્યું તો નથી ને મારા વ્હાલાને?" ગોવિંદસ્વામી બોલી ઊઠ્યા.

"અરે, ગોવિંદ...હું જાઉં છું મંદિરમાં...કાકાજી જો મારતે પગલે એ દિશામાં જઈ રહ્યા છે! ઉત્થાપનનો સમય થઈ ગયો છે, એની પહેલાં ટૂંકે રસ્તે મંદિરમાં પહોંચી જાઉં, નહીં તો પાછા કાકાજી પૂછશે, ક્યાં ગયા હતા, શું કામ ગયા હતા, કોની સાથે ગયા હતા..."

"સારું..પધારો..." ગોવિંદસ્વામી હજી તો વાક્ય પૂરું કરે એ પહેલાં ટૂંકા રસ્તે શ્રીજીબાવા દોડી ગયા.

દોડતા જતા શ્રીજીબાવાને સ્નેહાળ નજરે જોતા ગોવિંદસ્વામી ચમક્યા: "અરે, બાવાના જામાની કસ તો આ ખાખરામાં ભરાઈને તૂટીને ડાળીમાં ભરાઈ ગઈ છે ને શું...શ્રીજીબાવાને ખબરે નથી..ને બસ એ તો દોડી ગયા!"

ગોવિંદસ્વામી ચબૂતરા પરથી ઊભા થયા. ગ્વાલબાલો તો શ્રીજીબાવાની વિદાય સાથે એમનાં ગામોમાં ચાલ્યા ગયા હતા. ગોવિંદસ્વામીએ ખભે તંબૂર નાખી મંદિર તરફ ચાલવા માંડ્યું. આ બાજુ શ્રીજીબાવા ગુપચુપ ડાહ્યાડમરા થઈને સિંહાસન પર ચહેરા પર નિર્દોષ ભાવ રમાડતા બેસી ગયા હતા.

ગોવિંદસ્વામી મંદિરમાં આવી, ઉત્થાપનનાં દર્શન કરતી વખતે નટખટ નંદકિશોરના ચહેરા પરની કૃત્રિમ ગંભીરતા જોઈ હસી પડ્યા. શ્રીગુસાંઈજીએ મંદિરનાં દ્વાર ખોલ્યાં...અને ઉત્થાપન કર્યાં. શ્રીજીબાવાની ઝારી ભરતાં શ્રીગુસાંઈજીની નજર શ્રીનાથજીના ફાટી ગયેલા જામાની કસ પર ગઈ. શ્રીજીબાવાના વસ્ત્રપરિધાનમાં દેખાડાઈ ગયેલી બેદરકારીથી શ્રીગુસાંઈજીના મનને ખૂબ જ દુઃખ થયું. એમણે ચૂપચાપ ઝારી ભરી, ઉત્થાપનનો ભોગ ધરાવી બહાર આવ્યા અને રૂપા પોળિયાને બોલાવીને પૂછ્યું:

"રૂપા...અહીં કોણ આવ્યું હતું?"

"કોઈ નથી આવ્યું, કૃપાનાથ..કાંઈ અપરાધ થઈ ગયો મારો?" ગભરાઈને રૂપા પોળિયાએ પૂછ્યું. શ્રીગુસાંઈજી ઉત્તર આપ્યા વગર જ શ્રીજીબાવાનો ઉત્થાપનનો ભોગ સરાવીને ગિરિરાજજી ઊતરીને સીધા પોતાની બેઠકમાં પધાર્યા. એમના જીવને ચેન નહોતું પડતું. અવઘોળાટનો પાર નહોતો. બેદરકારીથી થઈ ગયેલા અપરાધની વ્યથા કાળજાને કોરી રહી હતી.

"કૃપાનાથ.. ભોગ આરતીનો સમય થઈ ગયો છે." - ખવાસે બેઠકજીમાં સૂનમૂન બેઠેલા શ્રી વલ્લભનંદનને કહ્યું.

"ભીતરિયાજીને બોલાવો." - શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી.

"કૃપાનાથ, આપે યાદ કર્યો?" - ભીતરિયો બેઠકમાં પ્રવેશતાં, દંડવત્ કરતો બોલી ઊઠ્યો.

"જુઓ, તમે આરતી કરજો અને બધી જ સેવાને પહોંચજો. મારી રાહ ન જોશો."

ભીતરિયા અને મંદિરના અન્ય સેવકો મંદિરે ગયા. આ બાજુ સાવ એકાકી શ્રીગુસાંઈજી મનોમન પોતાની જાતને દોષિત ઠેરવતા ખુદને કોસી રહ્યા હતા..

"અરરર.. આ શું થઈ ગયું! આજે કેટલા બધા વૈષ્ણવોએ ચિરાઈ ગયેલી જામાની કસનાં દર્શન કર્યાં હશે! એ વૈષ્ણવોએ એમના માટે - એમની બેદરકારી માટે,

કેવો અભિપ્રાય બાંધ્યો હશે?" બેઠકજીમાં ચરણસ્પર્શ કરવા અનેક વૈષ્ણવો આવી પહોંચ્યા. એમાં ગોવિંદસ્વામી પણ હતા. બધા વૈષ્ણવોએ ચરણસ્પર્શ કર્યા, ચરણભેટ ધરી અને વાતચીત કરવાનો વૈષ્ણવોએ આગ્રહ કર્યો, પરંતુ શ્રીગુસાંઈજી મૂંગા જ રહ્યા. ગોવિંદસ્વામી શ્રીગુસાંઈજીના કરમાયેલા વિષાદગ્રસ્ત ચહેરાને જોતાં એમની નજીક સર્યા.

"કૃપાનાથ...આપ આજે ઉદાસ ચહેરે કેમ બેઠા છો? કોઈ સાથે નહીં બોલવાના શપથ લીધા છે કે શું? વાત શી છે, કૃપાનાથ! જણાવો તો ખબર પડે...કોઈ અધિકારીએ આપના 'માંયલા'ને દૂભવ્યો...શી વાત છે, કૃપાનાથ!" - ગોવિંદસ્વામીએ સાવ ધીમા સ્વરે શ્રીગુસાંઈજી નજીક સરકતાં પૂછ્યું. શ્રીગુસાંઈજીએ મોઢું ફેરવી લીધું.

"ગોવિંદદાસ...આ કળિકાળમાં શ્રીજીબાવા પ્રત્યેની સેવા કરતી વખતે આપણે સૌ બેદરકાર બનવા માંડ્યા છીએ" - શ્રીગુસાંઈજીએ એમની હૈયાવરાળ એમના અંતરંગના ભક્ત ગોવિંદસ્વામી આગળ કાઢવાની શરૂઆત કરી.

"શી વાત છે, કૃપાનિધાન? કોણ સેવામાં બેદરકાર બન્યું છે? કૃપા કરી આપ નામ કહો.. એને ઉચિત શિક્ષા આપના હાથે જ કરી લેશું." - ગોવિંદસ્વામી બોલ્યા. શ્રીગુસાંઈજીની ઉદાસીનતા અને હમણાં બોલાયેલા શબ્દો પાછળનું રહસ્ય સમજાતું નહોતું.

"ગોવિંદદાસ, તમે આજે ઉત્થાપનનાં દર્શન કરતી વખતે શ્રીજીબાવાના વસ્ત્ર-પરિધાનનાં દર્શન ધ્યાન દઈને કર્યાં હતાં?"

"ના...કેમ, બાવા? સાચું કહું, બાવા...જે વખતે ઉત્થાપનની આરતી આપ ઉતારતા હતા ત્યારે ઝળાંહળાં આરતીમાં તમારા ચહેરા પર જામી ગયેલી ઉદાસીનતાએ મને તો બેચેન બનાવી દીધો છે." - ગોવિંદસ્વામી બોલ્યા.

"શ્રીજીબાવાના વાગાની કસ ફાટી ગઈ છે. અને ફાટી ગયેલી કસ સાથે શ્રીજીબાવાએ બધાને દર્શન કરાવ્યાં. એવો મારો તે શો ઘોર અપરાધ થઈ ગયો હશે, તે આવી બેદરકારી મારાથી થઈ ગઈ!" શ્રીગુસાંઈજી મ્લાન ચહેરે વ્યથિત સ્વરે બોલ્યા.

"અરે, મહારાજ...આ જ વાત છે ને?" કહેતાં ગોવિંદસ્વામી ખડખડાટ હસી પડ્યા.

ગોવિંદસ્વામીને મુક્ત દિલે ખડખડાટ હસતા જોઈ શ્રીગુસાંઈજીને આશ્ચર્ય અને આઘાત બન્ને થયાં.

"અરે, ગોવિંદદાસ, તમે તો હસો છો! આમ અચાનક આટલું બધું હસવું કેમ આવી ગયું?" - શ્રીગુસાંઈજીએ પૂછ્યું.

"શી વાત કરું, કૃપાનિધાન, આ તમારા નટખટ શ્રીજીબાવાની..." ગોવિંદસ્વામી બોલ્યા.

"કેમ, શું કર્યું?" ગોવિંદસ્વામી સામે જોતાં શ્રીગુસાંઈજીએ પ્રશ્ન કર્યો.

"અરે, શું કહું...તમારા શ્રીજીબાવા, આપ બેઠકેથી મંદિર તરફ પધારતા હતા, એ શ્રીજીબાવાએ ખાખરાના ઝાડ પર બેઠાં બેઠાં જોયું અને શ્રીજીબાવાએ ઝાડ પરથી એવો તો કૂદકો માર્યો કે ખાખરાની ડાળીમાં જામાની કસ ભરાઈ ગઈ અને તૂટી ગઈ. હજી પણ ખાખરાના વૃક્ષની ડાળમાં તે ભરાયેલી છે. આપ પધારો, આપને દેખાડી દઉં."

શ્રીગુસાંઈજીને ગોવિંદસ્વામી સાથે પૂંછરી તરફના વનમાં જ્યાં શ્રીજીબાવા એમના ગ્વાલબાલ સાથે રમતા હતા ત્યાં લઈ આવ્યા અને ખાખરાની ડાળમાં જામાની કસના લીરાને લટકતો દેખાડ્યો.

શ્રીગુસાંઈજીએ ખૂબ જ સંભાળથી એ લીરો ઉતારી લીધો અને શ્રીનાથજી સન્મુખ આવ્યા અને હસી પડ્યા.

"કાકાજી..બાકી તમે ઉત્થાપનનાં દર્શનમાં મને બહુ દોડધામ કરાવી હોં!" - શ્રીજીબાવા બોલ્યા.

"બાવા, હવે એવું નહીં થાય. હું ભીતરિયાને બોલાવી તમારી હાજરીમાં એને કહી દઉં છું કે હવેથી ત્રણ વાર શંખનાદ કર્યા પછી થોડો સમય રાહ જોઈને પછી મંદિરનાં કમાડ ખોલવાં..."

ગોવિંદદાસ ખૂબ જ પ્રસન્નતા અનુભવતા શ્રીજીબાવા સામે જોતાં બોલી ઊઠ્યા:

"બાવા, આ બહુ સારું થયું હોં..આપણને તમારી સાથે ખેલવાનો સારો એવો સમય મળશે."

"હા, ગોવિંદા, રમવાની ખૂબ મજા પડશે..." શ્રીજીબાવા બોલી ઊઠ્યા.

શ્રી ગોવર્ધનનાથજીની આરતી કરી, ઠાકોરજીને પ્રેમથી પોઢાડીને શ્રીગુસાંઈજી પર્વત ઊતરી પોતાની બેઠકમાં આવીને બેઠા. આ સમયે સમગ્ર ભારતમાંથી યાત્રાએ આવેલા વૈષ્ણવો બેઠકમાં શ્રીગુસાંઈજીને દંડવત્ કરીકરીને કદંબના વૃક્ષ નીચેનાં આસનો પર એમનું સ્થાન જમાવતા બેસી, શ્રીવલ્લભનંદનનાં વચનામૃત સાંભળતા હતા. એટલામાં એક વૈષ્ણવ સભામાંથી બેઠા થયા.

"જે-જે...એક વિનંતી કરવાની છે." - આટલું વાક્ય પૂરું કરતાં એ વૈષ્ણવે એકત્રિત થયેલા બધા જ વૈષ્ણવો પર એક નજર ફેરવી લીધી.

"શી વાત છે?" હસીને શ્રીગુસાંઈજીએ પૂછ્યું.

"વાત જરા નાજુક છે.. કૃપાનાથ!" - વૈષ્ણવે વાતને વળ ચડાવતાં કહ્યું.

"ચિંતા ના કરો. આપણે એ અંગે એટલી જ નાજુકાઈથી વિચારશું." શ્રીગુસાંઈજીના ચહેરા પર સ્મિત ફરકતું હતું.

"આ ગોવિંદસ્વામી છે ને" - વૈષ્ણવે વાતની રજૂઆતનો પ્રારંભ કર્યો.

"હા...કેમ...એમનાં કીર્તનનો કાર્યક્રમ રાખવો છે? છીતસ્વામી, તમારા જોડીદાર

કેમ દેખાતા નથી?" - શ્રીગુસાંઈજીએ - સામે જ બેઠેલા છીતસ્વામીને પૂછ્યું. છીતસ્વામી હસ્યા.

"કૃપાનાથ..ગોવિંદસ્વામી...એમની કદમખંડીમાં રખડતા હશે..." - બીજા વૈષ્ણવ ઊભા થઈને સહજ તોછડી ભાષામાં બોલ્યા.

"હાં, તે શું છે ગોવિંદસ્વામીનું?" - શ્રી વલ્લભનંદને પૂછ્યું.

"કૃપાનાથ..ગોવિંદસ્વામી દ્વારા એક ઘોર અનર્થ થઈ રહ્યો છે." ઊભેલા વૈષ્ણવે કહ્યું.

"ઘોર અનર્થ? શી વાતનો?"

"જે-જે...ગોવિંદસ્વામી..તો રાજભોગની આરતી થતાં પહેલાં મંદિરમાંથી મહાપ્રસાદ લઈ લે છે."- બીજા ઊભા થઈ ગયેલા વૈષ્ણવે કહ્યું.

"હોય નહીં."

"જે-જે...આ બની રહ્યું છે...તમારી કદાચ જાણ બહાર બનતું હશે...પરંતુ આ એક હકીકત છે. આને આપ ઘોર અનર્થ નહીં કહો તો શું કહેશો?" - ત્રણચાર સામે બેઠેલા વૈષ્ણવો ઊભા થઈ આવેશમાં આવીને બોલી ઊઠ્યા.

શ્રીગુસાંઈજી વિચારમાં પડી ગયા. વૈષ્ણવોની વાત સાચી હતી. એમના કાને પણ ભીતરિયા પાસેથી વાત તો આવી હતી.

"બોલાવો ગોવિંદદાસને. રૂપા, જરા અપ્સરાકુંડ પાસે આંટો મારીને ગોવિંદદાસને શોધી આવ. કહેજે કે હું યાદ કરું છું."

"જેવી આજ્ઞા...કૃપાનાથ!" - કહી રૂપો પોળિયો હાથમાં ડાંગ લઈ અપ્સરાકુંડની દિશામાં હજી તો પ્રયાણ આદરે, ત્યાં તો દૂરથી..ગોવિંદસ્વામીનો મસ્તીભર્યો અવાજ સૌને કાને પડ્યો. ગોવિંદસ્વામી એમની ધૂનમાં વનલીલાનું સુંદર પદ-

બૈઠે ગોવરધન - ગિરિ ગોદ ।
મંડલી સખા મધ્ય બલ - મોહન, ખેલત હંસત પ્રમોદ ।
ભઇ અબાર ભૂખ જબ લાગી, ચિત્તએ ઘર હી કી કોદ ।
"ગોવિંદ" તહાં છાક લૈ આયૌ, પઠઇ માત જસોદા ॥

ગાતા ગાતા બેઠકજી તરફ જ આવી રહ્યા હતા.

"આ લ્યો, ગોવિંદદાસ આવી ગયા." - શ્રીગુસાંઈજી બોલી ઊઠ્યા.

"કૃપાનાથ..આજ કાંઈ સેવકને યાદ કર્યો?" - કહેતાં ગોવિંદસ્વામીએ શ્રીવલ્લભનંદનને દંડવત્ કર્યા.

"ગોવિંદદાસ...." શ્રીગુસાંઈજી ગંભીર સ્વરે બોલ્યા.

"આજ્ઞા, કૃપાનાથ!"

"ગોવિંદદાસ..આજે આ બધા વૈષ્ણવો એક વાત લાવ્યા છે..."

"શી વાત છે...પ્રભુ?"

"ગોવિંદદાસ, તમે રાજભોગની આરતી થાય એ પહેલાં મહાપ્રસાદ લઈ લ્યો છો એ વાત સાચી?" - શ્રીવિઠ્ઠલેશે પ્રશ્ન કર્યો.

"આ મારા વૈષ્ણવબંધુઓએ આપને કહ્યું હશે, નહીં? કૃપાનાથ, એ વાત સાચી છે..મારે પરાણે...પ્રસાદ લેવો પડે છે."

"પરાણે, અનિચ્છાએ પ્રસાદ લેવો પડે છે? કેમ?" શ્રીગુસાંઈજીએ પ્રશ્ન કર્યો.

"કૃપાનાથ...શું વાત કરું...આ આપનો નટખટ નંદકિશોર છે ને, વનમાં જઈ ખેલ ખેલવા માટે એટલો બધો ઉતાવળો થાય છે કે વાત નહીં! આ રાજભોગમાં આપશ્રી હજી તો આરતી કરી અનોસર કરો છો, ત્યાં તો આ આપણો ઇન્દ્રદમન, નાગદમન, દેવદમન...ગોવર્ધનનાથ..મારી પાસે આવીને મારી કમરમાં ગોદા મારતો બસ 'ચાલ રમવા...ચાલ રમવા' કહી મંડી પડે છે.. પોતે તો આરામથી રાજભોગ આરોગી લીધો હોય..મારું શું તે, કૃપાનાથ! મારે એની પાછળપાછળ મહાપ્રસાદ લઈ લેવો પડે છે." ગોવિંદસ્વામીએ એમનો બચાવ રજૂ કર્યો.

"ગોવિંદદાસ, તમને એટલી તો ખબર છે ને કે રાજભોગ સરાવ્યા પહેલાં પ્રસાદ ન લેવાય?" શ્રીવિઠ્ઠલેશે પ્રશ્ન કર્યો.

"હા, પ્રભુ, એટલી તો જાણ છે." - ગોવિંદસ્વામીએ જવાબ દીધો.

"તો હવેથી રાજભોગ આરતી થઈ જાય પછી પ્રસાદ લેજો." - શ્રીવિઠ્ઠલેશે આજ્ઞા કરતાં કહ્યું.

"જેવી આજ્ઞા...જે-જે..."

બીજા દિવસે ધમાલ બોલી ગઈ.

શ્રીનાથજીના રાજભોગનાં દર્શન ખૂલ્યાં..ગોવિંદસ્વામી પ્રફુલ્લિત હૈયે શ્રીજીબાવાનાં દર્શન કરતાં - સ્વરૂપનું વર્ણન કરતાં-

હમૈં બ્રજ લાડિલે સોં કાજ।
જસ અપજસ કૌ હમે ડર નાહીં, કહની હોય સો કહિયે આજ ॥
કાહુ કછુ પ્રીતિ કરી કૈ ન કરીજો, સન્મુખ વ્રજનૃપ યુવરાજ ।
"ગોવિંદ" પ્રભુ કી કૃપા ચાહિયે, વે હૈ સકલ ઘોષ સિરતાજ ॥

આ પદ ગાઈ રહ્યા હતા.

શ્રી વલ્લભનંદને રાજભોગની આરતી કરી. ગોવિંદસ્વામી ખૂબ જ ભાવપૂર્વક આરતીનાં દર્શન કરીને મહાપ્રસાદ લેવા બેઠા. આ તરફ શ્રી ગોવર્ધનનાથજી અનોસર થયા કે સિંહાસન પરથી રોજની માફક કૂદકો મારી..મંદિરના પરિસરના એક ખૂણામાં આવીને ગોવિંદસ્વામીની રાહ જોતા આવીને ઊભા રહી ગયા.

ગોવિંદસ્વામી નિરાંતે મહાપ્રસાદ આરોગી મંદિરના પરિસરમાં આવ્યા. ખભા પરના ખેસથી મોઢું લૂછતા ગોવિંદસ્વામીને જોઈ, રાહ જોઈજોઈને અકળાયેલા શ્રી ગોવર્ધનનાથજી - ગોવિંદસ્વામીનો કાંઠલો પકડતાં બોલી ઊઠ્યા:

"અલ્યા ગોવિંદા! ક્યાં હતો અત્યાર સુધી? હું ત્રણત્રણ વાર આખા મંદિરમાં આંટો મારી આવ્યો, પણ તારો પત્તો જ નહોતો!"

"કૃપાનિધાન...હું તો ભીતરમાં રાજભોગનો મહાપ્રસાદ લેતો હતો."

"પરંતુ રોજ તો રાજભોગનો પ્રસાદ લેતાં આટલું મોડું થતું નહોતું...આજે કેમ મોડું થયું? કાકાજીએ આજે કાંઈ વિશિષ્ટ સામગ્રી કે કોઈ મનોરથ તો કર્યો નહોતો."

"કૃપાનાથ...અત્યાર સુધી તમારો રાજભોગ સરે કે તરત મહાપ્રસાદ લઈ લેતો, એટલે સમયસર આપની સેવામાં હાજર થઈ જતો હતો. પરંતુ હવે તમારા કાકાજીની આજ્ઞાથી રાજભોગની આરતી થઈ જાય, અનોસર થઈ જાય પછી મારે મહાપ્રસાદ લેવાનો હોય છે.. એટલે મોડું તો થવાનું." - ગોવિંદસ્વામીએ ઠાવકાઈથી કહ્યું.

"ઠીક છે..ઠીક છે... ચાલ, મને પીઠ પર બેસાડી અપ્સરાકુંડની કદમખંડીમાં લઈ જા...આપણા સખાઓ રાહ જોતા હશે." - ફૂંગરાતા મોઢે શ્રીજીબાવા ગોવિંદસ્વામીની પીઠ પર સવાર થઈ વનમાં પધાર્યા.

ઉત્થાપનના ત્રણ શંખનાદ થયા. શ્રીગુસાંઈજી સ્નાન કરી મંદિરમાં પધાર્યા. જલના કૂંજા ભરાઈ ગયા. શ્રીનાથજી સમયસર કદમખંડીનાં ઉપવનોમાં બાલગ્વાલ સખાઓ સાથે રમીને સિંહાસન પર ગંભીર મોઢું કરી બેસી ગયા હતા.

શ્રીગુસાંઈજી જલનો કૂપ ભરી શ્રીજીબાવાને ધરવા નીચા નમ્યા ત્યારે શ્રીજીબાવાના ચહેરા પરની ગંભીરતા જોતાં વિચારમાં પડી ગયા.

"બાવા...આજે ઉદાસ કેમ છો? સેવકનો કાંઈ અપરાધ?" - શ્રી વિઠ્ઠલેશજી બોલ્યા.

"તમે ગોવિંદાને રાજભોગની આરતી પછી મહાપ્રસાદ લેવાની આજ્ઞા કરી છે?" - શ્રીજીબાવાએ સહેજ ગુસ્સામાં કહ્યું.

"હા, કેમ? આચારસંહિતા એમ કહે છે કે રાજભોગની આરતી પછી જ વૈષ્ણવે મહાપ્રસાદ લેવાય."

"સારું..ભલે એમ કરજો. અમારે વનમાં રમવા જવાનું મોડું થાય... એનો વાંધો નહીં." ફૂંગરાતા મોઢે - બાળમાનસનું અચ્છું પ્રદર્શન કરાવતાં રિસાળ સ્વરે શ્રીજીબાવા બોલ્યા.

શ્રીગુસાંઈજી વિચારમાં પડી ગયા.

"તમારે વનમાં રમવા જવામાં મોડું કેમ થાય?" શ્રીગુસાંઈજીએ પ્રશ્ન કર્યો.

"જુઓ, રાજભોગ પછી ગિરિરાજજીના વનાંચલમાં અમે ગ્વાલસખા સાથે

રમવા જઈએ છીએ ત્યારે ગોવિંદાની પીઠ પર સવાર થઈને જઈએ. અમારી સાથે ગોવિંદો પણ રમવા આવે છે. હવે તમે એને રાજભોગની આરતી પછી મહાપ્રસાદ આપો, તો અમે વનવિહારમાં મોડા પડીએ.. તો તમારા ભીતરિયાને આજ્ઞા કરી દેજો કે હવેથી એને અગાઉ જેમ પ્રસાદ અપાતો હતો તેમ પ્રસાદ અપાતો રહે."

શ્રીગુસાંઈજીએ ઉત્થાપનનો ભોગ ધરી, ગોવિંદસ્વામીને બોલાવ્યા અને કહ્યું: "તમે કાલથી અગાઉની જેમ આરતી પહેલાં મહાપ્રસાદ લેજો અને શ્રીજીબાવાની સેવામાં મગ્ન રહેજો કે જેથી બાવાને રાહ જોવાનો શ્રમ ન કરવો પડે."

ગોવિંદસ્વામીના આનંદનો પાર ન રહ્યો.. અને ગાઈ ઊઠ્યા: "કદમ ચઢિ કાન્હ બુલાવત ભૈયા!"

૧૦. 'નૂતન ગોપાલ સંગ રાધિકા બની'

કાળી ડિબાંગ રાત હતી. હવામાં ઠંડક હતી. મથુરાનગરીના લોકો નિરાંતે પાછલી રાતની ઊંઘ ખેંચતા સૂતા હતા. જમુનાજીનાં ખળખળ વહેતાં નીરનો મધુર અવાજ વાતાવરણમાં ગુંજતો હતો. ગોવિંદસ્વામી વિશ્રામઘાટ પર શાંત ચિત્તે ઊભા ઊભા શ્રી યમુનાજીનાં વહેતાં જલનાં દર્શન કરતા હતા. થોડાક સમયથી શ્રીનાથજી મથુરામાં સતઘરાના નિવાસસ્થાને બિરાજતા હતા ત્યારે અન્ય સેવકોની સાથે ગોવિંદસ્વામી પણ મથુરા આવ્યા હતા. શ્રીગુસાંઈજી ગુજરાતની યાત્રાએથી પાછા ફરી શ્રીજીદ્વાર પાછા આવી ગયા હતા. શ્રીગુસાંઈજીના શ્રીનાથજી પાછા ફર્યાના સમાચાર સાંભળી બે દિવસ પહેલાં જ શ્રી વલ્લભનંદનના સાતેય બાળકો ગિરિધરજીની સરદારી નીચે ગોવર્ધન પાછા ફર્યા હતા. ગોવિંદસ્વામી 'યમુનાતટે' - મથુરામાં રોકાઈ ગયા હતા. ગોવિંદસ્વામીને "જમુનામૈયા"નું શરણ ખૂબ જ ગમતું. મથુરામાં હોય ત્યારે રાતવરત કે દિવસ દરમિયાન શ્રીયમુનાજીના તટ પર એકાંત જગ્યાએ બેસી, શ્રી યમુનામૈયાનું ધ્યાન કરતા - પદો લલકારતા - દ્રવિત સ્વરે પ્રાર્થના કરતા, તો ક્યારેક સૂનમૂન કલાકો સુધી જમુનાનાં વહેતાં નીરને બસ નીરખ્યા કરતા.

"ગોવર્ધનજી...આપની આજ્ઞા હોય તો..મારે જમુનામૈયાની ગોદમાં થોડાક વધુ દિવસો ગાળવા છે."

"જરૂર...શ્રીજીબાવાને ભૂલતા નહીં...તમે તમારે ફાવે એટલા દિવસ મથુરામાં રહો." ગિરિધરજી - ગોવર્ધનજીએ આજ્ઞા આપી.

વિશ્રામઘાટ કાળી ડિબાંગ રાતે શાંતિનું પરમધામ બની ગયો હતો. ગોવિંદસ્વામીએ હળવેકથી યમુનાજીના તટ પરની રેતીમાં જમાવી દીધું. શ્રી યમુનામૈયા એમના ભક્તકવિ દીકરાને એના આશ્રયે મોડી રાત્રે આવેલો જોઈ હર્ષાન્વિત થઈ ઊછળવા માંડ્યાં.

ગોવિંદસ્વામીનું હૈયું પણ માનાં દર્શને આનંદની હેલી ઉછાળતું હતું. હૃદય દ્રવી ઊઠ્યું. આંખો મીંચાઈ ગઈ. બંધ આંખો સામે શ્રી યમુનામૈયાનું આધિદૈવિક સ્વરૂપ આકારિત થવા માંડ્યું અને હૈયામાંથી 'નમામિ યમુનામહં સકલસિદ્ધિહેતું મુદા' - યમુનાષ્ટકની એક એક પંક્તિએ હૃદયની આર્દ્રતાનો - આનંદનો ઉછાળો આવતો ગયો, તેમ તેમ શ્રી યમુનાજી પણ દીકરાના શ્રદ્ધાપૂર્ણ, ઊર્મિપૂર્ણ, લાગણીપૂર્ણ એવા શ્લોકોના પઠન પર હર્ષાન્વિત થતાં ઊછળવા માંડ્યાં..આનંદોર્મિનો ઘુઘવાટ મા અને દીકરાના હૈયામાંથી એકસાથે ઊછળવા માંડ્યો.. અને એમાં પણ ગોવિંદસ્વામીના મુખમાંથી. "નમોસ્તુ યમુને સદા, તવ ચરિત્રમત્યયદભુતં" એ પંક્તિ સરી પડી, ત્યારે સાનભાન ગુમાવી બેઠેલા ગોવિંદસ્વામી ઊભા થઈ શ્રી યમુનાજીના જલમાં ઝંપલાવવા જતા હતા, ત્યાં જ અંતરમાંથી અવાજ ઊઠ્યો:

"અરે... દુષ્ટ! મળમૂત્ર, અહં, વાસનાથી ભરેલા જીવ... તારા પાપી શરીરના સ્પર્શથી જમુનામૈયાના પવિત્ર દેહને અભડાવી પાપમાં ક્યાં પડે છે?"

- અને ગોવિંદસ્વામીના પગ શ્રી યમુનાજીની રેતીમાં જ સ્થિર થઈ ગયા...અને હૈયામાંથી અવાજ ઊઠ્યો:

"માવડી...આ જીવનો ઉદ્ધાર કરજે.

"વિશુદ્ધ મથુરાતટે સકલગોપગોપીવૃતે
કૃપાજલધિ સંશ્રિતે, મમ મન: સુખં ભાવય..."

અસંખ્ય ગુણોથી સુશોભિત, શિવ બ્રહ્મા વગેરે દેવતાઓથી સ્તુતિ કરાયેલાં, નિરંતર ગાઢ મેઘ સરખા સ્વરૂપવાળાં, ધ્રુવ, પરાશર વગેરેને ઇચ્છિત વસ્તુનું દાન કરનારાં, વિશુદ્ધ મથુરાજી જેમના કિનારા ઉપર બિરાજમાન છે એવાં, સર્વ ગોપ અને ગોપીઓથી વીંટળાયેલા કૃપાસાગર શ્રીકૃષ્ણના આશ્રયમાં રહેલાં - યમુનામૈયા... મારા મનને સુખ આપનારાં...હે માતા...મારો આશ્રય, મારું ચિત્ત પણ તમારા અને તમારા પ્રિય એવા શ્રી બાલમુકુંદમાં જ રખાવજો...

શ્રી યમુનામૈયાના જલતરંગમાં ગોવિંદસ્વામીની સ્તુતિ સાંભળી એક જોરદાર ઉછાળો આવ્યો અને ગોવિંદસ્વામીને એમનાં પ્રેમાળ જળશીકરોથી ભીંજવી દીધા...

"ધન્ય...ધન્ય..પટરાણી જમુનામૈયા..." કહેતાં જ ગોવિંદસ્વામી આનંદસભર હૈયે ઊભા થયા અને આંખો સામે વહ્યે જતાં શ્રી યમુનાજીનાં દર્શન કરતાં હૈયામાંથી પદ સરી પડ્યું...

શ્રી યમુના-જસ જગતમેં જોઇ ગાવે
તાકે આધીન વ્હે રહત હૈં પ્રાણપતિ
નેન અરૂ બેન મેં રસ જુ છાવે
વેદ પૂરાનતેં બાત યહ અગમ હે
પ્રેમકો ભેદ કોઉ ન પાવે
કહત "ગોવિંદ" શ્રીયમુનેકી જા પર કૃપા
સોઈ શ્રી વલ્લભ કુલ શરન આવે

ગોવિંદસ્વામીએ એક નજર શ્રીજીબાવાનાં ચતુર્થ પટરાણી પર નાખી, "પ્રેમકો ભેદ કોઉ ન પાવે"નું મનમાં રટણ કરતા સતઘરાની દિશામાં આગળ વધ્યા.

ધીમેધીમે રસ્તા પર જઈ રહ્યા હતા...ત્યાં જ રસ્તા પરની એક વિશાળ હવેલીમાંથી "તાક્ ધિન..તાક્ ધિન"ના અવાજ સાથે પાયલનો ઝંકાર, નૃત્યના ઠેકાનો અવાજ કાને પડ્યો. સંગીતપ્રેમી ગોવિંદસ્વામી રસ્તા પર જ ઊભા થઈ ગયા.

મથુરાના હાકેમની એ હવેલી હતી...ઝાકઝમાળ પ્રકાશથી ઝૂમ્મરો શોભતાં હતાં. હવેલીના વિશાળ પરિસરમાં જલસો જામ્યો હોય એવું ગોવિંદસ્વામીને લાગ્યું.

એકાદ ક્ષણ પૂરતું તો સંગીતના રસિયા જીવને મહેફિલમાં પહોંચી, નૃત્ય અને સંગીતની દુનિયામાં સામેલ થઈ જવાનું મન પણ થઈ ગયું.

હવેલીના પરિસરમાંથી ઊઠતો નૃત્યના ઠેકાનો સંગીતમય અવાજ, તંબૂરના તારનો રણઝણાટ, તબલાં-ઢોલકની થાપટ, શરણાઇના સૂર... અને એ બધા વચ્ચેથી નર્તિકાના કંઠમાંથી ગળાઈ-ચળાઈને આવતા "કોકિલસૂરે" ગોવિંદસ્વામીને હલબલાવી મૂક્યા.

"વાહ રે મારા ગોવર્ધનનાથ...શી લીલા તેંય આ ખલકને ઓટલે માંડી છે! આ સૂર..આ કંઠ, આ તાલ, આ લય...અને મારું જ રચેલું આ પદ...તો તને સમર્પિત થવું જોઇએ...આ નર્તકીની નૃત્યકલા તારે ચરણે ધરી... સમર્પણ ન કરું તો... હું તારો સેવક નહીં.. આ ધરતીના પટ પર જ્યાં જ્યાં સૌંદર્ય વેરાણું છે...તે બધું જ તારી અનર્ગલ કૃપાનું ફળ છે.. કૃપાનાથ.. હું આ આવ્યો... અને..." વાક્ય અધૂરું મૂકી ગોવિંદસ્વામી હાકેમની હવેલીનાં પગથિયાં હજી તો ચડવા જાય છે ત્યાં જ...

"એઇ..કૌન હૈ...તુમ? કહાં જાના હૈ?" - એક દરવાન પગથિયા વચ્ચે ઊભો રહેતો બોલી ઊઠ્યો.

"અરે ભાઈ... મારે તમારી આ હવેલીમાં જે સંગીતની મહેફિલ જામી છે, નૃત્યનો જલસો ચાલે છે... એ જોવા, સાંભળવા જવું છે."

"હા...હા...હા...હા..."

ગોવિંદસ્વામીની વાત પર દરવાનો ખડખડાટ હસી પડ્યા..."અબે...યે માલાતિલકવાલા બબુવા..ચલ જા તેરે મંદિરમેં.. યહાં તો ઝોહરાબાઈકા જલસા ચલ રહા હૈ...માલૂમ હૈ યે મથરા ગાંવ કે હાકેમ કી હવેલી હૈ..ચલ ફૂટ યહાં સે!" - દરવાને લગભગ ધક્કો મારતાં ગોવિંદસ્વામીને હડસેલી મૂક્યા.

ગોવિંદસ્વામીના હૃદયને આઘાત લાગ્યો...

આ નૃત્ય...આ ગાન...આ તાલ...આ લય...આ કંઠમાધુર્ય તો મારા શ્રી ગોવર્ધનનાથજીની સન્મુખ રજૂ કરવા લાયક છે... સૌંદર્યનો અધિષ્ઠાતા મારો સાંવરો શ્રીજીબાવો જ આ કલાને પામી શકે તેવો આ વિશ્વમાં છે." - કહેતાં ગોવિંદસ્વામી એ હવેલીની સામેની પગથી પર જઈને ઊભા રહ્યા અને ઊંચા મધુર અવાજે એમણે તંબૂરના તારની સંગાથે પદ શરૂ કર્યું:

નૈનનિ લાગી હો ચટપટી।
મદનમોહન પિય નિકસે દ્વાર હૈ, સોહન પાગ લટપટી
દૂર જાય ફિરિ ચિત્ત હેરી મો તન, નૈન કમલ મનહરન ભ્રૂકુટિ ।
"ગોવિંદ" પ્રભુ પિય ચલન લલિત ગતિ, કછુક સખા અપની ગહી ।

હાકેમની હવેલીમાં નૃત્ય કરતી ઝોહરાબાઈને કાને ગોવિંદસ્વામીના મધુર કંઠે ગવાતું પદ પડ્યું..અને એ તાનમાં ને તાનમાં એનું ગાન ભૂલી ગઈ. નૃત્યના ઠેકા,

પાયલના ઝંકાર અટકી ગયા...અને ઝોહરાબાઈ મુગ્ધભાવે..રાધિકાની મુદ્રામાં સ્થિર થઈ ગઈ...

ચમત્કાર થયો...

“અબે ઝોહરાબાઈ....ચલ નાચ...યે મુજરા બંધ ક્યું હો ગયા...?” જવાબમાં મુગ્ધભાવે ઝોહરાબાઈ મરકમરક હસતી...હવેલીના પરિસરમાંથી દરવાજા તરફ વળી...બંધ આંખો, ડોલતું મસ્તક, ઠમકઠમક નૃત્યનો ઠેકો...

ભરી મહેફિલમાંથી હાકેમ ઊભો થઈ ઝોહરાબાઈ તરફ ધસ્યો...

“અરે ઝોહરાબાઈ...કહાં ચલી?”

“સૂનો... યે સૂનો... મેરે કાનકુંવર કી... મેરે નંદલાલા કી પુકાર... મુઝે બુલા રહા હૈં...જનાબ...આપ ભી સુનો...ક્યા પદ હૈ... ક્યા કંઠ હૈ... ક્યા ગલા પાયા હૈ...જનાબે આલા... આપ મુઝે યે પદ કે ગાયક કા દિદાર કરા દો..ઉનકે પદ પર અબ તો મેરી પાયલ ઝનકેગી...ચૂડિયાં ખનકેગી...આપ વો ગાયકકો અપની યે મહેફિલ મેં સામિલ કરો...તો હી મૈં નાચુંગી, ગાઉંગી, જનાબ...” - ઝોહરાબાઈએ એનો ફેંસલો સંભળાવી દીધો. હાકેમના કાને પણ ગોવિંદસ્વામીનો મધુર કંઠ પડ્યો...એ પણ અવાજ પર એના હોશ ગુમાવી બેઠા...

“અરે કોઈ હૈ....” હાકેમે બૂમ પાડી...

“હાજીર હું, જનાબે આલા” - કહેતો દરવાજા પર ઊભેલો દરવાન અંદર દોડી આવ્યો.

“બહાર કોઈ ગાના ગા રહા હૈ ક્યા?” હાકેમે પૂછ્યું.

“હાં, જનાબ...હૈ કોઈ તિલક-ટપકાવાલા...બહુત સમજાયા...કી બંધ કર તેરી યે બડબડ...લેકિન સુનતા હી નહીં હૈ...કહેતા હૈં મેરે કો મહેફિલમેં જાને દો...મુઝે વો નર્તકી કા ગાના સુનના હૈ...નૃત્ય દેખને કા હૈ...” દરવાન બોલ્યો.

“દરવાન...વો કલાકાર હૈ.. ઉસકો પૂરી શાન ઔર શૌકત કે સાથ અંદર લે આઓ” - હાકેમે હુકમ કર્યો. દરવાન ચમકીને ભોંઠો પડી ગયો. દોડીને પગથી પર ઊભા ઊભા એમની મસ્તીમાં ‘નૈનનિ લાગી હો ચટપટી’ એ પદ ગાતા ગોવિંદસ્વામીને માનભેર મહેફિલના શમિયાણામાં લઈ આવ્યો.

ઝોહરાબાઈ ગોવિંદસ્વામીને પગે લાગતી બોલી ઊઠી...

“આપનું તાલબદ્ધ પદ સાંભળી કૃતકૃત્ય થઈ ગઈ, ઉસ્તાદજી!” ગોવિંદસ્વામી હસ્યા..ઝોહરાબાઈના ચહેરા પર કલાકારનું તેજ હતું. પગે પડેલી ઝોહરાને ઊભી કરતાં ગોવિંદસ્વામી પ્રેમાળ ભાવે બોલી ઊઠ્યા:

“બેટી...તારો અવાજ...તારું ગાન...તારું જ્ઞાન..તારું રૂપે મઢ્યું ચહેરાનું સૌંદર્ય...બેટા...મારા વ્હાલાની આ સૃષ્ટિને ધરેલી અનોખી ભેટ છે... તારા પાયલના

ઝંકારે, નૃત્યના ઠેકાએ, તારા કંઠે..મારા હૈયામાં એક ઝંખના જગાડી છે, બેટી..."

"હુકમ કરો...ઉસ્તાદ...આપના કંઠ, આપના પદ અને આપની પિતૃવત્સલ લાગણીએ મારા હૈયામાં પણ અનોખા ઓરતા જગાડી દીધા છે, ગુરુદેવ..આપ કોઈ મહાન સંગીત-આત્મા..સમર્થ કવિ અને ભક્તિભાવથી છલકતા હૃદયના સ્વામી છો..એવું મારું અંતર મને કહી રહ્યું છે." ઝોહરા ભાવુક અવાજે બોલી ઊઠી.

"ગાયક..તમારા મધુર કંઠે સાંભળેલા ભક્તિગીત પર હું પણ આફરીન છું.. આપના દિલમાં ઊગે..ઇચ્છા જાગે તે આજની ઢળતી રાત્રે માગી લ્યો..તમારી કલાની કદર કરવાવાળો આ નાચીઝ ઇન્સાન કોણ...પરંતુ હેસિયત બહારની દિલની વાત કરું તો..આપના હૃદયમાં જાગેલી ઝંખના અમને જણાવો...હું તમારી એ ઝંખના..એ સ્વપ્ન પરિપૂર્ણ કરીશ." હાકેમ બોલ્યો.

"જનાબ..આ ઝોહરાબાઈને મારી સાથે ગોવર્ધન - ગોપાલપુર...મોકલો.. ઝોહરાબાઈની કલા - કંઠ અને સૌંદર્યનું દર્શન અમારા સરદાર સમક્ષ કરાવવું છે. અમારા સરદાર પણ કલામર્મજ્ઞ અને સાહિત્યપ્રીતિ ધરાવતા...મહાન કલાકાર સંત છે.."

એક ક્ષણ માટે હાકેમે ઝોહરા સામે જોયું. બીજી જ ક્ષણે નજર ગોવિંદસ્વામી પર સ્થિર થઈ ગઈ.

ગોવિંદસ્વામીમાં નરી નિર્મળતાનાં સ્વચ્છ શુદ્ધ વારિ ઊછળતાં હતાં. હૃદય પ્રેમભક્તિરસથી છલકતું હતું.

"ઝોહરાબાનુ, તમારી કલાને પારખનારા આ સ્વામીજી સાથે ગોપાલપુર એમના સરદાર પાસે જાઓ..તમારી કલાની સાચી કદર થશે."

"જેવી આજ્ઞા...જનાબ!" - કહેતી ઝોહરા એની એક સખી સાથે ગોવિંદસ્વામી સાથે ગોપાલપુર જવા નીકળી.

"કૃપાનાથ..."

ગિરિરાજજીની તળેટીમાં શ્રીવલ્લભની બેઠકના પરિસરમાં શ્રીગુસાંઈજી શયનનાં દર્શન પછી વચનામૃત કરવા ચોતરા પર બિરાજ્યા હતા ત્યાં ગોવિંદસ્વામીએ બે રૂપાળી યૌવના સાથે પ્રવેશ કર્યો.

"અરે..અરે.. આ ગોવિંદસ્વામી..રૂપકડી નાગણોને લઈને અહીં ક્યાં આવ્યા?"

ચોતરા પાસે બેઠેલા વૈષ્ણવોને અરેરાટી થઈ ગઈ. કેટલાયની ભ્રમર વંકાઈ ગઈ...આ પહેલાં કૃષ્ણદાસ આગ્રાથી એક કિશોરાવસ્થામાં પ્રવેશેલી વારાંગનાને લઈ આવ્યા હતા.. બિચારી શ્રીજીબાવા સમક્ષ નૃત્ય કરતી કરતી મૃત્યુ પામી હતી..શ્રીગુસાંઈજી જેવા પવિત્ર મહાત્માએ શ્રીજીબાવા સમક્ષ નૃત્ય કરાવ્યું હતું. ઘણાને ગમ્યું નહોતું...

આજે ગોવિંદસ્વામી વળી એકને બદલે બે વારાંગનાઓને લઈને ગિરિરાજજીના પવિત્ર ધામમાં આવ્યા હતા.

"કૃપાનાથ..આ ઝોહરા છે. નૃત્યકલામાં નિપુણ છે. શ્રીજીબાવાને શ્રેષ્ઠ વસ્તુનું સમર્પણ કરાવવું એ મારી હૃદયની સતત આરઝૂ રહેલી છે. મથુરાના હાકેમની હવેલી પાસેથી હું પસાર થતો હતો ત્યારે ઝોહરાના નૃત્યના ઠેકામાં, તાલમાં, ચહેરા પરના રમતા ભાવમાં મને વિરહિણી રાધાના મૂર્તિમંત સ્વરૂપનાં દર્શન થયાં..મને થયું કે આ કલાધરિત્રીની કલાને...આપણા શ્રીજીબાવા સમક્ષ સાદર કરવી જોઈએ. અને એ રીતે સાદર કરેલી કલાનું, કલાસ્વરૂપનું સાચા અર્થમાં અભિવાદન થવું જોઈએ.. અને આ અભિવાદન માટે મારા શ્રી ગોવર્ધનનાથજી અને આપ જેવા સદ્‌ગુરુથી વિશેષ તજ્જ્ઞ કોણ મળવાનું હતું? હું ઝોહરાની નૃત્ય આરાધનાને આવતી કાલે આપણા શ્રીજીબાવાનાં ચરણમાં સાદર કરવા માગું છું. કૃપાનાથ!" - ગોવિંદસ્વામી બોલી ઊઠ્યા.

"ગોવિંદદાસજી...પ્રભુપ્રેરણા તમને થઈ અને કલાધરિત્રીને તમે હૃદયમાં સમર્પણના વિશુદ્ધ ભાવથી લઈ આવ્યા છો, તો આવતી કાલે શ્રીજીબાવા સન્મુખ કલાકારની કલા જરૂર ભેટ ધરીશું."

બીજા દિવસે પ્રાત:કાળે બન્ને નર્તિકાઓને રુદ્રકુંડમાં સ્નાન કરાવી, "અપરસ"નાં વસ્ત્રો પહેરાવી, ભોગનાં દર્શન વેળા ગોવિંદસ્વામી તેમને શ્રીજીબાવાની સન્મુખ લઈ આવ્યા.

ગોવિંદસ્વામીએ તંબૂર હાથમાં લીધો. શ્રી ગોવર્ધનનાથજીને દંડવત્ કરતાં રાગ કેદારમાં પદ ઉપાડ્યું:

નૃતત ગોપાલ સંગ રાધિકા બની
કંચન તન નીલ બસન સ્યામ કંચુકી વિચિત્ર
કંકન કરિ કટિ સુદેસ રૂનિત કિંકિની
થેઇ થેઇ થેઇ બદન માન ઉરપિ તિરપિ કરત ગાન...

ગોવિંદસ્વામીના મુખમાંથી પદના શબ્દો સર્યા અને નર્તકીઓનાં ચંચલ ચરણ ઠમક્યાં..કંચન તનના અનોખા અંગમરોડ સાથે નૃત્ય શરૂ થયું...સમગ્ર અંગમાં વિદ્યુતનો ચમકારો ઊઠ્યો..આંખોમાં રાધાનો ભાવ, ગોપાલ પ્રત્યેની ભક્તિ, વિરહવ્યથા, અનંગનો ટંકાર...અને ચહેરા પર અનેક ભાવલિપિઓ ઊપસવા માંડી...

શ્રીજીબાવાના સાંનિધ્યમાં લૌકિક ભાવો શમતા ગયા...ગોવિંદસ્વામીના પદની એકએક પંક્તિ બન્ને નર્તકીઓના હોઠ પર ઊભરવા માંડી.

બાજત પગ નુપુર કલ ધૂની
રાકા નિસિ સરદ ચંદ પ્રગટ અંગ અંગ અનંગ
રહ્યો રાસ રંગ સરસ તટ કલિબની
રીઝે ગિરિધર સુજાન રસિકરાઇ ગુનનિધાન...

"રીઝે ગિરિધર સુજાન"ની પંક્તિ પહેલાં ગોવિંદસ્વામીના મુખેથી અને પછી બન્ને નર્તકીઓના મુખેથી મૃદંગના તાલે વહેતી વહેતી..શ્રીજીબાવાનાં ચરણને સ્પર્શતી

મુખારવિંદ સુધી પહોંચી...અને..ચમત્કાર થયો..પદની પંક્તિઓથી રીઝેલા શ્રી ગોવર્ધનનાથજીના ચહેરા પર પ્રસન્નતાનું સ્મિત ફોરી ઊઠ્યું..

"વાહ...વાહ...મારા ગોવર્ધનનાથ..વાહ!"- ભોગ આરતીનો થાળ લઈને ઊભેલા શ્રીગુસાંઈજીના મુખમાંથી...એમના વ્હાલાના આનંદની શ્રીજીમુખેથી ફૂટેલી સરવાણીનાં દર્શન કરતા શબ્દો નીકળી પડ્યા:

"નિરખે પ્રેમ ગુન નિવાસકલ જામિની
લીલા રસ સુખ નિહારિ
તન મન ધન પ્રાન વારિ

ગોવિંદસ્વામી અને બન્ને નર્તકીઓને પણ શ્રીજીબાવાના ચહેરા પર મહોરી ઊઠેલી પ્રસન્નતાનાં દર્શન થતાં જ ત્રણેય હરખભર્યાં હૈયાં...સાનભાન ગુમાવી બેઠાં...અને બન્ને નર્તકીઓ નૃત્યકલાની શિરમોર ટોચ પરથી મૂર્છિત થઈ ધરણી પર ઢળી પડી...

બન્ને નર્તકીઓના ચહેરા પર પરમપદપ્રાપ્તિનો - પરમશાંતિનો એવો તો ભાવ ઊપસી આવ્યો હતો કે..

"શું થયું...શું થયું" - કરતા બેબાકળા નર્તકીઓ તરફ ધસી જતા વૈષ્ણવોના ટોળાને ઊંચો હાથ કરી રોકતા શ્રી વલ્લભનંદન બોલી ઊઠ્યા:

"શાંતિ...શાંતિ...શાંતિ..."

વૈષ્ણવોનો ધસારો અટકી ગયો.

દર્શનની પૂર્ણાહુતિ ટેરો આવતાં થઈ ગઈ...

"ગોવિંદસ્વામી...આ બન્ને નર્તકીઓ લીલાનો જીવ હતી...લીલામાં સરી ગઈ છે...એમની કાયાનો ઉદ્ધાર તમારા દ્વારા શ્રીજી સન્મુખ થયો..બન્ને મૂર્છિત કન્યાઓને ઊંચકીને પર્વત ઉપરથી રુદ્રકુંડ પર લઈ જાઓ...રુદ્રકુંડના શીતલ જલનો છંટકાવ થતાં જ બન્ને શ્રીજીચરણ પામશે...શ્રીનાથજીની લીલાને પ્રાપ્ત થશે..."

- અને ગોવિંદસ્વામી બે અનુચરોના ખભે ઊંચકાવેલી મૂર્છિત વારાંગનાઓને રુદ્રકુંડની દિશામાં જતી જોઈ ગાઈ ઊઠ્યા:

લીલા રસ સુખ નિહારિ, તન મન ધન પ્રાન વારિ
"ગોવિંદ" પ્રભુ અખિલ કેલી જગત પાવનિ

રીઝેલા શ્રી

ઈને ઊભેલા
સરવાણીનાં

પર મહોરી
બેઠાં...અને
ળી પડી...
ો તો ભાવ

વૈષ્ણવોના

સરી ગઈ
કન્યાઓને
ટકાવ થતાં

ંગનાઓને

---

૧૧. રમવામાં બધા સરખા...કોણ મોટા...કોણ નાના...

ઉત્થાપનનો હેલો પડ્યો.

શંખનાદ ત્રણ વખત થયો.

ગોવિંદસ્વામી ઝડપથી પર્વત ચડી ઉત્થાપનનાં દર્શન કરવા મંદિરમાં પહોંચ્યા. મંદિરના કીર્તનિયા-ખૂણામાં પહોંચી, ગોવિંદસ્વામીએ પદ લલકાર્યું...

કેસર-તિલક લલન સિર રાજૈ ।
કપોલ - ઝલક પર મનમથ કોટિ વારૌ ॥
સ્રવન ખચિત કનકફૂલ વિરાજૈ ।
કુટિલ અલક છવિ મનહું સુભગ અલિ ॥
બદન કમલ પર રહે લુભ્યાઇ મત્ત મધુ કાજૈ
"ગોવિંદ" પ્રભુકી બલિ બલિ બાનિક પર
મોતિન માલ કંઠ કૌસ્તુભ મનિ ભ્રાજૈ ॥

ગોવિંદસ્વામીએ પદ પૂરું કર્યું. હજી દર્શનના ટેરા ખૂલ્યા નહોતા. ગોવિંદસ્વામીની નજર ઓચિંતી શ્રી ગોવર્ધનનાથજી પર પડી અને ગોવિંદસ્વામી ખડખડાટ હસી પડ્યા..

"અરે એય ગોવિંદા..આમ ખી..ખી..ખી હસે છે શાનો?"

"કૃપાનાથ...આ વખતે પાઘના પેચ કોણે બાંધ્યા છે? આંટા સાવ છૂટી ગયા છે." - ગોવિંદસ્વામી બોલ્યા...

"હેં...હેં..." કરતા શ્રીજીબાવા સ્વયં પાથને બાંધવા માંડ્યા...બાંધવા તો માંડ્યા, પણ પેચ બાંધતાં આવડે નહીં. એક આંટો માથા પર વીંટાળી, બીજો આંટો માથે વીંટવા જાય ત્યાં પહેલો આંટો સરકી જાય...જેમ જેમ આંટો સરકી જાય તેમ તેમ ગોવિંદસ્વામી હસતા જાય...

"એય ગોવિંદા...આમ હસે છે શાનો?"

"કૃપાનાથ...આ પાઘના આંટા બાંધતાં આવડતા નથી, ત્યાં તમારા સેવકોના પ્યારના આંટા...તમારા હૈયે... તમારાં આંખ-માથા પર ક્યાંથી બાંધવાના...બિચારા જનમભર તમારી ભક્તિ કરતા, ભક્તિના આંટા...શ્રદ્ધાના આંટા, સર્વસ્વ-સમર્પણના આંટા...તમને માથે બાંધવા અર્પતા જાય...અને તમે... એ આંટા બાંધતાં બાંધતાં સરકાવતા જાવ... આમ કેમ ચાલે? જનમજનમના આ મનુષ્ય-દેહ પર વીંટળાયેલા અહંના, આસક્તિના, સ્વાર્થના, વાસનાના...આંટા પણ મનુષ્ય તમારી ભક્તિના તપે એક પછી એક દૂર કરી - તમારાં ચરણે સમર્પતો જાય છે- શા માટે... કે તમે એ અહં,

આસક્તિ, સ્વાર્થ, વાસનાના છુટ્ટા દોરને તમારા માથે "પાઘ"માં વીંટાળતા જાઓ..." - ગોવિંદસ્વામી બોલ્યા,

"હવે જોયો મોટો ફિલસૂફ...આ તું ગામ આખામાં પાઘના પેચ...કે આંટા બાંધવાનો મોટો નિષ્ણાત છો, તો આવીને બાંધી દેને મારા પાઘનો પેચ! તારી હોશિયારી તો જોઉં!" - શ્રીજીબાવા બોલ્યા.

"અરે! તમારા પાઘના, પેચ બાંધવા એમાં કઈ મોટી વાત છે, કૃપાનાથ? લાવો બાંધી દઉં!" - કહેતા ગોવિંદસ્વામી - તંબૂરને ભીંતને ટેકે મૂકતા શ્રીજીબાવાના સિંહાસન સુધી પહોંચી ગયા...અને બોલી ઊઠ્યા... "બાવા...આ પાઘના આંટા છૂટી કેમ જાય છે?"

"જો ગોવિંદા...તને એક વાત કરું?.. આ તું થોડીવાર પહેલાં કહેતો હતોને કે માનવદેહ અને આત્માની ઉપર અહં, આસક્તિ, સ્વાર્થ ઇત્યાદિના આંટા જે વીંટળાયેલા છે ને... એ લૌકિક જીવની આજુબાજુ વીંટળાયેલા જનમજનમના આંટા છે. માનવી સદાય એનાથી બંધાતો જ રહેલો હોય છે...જ્યારે આ મારા માથે બાંધેલી પાઘ..આ બધાં આવરણોથી પર છે... હું આ બધાથી પર છું... એટલે તમે ગમે તેટલા તમારી વાસનાના, અહંના, સ્વાર્થના આંટા મારી પાઘ પર બાંધવા ઇચ્છશો તોપણ એ બંધાવાના નહીં..તને ખબર છે ને...આ દામોદર ક્યારેય, કોઈનાથી - અરે માતા જશોદાથી કે રાધારાણીથી બંધાયો નથી... બંધાય છે તારા જેવા... ગોપીજનોના વ્હાલના આંટાથી...ઢીલી પાઘ પણ ભક્તોના હૃદયમાંથી વહેતી પ્રેમધારાથી પલળી મજબૂત બની જતી હોય છે... ચાલ...જો ટેરો ખોલવા ભીતરિયા આવી પહોંચ્યા છે. ઝટ પાઘના આંટા બાંધી દે, ગોવિંદા!" - અને ગોવિંદસ્વામીએ શ્રીજીબાવાને ચરણસ્પર્શ કરી ઢીલી પડી ગયેલી પાઘને બરાબર કરીને પાઘના પેચ બરોબર બાંધી દીધા અને કાર્ય પતાવી એ કીર્તનિયા-વિભાગમાં જતા હતા ત્યાં જ શ્રીગુસાંઈજી એમને સામા મળ્યા. થોડા ક્ષોભ સાથે મસ્તક નમાવી ગોવિંદસ્વામી એમના યથાસ્થાને પહોંચી ગયા...

"બાવા...આજ તો તમે ગોવિંદદાસને છેક તમારા સિંહાસન સુધી ખેંચી લાવ્યા..?" - શ્રીગુસાંઈજીએ પૂછ્યું.

"કાકાજી, શું કરું? પાઘના પેચ ખૂલી ગયા હતા."

"હેં...પાઘના પેચ તો મેં જ બાંધ્યા હતા ને..."

"કાકાજી... તમે બાંધ્યા હતા...પણ ઢીલા બાંધ્યા હતા...આ જીવાત્માઓને મને સમર્પતાં પહેલાં - મારા માથે પાઘના પેચરૂપે બાંધતી વખતે કદાચ એ જીવાત્માની કાંઈક કસૂર...કાંઇક નિષ્ઠા કે શ્રદ્ધાનો અભાવ, ભક્તિમાં શિથિલતા કે એવું કશુંક દેખાયું હશે તે પાઘના પેચ ઢીલા બંધાણા હશે...પણ વાંધો નહીં...આ આપણો ગોવિંદો છે ને તે તમારી જેવા જ પાઘના પેચ બાંધવામાં હોશિયાર છે... આ જુઓને ...

મથુરાની પેલી નર્તિકાઓની લાગણીના ભાવ સમજી - મારી સમક્ષ તમારી કાનીથી રજૂ કરાવી... કેવી અંતરંગની સૃષ્ટિમાં એણે જડી દીધી...! આ પણ એક પ્રકારના પાઘના પેચની જ વાત છે ને!" - શ્રીજીબાવા હસીને બોલ્યા..

શ્રીગુસાંઈજીનું દિલ હલી ઊઠ્યું ભક્તના ભાવ પર.. ભક્તની ભગવાન પ્રત્યેની દિલ્લગી પર...

"કૃપાનાથ...કૃપાનાથ... આપણા ગોવિંદદાસ તો અપરસ તોડી છેક શ્રીજીબાવા સુધી પહોંચી ગયા!" - એક ભીતરિયો દોડતો આવી બોલી ઊઠ્યો.

"અને જે-જે ...શ્રીજીબાવાના મસ્તક પર પાઘના પેચ સરખા કરી બાંધી દીધા!" - પહેલાની પાછળ બીજો ભીતરિયો ધસી આવતો બોલી ઊઠ્યો.

"જે-જે એ શ્રીજીબાવાને અડક્યા છે.. એટલે અપરસ છોવાઈ ગઈ... આખુંય મંદિર છોવાઈ ગયું...ફરી સાફ કરી સિદ્ધ કરવું પડશે. સામગ્રી ફરીવાર કરવી પડશે...જે-જે ..બાકી આ તમારો ગોવિંદો..આપણા શ્રીજીબાવા જેવો જ નટખટ, તોફાની છે...મંદિરની અપરસ, પવિત્રતા, આચારવિચાર - કશાની એને ભાન નથી." - મંદિરના મુખિયાજીએ આવીને પણ ગોવિંદસ્વામી વિરુદ્ધ શ્રીગુસાંઈજીને ફરિયાદ કરી.

"જે-જે ...નટખટ...અને તોફાની તો એવો છે કે શું વાત કરવી..."

"હવે વાત પછી કરજો - દર્શન ખોલો...બહાર શ્રીજીબાવાનાં દર્શન કાજે વિરહી આત્માઓનો મેળો ભરાયો છે."

"પણ...જે-જે ...છોવાયેલી અપરસનું શું?"

"જુઓ, મુખિયાજી, ભીતરિયાજી...એક વાત સાંભળી લેજો કે રાતદિન શ્રીજીબાવા સાથે કદમખંડીમાં, ગોવિંદકુંડ અને અપ્સરાકુંડની વનશ્રીમાં રમતા - ઠાકોરજીને રમાડતા ગોવિંદદાસના અડકવાથી શ્રીનાથજી છોવાતા નથી... તમે જલદી સંધ્યાભોગની તૈયારી કરો." - અને

શ્રીગુસાંઈજીએ શ્રીજીબાવા સામે નજર ફેરવી..

શ્રીજીબાવા પ્રસન્નચિત્તે હસી રહ્યા હતા...

○ ○ ○

વસંત-હોળીના ખેલના દિવસો હતા.

ગિરિરાજજીનાં વનાંચલો લીલાંછમ બની પવનની પાંખે ડોલતાં હતાં. કેસૂડાં...વૃક્ષ પર ભડકી ઊઠ્યાં હતાં. આમ્રવૃક્ષો મંજરીથી મહેકતાં હતાં.. ગુલાબ, ચંપો, ડોલર, જૂઈ, જાઈ...ઇત્યાદિ પુષ્પોથી ભરીભરી વાટિકાઓએ એની રંગલીલા સાથે સુગંધથી વાતાવરણને ભરી દીધું હતું...

કીર્તનગલીમાં ગોવિંદસ્વામી અન્ય સંગીતરત્નો સાથે હાથમાં તંબૂર સાથે ખડા હતા.

શ્રીગુસાંઈજી એ નિજમંદિરમાં પ્રવેશ કર્યો કે તરત જ ગોવિંદસ્વામીના તંબૂરના તાર ઝણઝણી ઊઠ્યા.. આજે ગોવિંદસ્વામી વસંત-હોળીના મિજાજમાં હતા. શ્વેત ધોતી, કેસરી રંગની કફની, ખભે ખેસ લાલ રંગનો અને માથે કેસરી પાઘડી...આંખમાં અંજન અને ગલોફામાં પાનનાં બીડાં...મદહોશ અદામાં ગોવિંદસ્વામી શ્રીજીબાવાનાં દર્શન કરતાં - તંબૂરના તાર પર એમની આંગળીઓનાં ટેરવાં ખૂબ જ હળવા હાથે ફેરવીને વાતાવરણને મદહોશ કરતો રાગ છેડી રહ્યા હતા..

આંખો શ્રીજીબાવા સામે સ્થિર થઈ ગઈ...

થોડીવાર પહેલાં અપ્સરાકુંડ પાસેની કદમખંડીમાં ફાગણના ફાગ ખેલતાં, શ્રીજીબાવા સાથે અન્ય સખાઓની સંગાથે પકડાપકડીનો ખેલ ખેલતા હતા...

ખેલ જામ્યો હતો...

શ્રીજીબાવા પર દાવ આવ્યો હતો...

"અરે શ્યામલા...હું અહીં છું, મને પકડ..."

"અરે ગોવિંદા...અહીં...અહીં...આ...જા..."

"અરે દામોદર...આવ મને પકડ...બાંધી દે તારા બાહુમાં... અને કરી લે દામોદર નામ સાર્થક...પોતે બંધાય નહીં, પારકાને વશ કરી બાંધી દે...એવો તો તું દામોદર છે, મારા વ્હાલા..."

ગ્વાલબાલની મંડળી... "હરિ તારાં નામ છે હજાર"ની પંક્તિ યાદ કરતી જુદા જુદા નામે "ગોપાલ"ને - ગોવર્ધનનાથને બોલાવતી - એને પકડવાનું આમંત્રણ આપી રહી હતી. એટલામાં ઉત્થાપનનો શંખનાદ સંભળાયો.

ઠાકોરજી માથે દાવ હતો.. ગ્વાલબાલ પકડાતા નહોતા..શંખનાદ સંભળાતાં નીચા વળી રેતીના કાંકરા મુઠ્ઠીમાં ભરી, એ તો ભાગ્યા મંદિર તરફ...

"એય...એય...શામળિયા..અમારો દાવ તો દેતો જા..." - ગોવિંદસ્વામીની સાથે બીજા ગ્વાલબાલ બૂમો પાડતા રહ્યા અને શ્રીજીબાવા સીધા મંદિરમાં ડાહ્યા થઈને સિંહાસન પર બિરાજમાન થઈ ગયા.

ગોવિંદસ્વામી પણ મંદિરમાં દર્શન કરવા અને ઉત્થાપનના સમયનાં કીર્તન કરવા બનીઠનીને આવી પહોંચ્યાં.

શ્રીજીબાવા ગોવિંદસ્વામી સામે એમનું મરકમરક તોફાની સ્મિત વેરી રહ્યા હતા. ગોવિંદસ્વામીનું મોઢું હજી ફૂંગરાયેલું હતું...

"દાવ દીધા વગર નાસી આવ્યાને, બાવા!" - ગોવિંદસ્વામીના ચહેરા પરનો ઠપકાનો ભાવ કાંઈક આવું કહી રહ્યો હતો. શ્રીગુસાંઈજી પધારવાની તૈયારીમાં હતા.

ગોવિંદસ્વામી શ્રી ગોવર્ધનનાથજીના આજના ઉત્થાપનનાં દર્શનના ઠાઠ પર મુગ્ધ થઈ ગયા. અંતરમાં દાવ દીધા વગર નાસી આવેલા શ્રીજી પર રીસ હતી, પરંતુ

સિંહાસન પર મસ્ત અદાથી બિરાજતા શ્યામસુંદરની મોહિની..અંતરને એવી તો સ્પર્શી ગઈ હતી કે હૃદયમાંથી અણગમાના ભાવ-

"બિરાજત સ્યામ મનોહર પ્યારૌ! પ્રભુ તિહું લોક ઉજિયારો" એ પંક્તિ સરી ગઈ.

ગોવિંદસ્વામીના પદની પંક્તિ સાંભળી શ્રી ગોવર્ધનનાથના ચહેરા પર પ્રસન્નતા છવાઈ ગઈ..અને પદની અંતિમ પંક્તિ-

"યા બ્રજ કેલિ પ્રભુ કી કીરતિ, સુર નર મુનિ સબ ગાવેં
નિરખી હરષિ "ગોવિંદ" બલિહારી, ચરન રેનું ધન પાવેં

જ્યારે વાતાવરણમાં ઘૂમી વળી, ત્યારે જ શ્રીગુસાંઈજીએ મંદિરમાં પ્રવેશ કર્યો...

શ્રીજીબાવાએ શ્રીગુસાંઈજીના પ્રવેશ સાથે જ લીલા બદલી.

ગોવિંદસ્વામી સામે ભયભીત નજરે જોતા, કદમખંડીમાંથી દોડતા મંદિરે આવ્યા હોય અને શ્રમિત થઈ ગયા હોય એવા ભાવ સાથે શ્રીગુસાંઈજી સામે ઊંડા શ્વાસ લેતા જોઈ રહ્યા.

"બાવા...આજ આટલા હાંફો છો શાના? ડરી ગયા છો એમ લાગે છે." - શ્રીગુસાંઈજીએ પૂછ્યું.

"કાકાજી! શું કહું? આજે અપ્સરાકુંડની કદમખંડીમાં અમે બાલગ્વાલ રમતા હતા એમાં આ આપણો ગોવિંદોય રમવામાં ભળી ગયો હતો."

"કઈ રમત રમતા હતા? ચહેરા પર પ્રસ્વેદબિંદુ જામી ગયાં છે...બાવા...તમે ખૂબ જ શ્રમિત દેખાઓ છો ને શું?"

"કાકાજી, આજે મારા પર ગોવિંદાનો અને બાલગ્વાલનો દાવ હતો.. અમે પકડાપકડીનો ખેલ ખેલતા હતા. આ ગોવિંદો જુઓને કેવો કતરાતી નજરે મારી સામે જુએ છે! મને તો એનો ડર લાગે છે, કાકાજી!"

"તમે ચિંતા ના કરો..હું બધું સંભાળી લઈશ.." શ્રીગુસાંઈજી બોલ્યા અને અંદર "ભોગ"ની સામગ્રી લેવા ગયા.

શ્રીજીબાવાને ટીખળ સૂઝી.

ગોવિંદસ્વામી તો ફૂંગરાયેલા ચહેરે એમનું પદ પૂરું કરી શ્રીજીબાવા સામે કતરાતી નજરે જોતા હતા. ત્યાં તડાક કરતી એક કાંકરી એના ગાલ પર વાગી. શ્રીગુસાંઈજી ભોગનો થાળ ભરી મંદિરમાં પ્રવેશ્યા.. શ્રીજીબાવા નટખટ હાસ્ય વેરતા, મુઠ્ઠીમાંથી એક પછી એક કાંકરી લઈને ગોવિંદસ્વામી પર ફેંકતા હતા. દર્શન ખૂલ્યાં..કીર્તનઘરમાંથી અષ્ટસખાના એક પછી એક પદથી વાતાવરણ જામતું જતું હતું. પરંતુ સાથેસાથે શ્રીજીબાવાનો ગોવિંદસ્વામી સામેનો કાંકરીવાળો પણ ચાલુ હતો...એક..બે...ત્રણ...કરતાં સાત કાંકરી શ્રીજીબાવાએ ગોવિંદસ્વામી પર ફેંકી.

"બાવા...આ શું કરો છો?"

"કાકાજી...ગોવિંદો..." - શ્રીજીબાવા હજી તો વાક્ય પૂરું કરે એ પહેલાં જ ગોવિંદસ્વામીએ એમના હાથમાંની એક કાંકરી શ્રીજીબાવા પર ફેંકી..

"અરે...અરે...ગોવિંદદાસ...આ તમે શું કર્યું? શ્રીજીબાવા સામે આમ કાંકરી ફેંકાય? આવો કાંકરીચાળો આ ઉંમરે તમને શોભે?"

"જે-જે...તે તમે તમારા દીકરાને વારોને! ક્યારના શ્રીજીબાવા એમની મુઠ્ઠીમાંથી એકએક કાંકરી કાઢી મારા પર ફેંકે છે.. અમને નહીં વાગતું હોય?"

"અરે, એમ હોય...શ્રીજીબાવા તો કૃપાના સાગર છે...એ કાંઈ થોડા તમને કાંકરી મારવાના હતા?" શ્રીગુંસાંઈજી બોલ્યા.

"લ્યો જુઓ...આ પીઠ પર શ્રીજીબાવાએ મને સાત કાંકરી મારી છે... એક બે ત્રણ...ચાર.." કહેતાં સાત કાંકરી ગોવિંદસ્વામીએ મુઠ્ઠી ખોલી કાઢીને આપી અને ગોવિંદસ્વામીએ એમની પહેરેલી કફની પીઠ પરથી ઊંચકીને શ્રીગુસાંઈજીને પીઠ બતાવી.. શ્રીગુસાંઈજીએ શ્રીજીબાવા સામે જોયું, તો એ મીઠું તોફાની સ્મિત વેરી રહ્યા હતા.

"ગોવિંદદાસ...શ્રીજીબાવા તો બાળક છે.. મસ્તીતોફાન એમનો જીવનધર્મ છે.. તે ક્યારેક દાવ આપ્યા વગર ભાગી આવવાના, કાંકરીચાળો કરવાના અધિકારી છે.. તમારાથી સામી કાંકરી ન ફેંકાય.. દોષમાં પડાય." - શ્રીગુસાંઈજી બોલ્યા અને ઉમેર્યું: "હોય, બાળક છે...દાવ ન પણ આપે!"

"અરે એમ કાંઈ હોય, બાવા! રમવામાં બધા સરખા...કોણ મોટો.. કોણ નાનો? બસને! આખરે તો દીકરાનું...જ ઉપરાણું ખેંચ્યુંને? રમતમાં તો બધા સરખા.. કોણ કોના ગોસાંઈ..ઉપરી...મારા ભૈ!" ગોવિંદસ્વામી બોલી ઊઠ્યા.

શ્રીગુસાંઈજી રિસાયેલા ગોવિંદસ્વામી સામે જોઈ રહ્યા, ચૂપ થઈ ગયા...કારણકે જિંદગીના ખેલમાં સૌ કોઈ સરખા...જ હોય...ગોવિંદસ્વામીની વાત સોળ આના સાચી હતી.

૧૧. ભક્તને આધીન ભગવાન છે...

મોહનો ભંગી ભલોભોળો શ્રીનાથજીબાવાનો ભક્ત હતો. રાતદિવસ મંદિરની ચારેબાજુ બુહારી" ની સેવા કર્યા કરતો.

"ગિરિરાજધરણ પ્રભુ તુમ્હારે શરણ"ના જાપ જપતા મોહનાના ભક્તિથી છલકતા હૃદયનો, શ્રીજીબાવા પ્રત્યેની એની આસક્તિનો કે હૃદયની પવિત્રતાનો ખ્યાલ એ જમાનાનો વૈષ્ણવસમાજ કર્યા વગર અછૂત હોવાના નાતે બિચારા "જીવ"ને સદાય હડધૂત કર્યા કરતો.

"છેટાં રહેજો, માબાપ!"ની આલબેલ પોકારતો મોહનો સદાય સવર્ણ સમાજથી દૂર રહેતો...પરંતુ ગિરિરાજની આમ્રવાટિકાઓમાં, કદમખંડીઓમાં એકાંતનું સ્થળ શોધી, વહેલી સવારના અંધારામાં રુદ્રકુંડ, અપ્સરાકુંડ કે ગોવિંદકુંડ પર કોઈ ન હોય ત્યારે ચૂપચાપ એનું ખોળિયું ઝટપટ કુંડમાં ઝબોળી, નાહીધોઈને એકાદ કદમ્બના વૃક્ષની છાયામાં બેસી "માનસી"માં એને આવડે એવી સેવા કરી, શ્રી ગોવર્ધનનાથજીને રીઝવવાનો પ્રયત્ન કરતો. ભોળા દિલના ઇન્સાનની આરઝૂ, વિરહ, તડપન શ્રીજીબાવાના હૈયા સુધી એક સવારે પહોંચી...

એ દિવસે વહેલી સવારે મોહનો "માનસી સેવા" કરી રહ્યો હતો. એની આંખોમાંથી વિરહની યાતનાનાં આંસુઓ સરી રહ્યાં હતાં.

"મારા વ્હાલા ગોવર્ધનનાથ...આ જીવે એવાં તે કેવાં પાપ કર્યાં છે... કે એને "અછૂત" જાતિમાં જન્માવ્યો? માણસજાતનાં મળ, મૂત્ર, કચરા અને મલિનતાને કોઈપણ જાતની સૂગ વગર - ફક્ત માનવસેવાના કાજે - માથે ઉપાડીને દૂરદૂર ધરતીના પેટાળમાં જઈને ધરબી દઉં છું...સ્વચ્છતાની એક ઝુંબેશ - શબ્દોના નારા લગાવીને નહીં પણ આખા ગામને, "બુહારી"ની સેવા માનવજાત માટે કરીને હું મારૂં કર્તવ્ય નિભાવું છું...તારા મંદિરમાં તારાં દર્શન કરવાની ઉત્કટ ભાવના સેવતો...તારી કૃપા ઝંખતો, "માંયલા"ને તારી ભક્તિ દ્વારા તારામય બનાવી દેવા મથતો હોઉં છું ત્યારે...મને તારા જ બનાવેલા માણસો તારી નજીક આવવા દેતા નથી...મારા ગોવર્ધનનાથ...તારા દરબારમાં આવો અન્યાય કેમ?" - અને મોહના ભંગીની બંધ આંખોમાંથી આંસુનો ધોધ વહેવા માંડ્યો. વિરહના તાપથી એનું હૈયું...એનું અંગ...એનું અણુઅણુ ભડભડ સળગી રહ્યું હતું...

"મોહના..."

ઓચિંતો મધુર અવાજ વાતાવરણમાં છલકાઈ ગયો. વાતાવરણમાં સુગંધ પ્રસરી ગઈ...પવનની પાંખે પર્ણોનો કલરવ મોહના ભંગીના કાને સંભળાવા માંડ્યો. મોહનો ચમક્યો...થોડીવાર પહેલાં તો સવારનો પહોર હોવા છતાં વાતાવરણમાં ગરમી હતી...અને

એકાએક સુગંધિત, સંગીતમય હવાનો પ્રસાર એ અનુભવી રહ્યો હતો. ત્યાં તો ફરી કાને અવાજ સંભળાયો...

"મોહના..."

મોહના ભંગીના શરીરમાં રોમાંચ પ્રસરી ગયો. ધીમેધીમે એણે આંખો ઉઘાડી...અને એ હેબતાઈ ગયો...ઘાંઘો થઈ ગયો. પ્રકાશનો એક પુંજ આકાશ તરફ ઊંચે ને ઊંચે ચડી રહ્યો હતો...અને એમાંથી ધીમેધીમે શ્રી ગોવર્ધનનાથજીનું બાળસ્વરૂપ સ્મિત છલકાવતું એની સામે તાદૃશ્ય થતું ખડું હતું. કાને કુંડળ, હડપચીએ હીરો, વાંકડિયા વાળની લટ પર મોરપિચ્છ...પીળી પીતાંબરી, એક હાથમાં લાડવો ને બીજા હાથમાં વાંસળી...સૂરદાસના શબ્દોમાં..."ઘૂટુર ઘૂટુર..." ઘૂંટણિયે ચાલતા શ્રીજીબાવા મોહના ભંગીની સામે ખડા હતા...મોહનાના અંગેઅંગમાં - અણુઅણુમાંથી લાગણીના - પ્રેમના બારે મેઘ ખાંગા થયા હોય એમ આંખમાં હર્ષનાં આંસુ સાથે મોહનો ભંગી દોડીને શ્રીજીબાવાના શરણમાં પહોંચી ગયો.

"કૃપાનાથ...મારા વ્હાલા ગોવર્ધનનાથ...તારાં દર્શનથી તો ધન્યધન્ય થઈ ગયો! ધન્ય થઈ ગયો..." કરતો મોહનો નાચવા માંડ્યો...નાચતાં નાચતાં એને ક્ષણભર તો મૂર્છા આવી ગઈ...બંધ આંખો, બેભાન શરીર અને હૃદયની આર્દ્રતાના વિરહાગ્નિમાંથી શેકાઈને મિલનની એ પળોમાંથી - રસના તો એક જ જાપ રટ્યા કરતી હતી:

"ગિરિરાજધરણ...શ્રીજી તમારે શરણા!"

"ગિરિરાજધરણ શ્રીજી તમારે શરણ..."

"મોહના...ચાલ, ગોવિંદકુંડની કદમખંડીમાં, તું તારી પીઠ પર બેસાડી મને લઈ જા. આપણે ત્યાં ગ્વાલબાલ સાથે રમશું...તું મારો ઘોડો...ને હું તારો અસવાર..."-

"કૃપાનાથ...મારી...વર્ષો જૂની ઝંખના આપે આજે પૂરી કરી. રોજ ગોવિંદકુંડની પાળ પર બુહારી મારવા આવું છું...હોઠે અને હૈયે તમારું નામ રટતો હોઉં છું...ગોવિંદસ્વામીની પીઠ પર સવાર થઈ બેઠેલા તમારાં દર્શન કરું છું ત્યારે મનમાં એક જ ઇચ્છા...તૃષ્ણા જાગતી હોય છે કે મારો વ્હાલો ગોવર્ધનનાથ...મારી પીઠ પર ક્યારે સવાર થશે! ક્યારે આ જીવને આપના ઘોડા બનવાનું સૌભાગ્ય મળશે! કૃપાનાથ...આ લ્યો ચારે પગે થઈ...તમારો ઘોડો બની જાઉં છું...પલાણો મારી પીઠ પર અને તમારી કૃપાનો, પ્રેમનો બધો જ ભાર લાદી દો આ તમારા ભંગી સેવક પર." હોંશમાં આવી મોહનો ભંગી નીચો નમ્યો. બે હાથ ધરતી પર ટેકવી ઘોડો બની ગયો. શ્રી ગોવર્ધનનાથ હાથમાં રહેલી વાંસળીને ગોળગોળ ઘુમાવતા મોહના ભંગીની પીઠ પર બિરાજ્યા અને "ચલ મેરે ઘોડે તબડક...તબડક" કરતા અપ્સરાકુંડની કદમખંડીમાં પ્રવેશ્યા...આજે એનો "ગોવિંદો" આવવામાં મોડો પડ્યો હતો. કદમખંડીમાં વટવૃક્ષની છાયામાં રમતા ગ્વાલબાલો...

"કનૈયો આવ્યો...શ્રીજીબાવો આવ્યો...મુરલીધર...ઘનશ્યામ... બાંકે બિહારી

આવ્યો...અલ્યા કાનુડા, આજ કેમ મોડો આવ્યો...અને તારો પેલો ગોવિંદો ક્યાં?"

"આવતો હશે...આ છે સખાઓ મારો "મોહનો"- સવારથી મોડી રાત સુધી આપણાં મંદિર, કદમખંડી, કુંડો, બેઠકજી, અરે આખાય શ્રી ગોવર્ધનની "બુહારી" કરતાં કરતાં એની પીઠ વાંકી વળી ગઈ છે...આજે તો આ મોહનાને ઘોડો કરી, એની પીઠ પર સવાર થઈ...તબડક...તબડક કરતો આવ્યો...ખૂબ મજા પડી હોં! હવેથી રોજ તું જ મને તારી પીઠ પર સવાર કરી કદમખંડીમાં લઈ આવજે હોં...ચાલ...આ મારા દોસ્તો સાથે ખેલ ખેલવા..." - શ્રીજીબાવા મોહના ભંગીના ખભા પરથી કૂદકો મારી ઊતરતા બોલ્યા.

"કૃપાનાથ...મને રોજ તમારી સાથે રમાડશો? હું અછૂત જાતિનો...અનાથ ભટકતા જીવ પર તમે આટલી બધી કૃપા વરસાવશો? કૃપાનાથ, મારું તો જીવતર ધન્ય થઈ ગયું!"

"મોહના...આ જીવને એના કર્માનુસાર આ ધરતી પર જનમ લેવાનો હોય છે... કર્મ કરવાનું હોય છે. અને કાળદેવતા બોલાવે એટલે ચાલી નીકળવાનું હોય છે... આ "રાજભોગ"નો કેવો હેલો પડે છે ને હું કેવો દોડીને મંદિરમાં પહોંચી જાઉં છું! બસ એમ જ મનુષ્યજીવે દોડીને...હું બોલાવું ત્યારે આવી જવાનું હોય છે...બાકી આ જગતમાં નથી કોઈ ઊંચું, નથી કોઈ હલકું...નીચું...ભગવાનની આ માયા છે, ખેલ છે... ચાલ...અમારા ખેલમાં ભેળો થઈ જા..." અને આટલું બોલતાં જ શ્રીજીબાવા ખૂણામાં ડરીને ઊભેલા મોહનનો હાથ પકડી, એને એના બે બાહુમાં સમાવી લેતા ગ્વાલમંડળીની મધ્યમાં લાવી નાચવા મંડ્યા... બરોબર એ જ સમયે હાંફળાફાંફળા - મોડા પડેલા ગોવિંદસ્વામી કદમખંડીમાં આવી પહોંચ્યા અને આંખો સામે શ્રીજીબાવાને મન મૂકીને મોહના ભંગીને છાતીએ વળગાડીને નાચતા જોઈ હેબત ખાઇ ગયા...

"અરરર....આ....આ....શું? મોહના ભંગીનો હાથ પકડી મારો ગોવર્ધનનાથ... છૂતઅછૂતનો કશો જ વિચાર કર્યા વગર ઘેલો થઈ નાચે છે? એની પીઠ પર બેસી ઘોડો થાય છે?"

તામસી પ્રકૃતિના ભક્તજીવથી ન રહેવાયું - એમણે ધરણી ધ્રુજાવતી બુમ પાડી:

"મોહના...આ શું?"

વાતાવરણમાં સોપો પડી ગયો. મોહનાના હાથ શ્રીજીબાવાના હાથના બંધનમાંથી છૂટા પડી ગયા...બિચારો મોહનો ભયનો માર્યો ધ્રૂજી ગયો.

'એય...તું...તું...શ્રીજીબાવાને કેમ અડક્યો? તને તારી હેસિયતનું... તારી જાતનું કાંઈ ભાન છે ખરું?"

મોહનો જવાબ આપ્યા વગર ડરનો માર્યો શ્રીનાથજીને મૂકીને નાસી છૂટ્યો...ગોવિંદસ્વામીના મિજાજની એને ખબર હતી.

"બાવા...તમે...તમે ઊઠીને આ મોહના ભંગીને અડક્યા? એની સાથે ખેલ

ખેલવા માંડ્યા? તમે નાહશો નહીં, ત્યાં સુધી હું તમને નહીં અડકું...મારી પીઠ પર ઘોડો બની બેસાડીશ પણ નહીં."

"ગોવિંદા! મોહનો મારો ભોળિયો... અકિંચન સેવક છે. એનેય મારી સાથે રમવાનું મન ન થાય?"

"થાય...પણ...એણે એની જાતનો...એની "બુહારી"થી ગામ આખાનો કચરો અને "મેલ" ઉપાડવાના ધંધાનો તો ખ્યાલ કરવો જોઈએને..."

"પણ, ગોવિંદા...એ તો ગોવિંદકુંડમાં નાહીધોઈને "માનસી" માં મારી સેવા કરતો હતો, ધ્યાન કરતો હતો... તમારા બધા કરતાં સ્વચ્છ અને સુઘડ લાગતો હતો."

"તો રમજો...એની સાથે...હું કાકાજીને કહી દેવાનો છું કે તમે ગમે તેવા માણસો સાથે ખેલ ખેલો છો ને છોવાઈ જાઓ છો...તમે છોવાઈ ગયા છો...તમારે અમારી સાથે રમવું હશે તો ગોવિંદકુંડમાં જઈને નાહવું પડશે... એ પછી જ અમે સૌ તમારી સાથે રમીશું...કેમ ને સખાઓ?" - કડક નજરે ગ્વાલબાલની મંડળી સામે નજર કરતાં ગોવિંદસ્વામી બોલ્યા.

"હા...હા...હા...બાવા...ગોવિંદકુંડમાં ડૂબકી ખાઈ આવો. પછી જ અમે તમારી સાથે રમશું... તમે છોવાઈ ગયા છો." ગોવિંદસ્વામીના ડરના માર્યા અન્ય સખાઓ એકીઅવાજે બોલી ઊઠ્યા.

"પણ...આ વહેલી સવાર...શિયાળાના દિવસો...ઠંડું પાણી... નાહવું કેમ, ગોવિંદા?" - શ્રીજીબાવા બોલ્યા.

"અમે એ કાંઈ ન જાણીએ...તમે છોવાઈ ગયા છો...તમારે નાહવાનું છે!" - શ્રીજીબાવા પર હુકમ ચલાવતા એમના અંતરંગ સખા ગોવિંદસ્વામી બોલ્યા.

"સારું...ગોવિંદા...હમણાં નાહીને આવું છું... પછી તો મને રમાડશો ને?" - કહેતા શ્રીજીબાવા ગોવિંદકુંડના ઠંડા પાણીમાં નાહ્યા. ટાઢ ચડી ગઈ.

"હુ...હુ...હુ...હુ..." કરતા ગોવિંદકુંડની પાળ ચડી...કદમખંડી તરફ આવતા હતા ત્યાં જ મંદિરમાંથી શંખનાદ સંભળાયો...અને શ્રીજીબાવા ભીના વાઘા સાથે શરીરે ધ્રૂજતા કડકડતી ઠંડીમાં મંદિરમાં જઈને ડાહ્યાડમરા થઈને સિંહાસન પર બેસી ગયા.

શ્રીગુસાંઈજીએ મંદિરમાં પ્રવેશતાં જ કોકડું વાળીને ભીના વાઘા સાથે ધ્રૂજતા શ્રીજીબાવાને સિંહાસનના એક ખૂણામાં સંકોડાઈને બેઠેલા જોયા.

"અરે...અરે...બાવા, આ શું? પાણીથી નીતરતા ભીના વાઘા, કેશમાં ટપકતું જલ, આ ધ્રૂજતું શરીર...કડકડતી ઠંડી... એવી તે ક્યાં જલક્રીડા કરી આવ્યા...અને પાછા ભીના વાઘામાં...સિંહાસન પર આવી બિરાજી ગયા છો!"

"કાકાજી...આ તમારો ગોવિંદો છે...ને!"

"હાં, તે શું છે?"

"હોય શું...મને ગોવિંદકુંડમાં કડકડતી ઠંડીમાં હિમ જેવા ઠંડા જલમાં વાઘા સાથે નવડાવ્યો!" - ફૂંગરાયેલા મોઢે - ઠંડીમાં દાંત કચકચાવતા...ધ્રૂજતા શરીરે...કંપતા સ્વરે શ્રીજીબાવા બોલ્યા.

"ગોવિંદદાસે તમને નવરાવ્યા...અને આમ ઠંડા પાણીમાં? શી છે એમની હેસિયત...અને હાં...બાવા...આમ નાહવાનું કાંઈક કારણ તો હશેને...? ભલે ગમે તે હોય...પણ...ગોવિંદદાસને આમ નિયમોને હાથમાં લેવાનો અધિકાર કોણે આપ્યો?" ચાલો, પહેલાં નવા વાઘા પરિધાન કરી લ્યો...લાવો તમારા ધ્રૂજતા શરીરને હું મારા અંગરખાથી લૂછી નાખું..." કહેતાં શ્રીગુસાંઈજીએ પ્રક્રિયા શરૂ કરી દીધી...

"કાકાજી...આ તમારો ગોવિંદો છે ને... સ્વભાવનો તામસી, પણ મારા અંતરંગનો સખો છે...એ એવા તો પ્રેમથી સખ્યભાવે મને ભજે છે કે એણે મારા પર એનો અધિકાર સ્થાપી દીધો છે...એટલું જ નહીં પણ પ્રતિપળનું એનું મારું સ્મરણ, મારા પ્રત્યેનો અગાધ પ્રેમ...મારી એકએક ક્ષણને તન મન અને ધનથી શણગારતો એવો મારો આ ગોવિંદો છે...એ કહે તે પ્રમાણે મારે કરવાનું જ...ભક્તને આધીન ભગવાન છે ને...કાકાજી..."

"હાં, તોપણ...તમે એવું તે શું કર્યું કે તમારા આ ભગતે તમારા કોમળ શરીરનો, તમારી રુચિઓનો...તમારા સુખનો પણ વિચાર કર્યા વગર આમ ઠંડા પાણીથી કુંડમાં નવરાવવાની જડતા કરી?"

"કૃપાનાથ...સેવક તમારી સેવામાં હાજર છે." - ગોવિંદસ્વામીને સેવકે કહ્યું કે "શ્રીગુસાંઈજી તમને યાદ કરે છે" એટલે દોડતો આવ્યા હતા.

"તમે શ્રીજીબાવાને આટલી કડકડતી ઠંડીમાં ગોવિંદકુંડમાં કેમ નવરાવ્યા? તમને કોણે એ અધિકાર આપ્યો? તમે નાજુક કોમળ શરીરનો...એમના સુખનો - ક્ષેમકુશળનો પણ વિચાર ન આવ્યો?" - શ્રીગુસાંઈજી ગુસ્સે થઈને બોલ્યા.

"કૃપાનાથ...પૂછોને તમારા લાડલાને જ...એમને કેમ ગોવિંદકુંડમાં નાહવું પડ્યું?"

"કાકાજી...હું પેલા મોહના ભંગી સાથે ખેલતો હતો...એની પીઠ પર ચડી "ઘોડા ઘોડા"ની રમત રમતો હતો, ત્યાં આ તમારા સેવક આવ્યા અને કહે: બસ "તમે મોહનાને અડક્યા છે, એટલે છોવાઈ ગયા છો, તો ગોવિંદકુંડમાં જઈ સ્નાન કરી બહાર આવો."

"અપરસ' છોવાઈ જાય એટલે નાહવું તો પડે જ ને, જે-જે!"

"શું નાહવું પડે, ગોવિંદદાસ...સૌથી પહેલાં એક વાત સાંભળી લ્યો કે "સનાતન સ્વચ્છ" એવા ઠાકોરજી ક્યારેય છોવાઇ નહીં...નિયમો સમજ્યા વગર નિયમો હાથમાં લઈને શ્રીજીબાવાને "છોવાઈ ગયા" છો એવું કહેવાનો તમને અધિકાર કોણે આપ્યો? અને બીજું, આ મોહનભંગી છે ને...એ દૈવી જીવ છે...ભોળિયો જણ છે...ભક્તિમાં

શ્રીજીબાવાનો એ તમારા જેટલો જ નિકટનો જીવ છે... અને...એક વાત સમજી લો, એ...માણસથી માણસ ક્યારેય છોવાતો હોતો નથી...કર્માધીન કાર્યો કરવાનાં એને હોય છે...અને કોઈપણ કાર્યથી માણસની જાત નક્કી કરવાનો જે ઠેકો વેદકાળથી આપણા કહેવાતા કેટલાક તમારા જેવા બ્રાહ્મણોએ લીધો છે...એ...ખોટો છે! અસત્યના પાયા પર ટકેલા આ ભેદભાવનો અંત લાવવા...તમારા જેવા અંધશ્રદ્ધાળુઓને આંખોનાં પડળ દૂર કરવા જ ભગવાને મોહનભંગીના ખભે બેસી કદમખંડીમાં જઈ ખેલ ખેલવાની લીલા કરી હતી. તમે આ કામ સારું કર્યું નથી...તમને હું સાવધાન કરું છું." ગોવિંદસ્વામીને ઠપકો આપતાં શ્રીગુસાંઈજી બોલ્યા...ત્યાં જ-

''અરે કાકાજી...ઝટ નવા વાઘા પહેરાવી...શૃંગાર કરો. હું તો હજી ટાઢથી ધ્રૂજું છું....''- સિંહાસન પર બિરાજેલા ઠંડીથી ધ્રૂજતા શ્રીજીબાવા બોલી ઊઠ્યા.

ામજી લો,
ાનાં એને
વેદકાળથી
અસત્યના
આંખોનાં
ખેલવાની
કરું છું."

જી ટાઢથી
્યા.

૧૨. 'આપણા મુકામ તો પેલે પારના'

વસંતના એ દિવસો હતા.

વ્રજભૂમિનાં અરણ્યોએ નવવધૂનો લીલું પાનેતર ઓઢીને વસંતોત્સવનો શણગાર ધર્યો હતો. કોકિલ, મોર, બપૈયા ઇત્યાદિના રણકાથી કુદરતી માહોલ સારો રચાયો હતો.

શ્રીજીબાવા પ્રસન્નતામાં બિરાજ્યા હતા.

શ્રીગુસાંઈજી શ્રીજીબાવાનો શયન-ભોગ સરાવીને બીડી આરોગતા હતા ત્યારે કીર્તન-ખૂણામાં ગોવિંદસ્વામી હાથમાં તંબૂર લઈ ઊભા ઊભા પ્રાકૃતિક સૌંદર્યલીલાની અનુભૂતિ કરાવતું શ્રી ગોવર્ધનનાથજી સમક્ષ કીર્તન કરતા અને નવી ધમાર ગાતા હતા.

શ્રી ગોવર્ધનલાલા, તિહારે ચંચલ નૈન વિસાલા ।
તિહારે ઉર સોહે વનમાલા, તાતે મોહી સકલ બ્રજબાલા ॥
ખેલત ખેલત તહાં ગયે જાહાં પનિહારિનીકી વાટ ।
ગાગર ઢોરી સીસ તેં કોઉ ભરન ન આવે ધાટ ॥
નંદરાય કે લાડિલે બલિ ઐસો ખેલ નિવારી ।
મનમેં આનંદ ભરી રહ્યો મુખ જોવતિ સકલ વ્રજનારી ॥
અરગજા કુમકુમ ઘોરિ કૈ પ્યારી લીનો કર લપટાય ।
અચકા અચકા આઇ કૈ ભાજી ગિરિધર ગાલ લગાય ॥

એક પછી એક ત્રણ પંક્તિઓ પૂરી કરી ગોવિંદસ્વામી અટકી ગયા. આગળનું વર્ણન પંક્તિમાં ઊતરતું નહોતું.

શ્રીગુસાંઈજીની નજર ગોવિંદસ્વામી પર ગઈ. અચાનક અધવચાળે એ કેમ અટકી ગયા એની ખબર એમને ન પડી. સ્મિત સાથે શ્રીગુસાંઈજીએ કહ્યું:

"અરે, ગોવિંદદાસ, ધમાર કેમ ગાતા નથી?"

"શું કહું, કૃપાનાથ! ધમાર ભાગી ગઈ અંતરમાંથી અને આ નટખટ મન મૂંઝવણમાં પડી ગયું. આ 'અચકા અચકા આય કૈ ભાજિ ગિરિધર ગાલ લગાય' - તે ભાગી ગયા, ત્યાં સુધી કલ્પનાશક્તિ ચાલી...હવે આગળ કેમ વધવું એની સમજણ નથી પડતી." - ગોવિંદસ્વામીએ મનની મૂંઝવણ ગુરુદેવ આગળ વ્યક્ત કરતાં કહ્યું. ચહેરા પર ઉદાસીનતા કરતાં ઉલઝન વધી ગઈ. એમની કાવ્યશક્તિ પર એમને રંજ થયો.

શયન આરતીનાં દર્શન કરી ભગ્ન હૈયે ગોવિંદસ્વામી ગિરિરાજ પર્વત પરથી ઊતરી રહ્યા હતા. શ્રીગુસાંઈજી પણ ઠાકોરજીને પોઢાડી પર્વત પરથી નીચે ઊતરી "મુખારવિંદ"ના પરિસરમાં આવેલી બેઠકજી પરના સ્થાને બિરાજ્યા.

"અરે, ગોવિંદદાસ...સુનિયોજી..." કહેતાં ગોવિંદસ્વામીને એમણે બોલાવ્યા.

"કૃપાનાથ, આજ્ઞા!"

"ધમાર ભાગી ગઈ હતી; પાછી આવી કે નહીં?"

"કૃપાનાથ...એમ કાંઈ આવે?" નિરાશ સ્વરે ગોવિંદસ્વામી બોલ્યા.

"ગોવિંદદાસ...સાંભળજો આ ધમારની તુક... તમારા પદમાં જામી જશે-

ઈહિ બિધિ હોરિ ખેલિહીં, વ્રજવાસીન સંગ લાઇ લાલા ।
શ્રી ગોવર્ધનધર રૂપ ધર, જન ગોવિંદ બલિ જાઇ લાલા ॥

શ્રીગુસાંઈજીના મુખેથી છેલ્લી તૂક સાંભળી ગોવિંદસ્વામી ખુશ થઈને તંબૂરને હવામાં ઉછાળતા...ઘેલા થઈ નાચવા માંડ્યા.

"યહિ...યહિ...યહિ...જ તૂક, કૃપાનાથ! ધમાર પૂરી થઇ...ગઈ... કૃપાનાથ, ધમાર પૂરી થઈ ગઈ!"

શ્રીગુસાંઈજી ગોવિંદસ્વામીના સંગીતપ્રેમની ઉત્કટતા પર પ્રસન્નચિત્તે સ્મિત વહાવી રહ્યા.

મહાવનના ટેકરા પરથી મધુર કંઠે ગોવિંદસ્વામી મગ્ન ચિત્તે...સરસ મજાનું રૂપાસક્તિનું વર્ણન કરતું એક પદ મુક્ત ચિત્તે - મુક્ત કંઠે ગાઈ રહ્યા હતા:

અરી ! યહ સુંદરતા કી હદ ।
કુંડલ લોલ કપોલ બિરાજત બિલગિત ભુવ જ્યોતિ ઉનમદ ॥
વિદ્રુમ અધર દસન દારયૌ દુતિ, દુલરી કંઠ હાર ઉર બિસદ ।
"ગોવિંદ" પ્રભુ બને તેં બ્રજ આવત માનહુ મદન ગજરાત ધરત ॥

"ગ્વાલ"નાં દર્શન થઈ ગયાં હતાં. મંદિરમાં રાજભોગની તૈયારી ચાલી રહી હતી. હવામાં ગરમાવો વધવા માંડ્યો હતો.. મહાવનની ટેકરી પરના પીપળાના વૃક્ષ નીચેના ચોતરા પર ગોવિંદસ્વામી બેઠા હતા. અંતરમાંથી જ પદ ઊછળી આવ્યું હતું...

મહાવનની ટેકરી ચઢીને એક યુવાન ઉપર આવી રહ્યો હતો. ગૌર દેહ, આભને આંબતી ઊંચાઈ, ખડતલ શરીર, આકાશી સૃષ્ટિના બે ઝળહળતા તારલા જેવાં સ્વચ્છ, સ્ફટિક નયનો, શ્વેત ધોતી, ગળામાં માળા, ભાલમાં તિલક, ખભા પર પીળા રંગનો ઉપરણો...ઉપરણા નીચે જનોઈ... એની ધીરગંભીર ચાલમાં એનું વ્યક્તિત્વ ઝળહળી ઊઠતું હતું.

ગોવિંદસ્વામી એમની ધૂનમાં - પદમાં મસ્ત હતા...

"ગોવિંદદાસ..." - એક મધુર સ્વર હવામાં ઊછળ્યો.

"અરે, શ્રી ગોકુલેશ પ્રભુ!.. તમે...આ ધોમ તડકામાં...." - આંખો સામે શ્રીગુસાંઈજીના ચતુર્થ લાલ શ્રી ગોકુલનાથજીને જોઈને ગોવિંદસ્વામી હાંફળાફાંફળા ઊભા રહી ગયા.

"બેસો, ગોવિંદદાસ...બેસો... હું તો તમારા મધુર કંઠે ગવાતાં પદો સાંભળવા આવ્યો છું." શ્રી ગોકુલનાથજી કશા જ આડંબર વગર - પીપળાના ચોતરા નીચે ગારાથી લીંપાયેલી ધરતી પર પાથરેલા આસન પર બિરાજતાં બોલી ઊઠ્યા..

"શ્રી વલ્લભ...આપ...આપ અહીં ચોતરા પર બિરાજો... હું નીચા આસને બેસી પદો ગાઈશ...કૃપાનાથ!"

શ્રી ગોકુલનાથજી શ્રી વલ્લભનો અવતાર ગણાતા, એટલે ઘણીવાર સેવકો આ જ્ઞાનમૂર્તિને "શ્રી વલ્લભ"ના નામે પણ સંબોધતા.

"ગોવિંદદાસ... વધુ ચર્ચાને અવકાશ નથી...આજ તો મારે તમારા મુખે શ્રી ગોવર્ધનનાથજીની દાનલીલાનાં પદો સાંભળવાં છે."

"અરે, કૃપાનાથ...આપે ખવાસને મોકલ્યો હોત તો હું આપના મુકામે આવીને પદો સંભળાવત...આપે શા માટે આટલો બધો પરિશ્રમ, આ ધોમ તડકામાં ઉઠાવ્યો?" ગોવિંદસ્વામીના મગજમાં હજી સુધી...શ્રી વલ્લભકુળના બાળક સામે ચાલીને પદો સાંભળવા સેવકના ઘરે પધારે એ વાતની ગડ બેસતી નહોતી.

"ગોવિંદદાસ...આજે હું શ્રી વલ્લભકુળના બાળક તરીકે તમારે ત્યાં નથી આવ્યો...આજે તો રસશાસ્ત્રના વિશેષજ્ઞ તરીકે સૂર, સ્વર અને સર્જનના ત્રિવેણીસંગમ સમા સંગીતની દુનિયાના અણમોલ કલાકારની કલાપ્રસાદી માણવા એક ભાવક તરીકે - સંગીતપ્રેમી તરીકે આવ્યો છું... તમે કશી જ ઔપચારિક વિધિ કર્યા વગર...તમારો સૂર વહેતો કરો." - શ્રી ગોકુલનાથજી બોલ્યા.

ગોવિંદસ્વામી એક પળ પૂરતા શ્રી ગોકુલનાથજી સામે એકીટશે જોઈ રહ્યા. સંગીત, સાહિત્ય અને અનેક અન્ય કલાના મર્મજ્ઞ - ઊંડા અભ્યાસી શ્રી વલ્લભકુળના પ્રતિભાશાળી શ્રી ગોકુલનાથજી એક ભાવક તરીકે એમના આંગણે એમનાં પદો સાંભળવા પધારે... એ એમના માટેની જિંદગીની ધન્ય પળો હતી. ગોવિંદસ્વામીનું હૈયું દ્રવિત થઈ ગયું.

"કૃપાનાથ..." કહેતાં એમણે શ્રી ગોકુલનાથજીનાં ચરણ પકડી લીધાં. શ્રી ગોકુલનાથજીએ એમને બેઠા કર્યા. પીપળાના વૃક્ષને અડીને પડેલો તંબૂર ગોવિંદસ્વામીના હાથમાં મૂક્યો.. અને તંબૂરના તાર ઝણઝણી ઊઠ્યા...ઉરના અતલ ઊંડાણમાંથી ભાવવાહી સૂરો વાતાવરણમાં વહેતા થયા...

શ્યામ સુંદર હંસિ બૂઝત હૈં, કહિધૌં મોલ યા દધિ કૌરિ ગ્વાલનિ?
બૈચેગી તૌ ઠાઢી રહિયૌ, દેખૈં ધૌં કૈસો જમાયૌ
કાહેકો ભજીય જાત નૈન વિસાલનિ
વૃષભાન - નંદિની કૌ નિરમોલક દહ્યો સ્યામ, હીરા તુમ પૈ ન દિયૌ જાય
હંસિ હંસિ - કરત ચલત ગજ ચાલનિ
"ગોવિંદ" પ્રભુ પીય પ્યારી નેહ જાન્યૌ, તબ મુસિક્યાય ઠાઢી ભઇ ।
સૈના-બૈની ...કરહિં સબ આલનિ....॥

શ્રી ગોકુલનાથજી પદ સાંભળતાં સાંભળતાં સંગીતસમાધિમાં સરી પડ્યા. ગોવિંદસ્વામી પણ એમની મસ્તીમાં...એક પછી એક પદ ગાતા રહ્યા... સાચા ભાવક અને સાચા સર્જકની સમાધિની જુગલબંધી એવી તો રચાઈ ગઈ કે ગિરિરાજજીના પશ્ચિમના આકાશમાં સૂરજદેવતા ઢળી રહ્યા હતા એની પણ ખબર ગાયક કે શ્રોતાને ન પડી...

અહીં મંદિરમાં રાજભોગનાં દર્શન ખૂલી ગયાં...શ્રી વલ્લભનંદને આરતી કરી...અનોસર પણ કરી લીધા... રાજભોગ પછી શ્રીગુસાંઈજી એમના મુકામે પધાર્યા...ભોજનની તૈયારી પણ થઈ ગઈ...આમ તો રોજ ભોજનવિધિની તૈયારી થઈ જાય, એટલે ખવાસ શ્રીગુંસાઈજીને અને બાળકોને બોલાવવા જતો. એ દિવસે ખવાસ પણ કાંઈક કામે ગયો હશે. શ્રીગુસાંઈજી સમય થતાં જ ભોજનગૃહમાં પધાર્યા. બધાજ લાલન ભોજનગૃહમાં આવી ચૂક્યા હતા અને યથાસ્થાને બેસી ગયા. શ્રીગુસાંઈજીએ એક નજર બાળકો પર ફેરવી...અને એમના આશ્ચર્ય વચ્ચે એમના ચતુર્થ લાલ શ્રી ગોકુલનાથજી જ હાજર નહોતા. એમને ચિંતા થઈ. પૂછપરછ કરતાં એક વ્રજવાસીએ ખબર આપ્યા કે... "શ્રી વલ્લભને અમે મહાવન તરફ જતા - ગ્વાલનાં દર્શન પછી જોયા હતા..."

શ્રીગુસાંઈજી એક ક્ષણ પૂરતા વિચારમાં પડી ગયા. શ્રી ગોકુલનાથજીની કલાપ્રીતિ અનોખી હતી...પછી તે કલા સંગીતની હોય, શિલ્પની હોય, સાહિત્યની હોય....શ્રી ગોકુલનાથજી કલામર્મજ્ઞ - વિદ્વાન - બધાં જ શાસ્ત્રોના જ્ઞાતા જ નહીં, પરંતુ દરેક ક્ષેત્રના પારંગત વિદ્વાન હતા. શ્રીગુસાંઈજીએ કલ્પી લીધું કે "વલ્લભે" ગોવિંદસ્વામીના મહાવનના ટીંબે જઈને એમનાં પદો સાંભળવામાં જમાવી દીધી હશે. એમને હવે બોલાવવા વ્યર્થ હતા. સમાધિસ્થ વલ્લભ અને તલ્લીન ગોવિંદસ્વામીની જામેલી જુગલબંધીમાં વિક્ષેપ નાખવાનો અર્થ નહોતો.

"આપણે ભોજન શરૂ કરો...વલ્લભ એમની સંગીતસમાધિ છૂટતાં આવી જશે."

અને શ્રી ગોકુલનાથજી મોડી રાત્રે સંગીતમય બની મુકામે પાછા ફર્યા.

○ ○ ○

-ગિરિરાજજીના શિખર પર સ્થિત શ્રીનાથજીના મંદિરની સાત ધજાઓ પવનની પાંખે ફફડતી હતી. નવ-પ્રભાતનાં રવિકિરણો એના રંતુબડા રંગથી ધજાની શોભા વધારી રહ્યાં હતાં. સમગ્ર આકાશ ગુલાબી રંગોની છાંટથી શોભતું હતું.

ગોવિંદસ્વામી અસ્વસ્થ હતા.

સવારથી જ એમની ડાબી આંખ ફરકતી હતી. આખી રાત શિયાળવાં ગામને પાદર આવીને રડ્યાં હતાં.. આજુબાજુ રઝળતા કૂતરાઓએ પણ એમના રુદનમાં સાથ આપ્યો હતો. પંખીઓ એમનો કલરવ ભૂલી ગયાં હોય એમ મૂંગાં મૂંગાં વૃક્ષની ડાળે સૂનમૂન બેઠાં હતાં, તો કદમખંડીમાં વિહાર કરતાં, કૂદકા મારતાં હરણાંઓના પગ

જમીન પર જડ થઈ ગયા હતા. જમનાવતા ગામને અડકીને વહ્યે જતાં જમુનાજીનાં જલમાં હંમેશનો ઘુઘવાટ, તરવરાટ નહોતો...ગામને પાદર પનઘટ પર જલ ભરવા આવતી ગોપીઓની પાયલનો રણકો, આંખોમાંનો ઉલ્લાસ અને ચહેરા પરનું સ્મિત વિલાઈ ગયાં હતાં.

આગલી સાંજે શયનનાં દર્શન વખતે દર્શનાથીઓના મુખમાંથી સવાલો ઊઠતા હતા -

"આજે શ્રી વિઠ્ઠલેશના ચહેરા પરનું શાંત, સ્નિગ્ધ મૌન ચિંતા પ્રેરતું લાગ્યું."

"ચહેરા પર વૃદ્ધાવસ્થાની અસર વધુ દેખાતી હતી."

"ગોસ્વામી બાળકો ગિરિધરજી અને ગોકુલનાથજીના ખભાનો સહારો લઈ આજે તો એમણે શયન આરતી કરી..."

"ખૂબ જ થાકેલા લાગતા હતા...."

ખુદ ગોવિંદસ્વામી ગિરિરાજજી પરથી ઊતરી રહ્યા હતા ત્યારે ગિરિધરજી અને ગોકુલનાથજીના સહારે નીચે ઊતરતા શ્રીગુસાંઈજીએ એમની સામે એમની કૃપાદૃષ્ટિ ફેંકી ત્યારે...એ દૃષ્ટિમાં - એ નજરમાં...અનંત યાત્રાની સફરે ઊપડનારા એમના વ્હાલસોયા ગુરુદેવ કેમ જાણે એમની આખરી વિદાય લેતા ન હોય એવો ભાવ એ દૃષ્ટિમાંથી પ્રગટતો હતો.

એ સાંજે પહેલી વખત - આટલાં વર્ષોમાં મુખારવિંદ પાસેની બેઠકજીમાં શ્રી વિઠ્ઠલેશજીની સાયં સત્સંગની બેઠક ન થઈ.

"કાકાજી...શરીરે અસ્વસ્થ છે... થાકેલા છે." - એવા ગિરિધરજીના શબ્દો સાંભળી વૈષ્ણવો ચિંતાગ્રસ્ત ચહેરે વીખરાઈ ગયા હતા.

ગોવિંદસ્વામી પણ એમના નિવાસસ્થાને વિષાદગ્રસ્ત ચહેરે એમની કુટિરમાં આવી સૂનમૂન કેટલીય પળો સુધી એમની કુટિરની બારીમાંથી દેખાતા ગિરિરાજજીના શિખરે બિરાજતા શ્રી ગોવર્ધનનાથજીની સામે જોતા રહ્યા.

આખી રાત પડખાં ઘસીને આંસુભીની આંખે, તડપતા હૈયે...વિષાદપૂર્ણ સ્વરોમાં "ગિરિરાજધરણ પ્રભુ તુમ્હારે શરણ"ના જાપમાં કાઢી.

સવારના શય્યાત્યાગ કરી, નિત્યકર્મથી પરવારી, એ મંગળાનાં દર્શન કરવા મંદિરે ગયા... શ્રીગુસાંઈજી શ્રી ગિરિધરજી અને શ્રી ગોકુલનાથજીના સહારે મંગળાની આરતી કરવા પધાર્યા હતા. ગોવિંદસ્વામીએ "મંગલા"ની ઝાંખી કરતાં પદ ઉપાડ્યું:

"પ્રાત સમય સ્યામા દર્પન લૈ અરસ પરસ મુખકમલ નિહારત ।
રજની જનિત રંગ સૂચિત, નિરખિ - નિરખિ ઉર નૈન સિરાવત ॥
સિથિલ સિંગાર વિચિત્ર બનાવત, ઠૌર ઠૌર રતિ ચિન્હ દુરાવત ।
"ગોવિંદ" સખી દેખિ દંપતિ, સુખ તન મન ધન યા છબિ પર વારત ॥

ગોવિંદસ્વામીનું પદ પૂરું થતાં જ શ્રીગુસાંઈજીએ એમના વેદનાગ્રસ્ત ચહેરા પર આનંદનું સ્મિત ફરકાવ્યું. ગોવિંદસ્વામીએ એમની નજીક સરી દંડવત્ કર્યા...

"ગોવિંદદાસ...આવી જ કીર્તનસેવા કરતા રહેજો...મારા વ્હાલા ગોવર્ધનનાથના સુખને સદા વિચારતા રહેજો...તમારી ભક્તિ, તમારો પુષ્ટિભાવ, તમારાં પદો, તમારું સંગીત સદાય મારા વ્હાલાનાં ચરણોમાં ગુંજતાં રહે... ગોવર્ધન...ચાલો, આપણા મુકામ તો પેલે પારના..." - ગોવિંદસ્વામી દંડવત્ કરતાં રડી પડ્યા - શ્રીગુસાંઈજીના "આપણા મુકામ તો પેલે પારના" એ શબ્દો સાંભળીને.

ગોવિંદસ્વામી રાજભોગનાં દર્શન કરવા પહોંચી ગયા...એ ગિરિરાજજી પર હળવા પગલે આરોહણ કરી રહ્યા હતા ત્યારે જ શ્રીગુસાંઈજીને પાલખીમાં - ચાર બાળકોના ખભાના ટેકાના સહારે ચડી રહ્યા હતા - ત્યારે ગોકુલનાથજી કહી રહ્યા હતા:

"ગોરધન ભૈયા...કાકાજીની શ્રી ગોવર્ધનધર પ્રત્યેની ભક્તિ, લાગણી, નિષ્ઠા અને સેવા અજોડ છે...શારીરિક પીડા સહીને પણ એ શ્રીજીબાવાની સેવાનો ક્રમ છોડતા નથી..."

"વલ્લભ...આ નિષ્ઠા, આ સેવા, આ ભક્તિ, આ પ્રેમ... સામાન્ય "જીવ" માટે કેટલાં પ્રેરણાદાયી છે! ગમે તેવા કપરા કાળમાં - આપત્તિના સમયમાં - શારીરિક રીતે સાવ ભાંગી ગયા હો તોપણ સેવા તો છોડવી જ નહીં... આ એક આદેશ, આદર્શ...ભાવના આ ઉંમરે કાકાજી એમના વૈષ્ણવો માટે મૂકતા જવાના..." - ગિરિધરજી બોલી ઊઠ્યા... ગોવિંદસ્વામીએ દર્શન કર્યાં... અદ્ભુત... દિવ્ય દર્શનની એમને ઝાંખી થઈ...વર્ષો પહેલાં...જ્યારે એ શ્રી વિઠ્ઠલેશજીના હાથે બ્રહ્મસંબંધ લઈ મંદિરમાં જે બાળલીલાના રસાત્મક સ્વરૂપનાં ઘડીકમાં શ્રી ગોસાંઈજી શ્રી ગોવર્ધનધરને પલનામાં ઝુલાવતા... તો બીજી ક્ષણે શ્રી ગોવર્ધનનાથજી શ્રીગુસાંઈજીને પલનામાં ઝુલાવતા હોય એવાં દર્શન થયાં અને મુખમાંથી પદ સરી પડ્યું:

"રે મન ભજ શ્રી વિઠ્ઠલનાથે ।
ઔર કુપંથ દેખિ જિન ભૂલૈ, કરત સુજનમ અકાથે ॥
જો ભવસાગર તરિવો ચાહે ધરિ પ્રભે કર માથે ।
"ગિરિધર ગોવિંદ" કે પ્રભુ કૌં ગાવૈ ગુનગુન ગાયે ॥

પદ પૂરું થતાં "ભવસાગર"ને તારી દેતું એ જ "પરમકૃપાળુ શ્રી વલ્લભનંદન"નું એ જ ઔદાર્યપૂર્ણ...સ્નેહાળ આંખોથી આશિષ વર્ષાવતું એ સ્મિત...

ઉત્થાપનનાં દર્શનનો... હેલો પડ્યો. શંખનાદ થયો.

ગોવિંદસ્વામી... ભૂખ્યા-તરસ્યા એમની દર્ભ-પથારીમાં શ્રીજીબાવાના શરણના જાપ જપતા સૂતા હતા ત્યાંથી હાંફળા-ફાંફળા ઊભા થઈ ગયા. આજનો શંખનાદનો અવાજ કાંઈક જુદો જ હતો...ઝડપથી કફની પહેરી, ખભે કેસરી ખેસ અને માથે કેસરી

પાઘડી પહેરીને - હાથમાં તંબૂર સાથે કુટિરની બહાર નીકળતાં પહેલાં એમણે એક નજર એમના રાચરચીલા સામે નાખી લીધી... કહાનબાઈ ફાટી આંખે ગોવિંદસ્વામીને ઝૂંપડીના ખૂણાઓને જોતા જોઈ એ ગભરાઈ ગઈ...

"અરે, ભૈયા... શું જુઓ છો?"

"કહાનબાઈ... અલવિદા... હળ્યામળ્યાના જુહાર...જનમજનમના જયશ્રીકૃષ્ણ મારી બેના... હું તો ચાલ્યો... મારા વલ્લભનંદન સાથે..." કહેતાં ગોવિંદસ્વામી એમની કદમખંડીમાંથી ઝડપભેર પર્વતની દિશામાં દોડી ગયા...

ધીમેધીમે - હળવા પગલે ગિરિરાજજીનું આરોહણ શરૂ કર્યું...અંતરમાંથી ગિરિરાજજીના ખોળેથી દડતા એકાદ ઝરણા જેવું પદ સરી પડ્યું:

"કહા કરી બૈકુંઠ જાઇ ।
જહાં નહીં બંસીબટ જમુનાગિરિ ગોવર્ધન નંદ કી ગાઇ ॥
જહાં નહીં એ કુંજલતા દ્રુમ, મન્દ સુગંધ બાજત નહિં બાઇ ।
કોકિલ, હંસ, મોર નહિં કૂજત, તાકૌ બસિવૌ કહા સુહાઇ ।
જહાં નહીં બંસી ધુનિ બાજત, કૃષ્ણ ન પુરબત અધર લગાઇ ॥
પ્રેમ પુલક રોમાંચય ઉપજત, મન ક્રમ બચનહિં આવત દાઇ ।
જહાં નહીં એ ભુવ વૃંદાવન બાબા નન્દ જસોમતિ માઇ ।
"ગોવિંદ" પ્રભુ તજિ નંદ ભુવન કૌં વ્રજતજિ વહાં વસતિ બલાઇ ॥

ગોવિંદસ્વામીની આગળ શ્રીગુસાંઈજી પાલખીમાં શ્રી ગિરિધરજી, શ્રી ગોકુલનાથજી, શ્રી બાલકૃષ્ણલાલજી અને શ્રી યદુરાયજીના ખભે બિરાજી, મંદિર તરફ જઈ રહ્યા હતા.

મંદિરમાં પ્રવેશતાં જ શ્રીગુસાંઈજી સાતેય બાળકોને વીંટળાઈને શ્રી ગોવર્ધનનાથજીના સાંનિધ્યમાં ખૂબ જ ક્ષીણ અવાજે - શ્રીજીબાવાનાં દર્શન કરતાં બાળકોને સંબોધીને બોલ્યા:

"ગોવર્ધન, ગોકુલેશ...તમે બધા એક વાત સાંભળી લ્યો:

આ શ્રી ગોવર્ધનનાથજી આપણા કુલદેવતા છે. આ ઝળહળતા જ્ઞાનના સૂર્યને ક્યારેય પીઠ ન દેશો. એને પીઠ દેશો તો કાળ તમને ભરખી જશે. મોજશોખ અને સંપ્રદાયના આંડબરી પ્રચાર દ્વારા શ્રીજીના નામે "સ્વજીવ" માટે ધન, માન, ઐશ્વર્ય બધું પ્રાપ્ત કરવામાં શ્રીજીનું સુખ ભૂલી જશો, તો મારો ગોવર્ધનનાથ તમને માફ નહીં કરે. બીજું, શ્રી મહાપ્રભુજીની આજ્ઞામાં ક્યાંય ચૂક ન આવવા દેતા. આપણા સમસ્ત પરિવારનો આશરો મારો ગોવર્ધનનાથ છે, લાડલેલાલ છે.. એ જિંદગીમાં ક્યારેય ભૂલશો નહીં.

કીર્તનઘરમાં ઊભેલા ગોવિંદસ્વામીને શ્રીગુસાંઈજીની વાણીમાં આવી રહેલી "કાલ"ના "કાળ"નાં - અનોખાં એંધાણ - ચિંતિત કરે - સંપ્રદાયના શ્રી વલ્લભ-દીક્ષિત

- શ્રીગુસાંઈજી સંવર્ધિત આદર્શોના પાયા હચમચાવી નાખે - "શ્રીજી"ને ભૂલી "સ્વ"ના કેન્દ્રમાં રમ્યા કરનારાઓના આગમનની આલબેલ સંભળાતી હતી...

ગોવિંદસ્વામીને થયું કે શ્રીગુસાંઈજી ત્રિકાળજ્ઞાની તો નહોતા ને? થોડા સમય પહેલાં "મુખારવિંદ" પાસેની સાંજની બેઠકોમાં પણ એ કાંઈક આવી જ કાળવાણી ઉચ્ચારી ચૂક્યા હતા...

"આપણા પુષ્ટિસંપ્રદાયના સાચી રીતના તત્ત્વ અને સત્ત્વનો પ્રભાવ ભૂતલ પર પાંચસો વર્ષ સુધી પડશે... અને પછી ધીમે ધીમે ધીમે..."સ્વ"ના કેન્દ્રમાં રાચતા દુન્યવી જીવોના હાથે જ આ ધર્મ...ધીમેધીમે કાળની ગર્તામાં સરી પડશે..."

આજની વાણીમાં એમના અગાઉનાં વચનામૃતોનો પડઘો પડતો હતો.

"ગોવર્ધન...મને 'મુખારવિંદ' ભણી લઈ ચાલો." - 'શયન'નાં દર્શનની અંતિમ ઝાંખી કરી શ્રીજીબાવાને દંડવત્ કરી શ્રીગુસાંઈજીએ ગિરિધરજીને આજ્ઞા કરી.

"કાકાજી..." - આજ્ઞાનો અર્થ સમજી જતાં ગિરિધરજી ભાંગી પડ્યા..

"વલ્લભ...વડીલબંધુને સંભાળો... મોહના આવરણમાંથી બહાર લાવો...અને મને 'મુખારવિંદ'નાં દર્શન કરવા લઈ ચાલો."

'મુખારવિંદ' પાસે પહોંચતાં જ પાલખીમાંથી સફાળા શ્રીગુસાંઈજી બાળકોની મદદ વગર ઊભા થઈ ગયા. "મુખારવિંદ"ને દંડવત કર્યા, સામેની તાતશ્રીની બેઠકને દંડવત કર્યા...સ્ફૂર્તિનો ચમકારો એમના સમગ્ર અંગમાં પ્રસરી ગયો. અને ધીમેધીમે સ્મિત-મઢ્યા ચહેરે, બન્ને હાથ જોડતા, બંધ આંખે શ્રીજીનું સ્મરણ કરતા શ્રીવિઠ્ઠલેશજી ગિરિકંદરામાં પધાર્યા...એમની પાછળ એમ જ સ્વસ્થતાથી...શ્રીગુસાંઈજીના પગલે પગલે... સૌના આશ્ચર્ય અને વ્યથા વચ્ચે ગોવિંદસ્વામી પણ ગિરિકંદરામાં પ્રવેશ્યા... એમને અટકાવવા બેત્રણ વૈષ્ણવોએ પ્રયાસ કર્યો, તો તેમનાં પદોને, ભક્તિને, નિષ્ઠાને સંપૂર્ણપણે જાણતા શ્રી ગોકુલનાથજીએ એમને અટકાવ્યા...અને બોલ્યા:

"ગોવિંદસ્વામીને જવા દો... એમની ગતિ.. એમનો પંથ...એ જ છે."

અને વાતાવરણમાંથી સૂરો ઊઠ્યા...

"રે મન ભજ શ્રી વિઠ્ઠલનાથ.."

(સમાપ્ત)

મહાપ્રભુજીની

૮૪ બેઠકોનું ચરિત્ર

પ્રો. શાંતિલાલ મહેતા

મહાપ્રભુજીની ૮૪ બેઠકોનું સુંદર ચરિત્રવર્ણન, બેઠકજીના પ્રાકટ્ય અને સ્વરૂપની સમજ, દરેક બેઠકની વિસ્તૃત માહિતી અને તેનું કથાચરિત્ર સુંદર ભાષામાં આપેલ છે. ઉપરાંત ગુંસાઇજીની ૨૮ બેઠકો, ગોકુલનાથજીની ૧૩, હરિરાયજીની ૭, ગિરધરજીની ૪ તથા અન્ય ગોસ્વામી બાળકોની બેઠકો અને ચરણચોકીઓના ચરિત્રો છે.

વૈષ્ણવોને પ્રિય બને અને દરરોજ દર્શન કરી શકે તેવા મંગળા, સિંગાર, રાજભોગ, ઉત્થાપન, સંધ્યા, આરતી અને શયનનાં સુંદર ભાવવાહી રંગીન ચિત્રો ઉપરાંત વૈષ્ણવ આચાર્યોનાં અસલ રંગીન ચિત્રો

૪૦૦ પાનાનો ગ્રંથ

પ્રવીણ પુસ્તક ભંડાર
લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.
ફોન : ૨૩૨૪૬૦/૨૩૪૬૦૨

પ્રવીણ પ્રકાશનના શ્રેષ્ઠ પ્રકાશનો

ભગવદ્ગોમંડલ ભા. ૧ થી ૯	ગુજરાતીનો મહાન જ્ઞાનકોશ	૪૦૦૦/-
ચંન્દ્રકાન્ત ૧-૨-૩	ઇચ્છારામ સૂ. દેસાઈ	૪૭૫/-
દ્વાદશ જ્યોતિર્લિંગ (બાર જ્યોતિર્લિંગનો સચિત્ર મહાન ગ્રંથ)		૬૦૦/-
પ્રવીણ સાગર	મહેરામણજી	૫૦૦/-
સિંહ દર્શન	ચંદ્રકાન્ત પટેલ	૪૫૦/-
વનસ્પતિશાસ્ત્ર	જયકૃષ્ણ ઇન્દ્રજી	૭૦૦/-
મેઘદૂતમ્ (પાંચ ભાષામાં)	મહાકવિ કાલિદાસ	૫૦૦/-
ભારતના આધ્યાત્મિક રહસ્યોની ખોજમાં	પોલ બ્રન્ટન	૧૩૫/-
આપણા પ્રતિનિધિ સારસ્વતો	ડૉ. રમેશ શુક્લ	૨૦૦/-
વિશ્વના મહાન વૈજ્ઞાનિકો	ડૉ. ભાયાણી	૩૦૦/-
ભારતના મહાન વૈજ્ઞાનિકો	ડૉ. ભાયાણી	૨૫૦/-
વિશ્વના મહાન ગણિતશાસ્ત્રીઓ	ડૉ. ભાયાણી	૩૫૦/-
ધર્મસિન્ધુ	(કર્મકાંડનો મહાન ગ્રંથ)	૨૦૦/-
સૌરાષ્ટ્રનો ઇતિહાસ	શંભુપ્રસાદ દેસાઈ	૨૦૦/-
પ્રાચીન ભૃગુસંહિતા	મહર્ષિ ભૃગુ	૩૦૦/-
પ્રભાતના પુષ્પો	વજુ કોટક	૧૨૫/-
શ્રીકાંત ૧ થી ૪	શરદબાબુ	૧૩૫/-
ગોરા ૧-૨	ટાગોર	૯૦/-
ગોદાન	પ્રેમચંદ	૭૨/-
દિવ્ય મંદિર મારા દેવના રે	જોરાવરસિંહ જાદવ	૨૦૦/-
પ્રવાસ-ભારતી	(પ્રવાસ માટે ખૂબ ઉપયોગી ગ્રંથ)	—
કલા-પાથેય (ચિત્રકલાનો ગ્રંથ)	કનુ નાયક	૧૫૦/-
નાચ્યો બહુત ગોપાલ	અમૃતલાલ નાગર	૧૨૭/-
ભારતનાં નારીરત્નો ભાગ ૧ થી ૪	શાંતિલાલ જાની	૨૧૫/-
આયુર્વેદની સોનેરી સિદ્ધિઓ	કાંતિભાઈ વૈદ્ય	૧૧૫/-
આઠોં જામ ખુમારી	અમૃત ઘાયલ	૩૫૦/-
યોગવિદ્યા	ભાણદેવ	૨૫૦/-
હોંકારો આપો તો કહું	રમેશ પારેખ	૧૫૦/-

પ્રવીણ પ્રકાશન, લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, રાજકોટ.